સંભવિત ત્રીજી લહેર માટે નક્કર આયોજન

મુખ્ય મંત્રી કિસાન સહાય યોજના

રસીકરણમાં ગુજરાતે મેળવી અવ્વલ સિદ્ધિ

વર્ષ : ૬૧ ■ અંક : ૧૨ ■ તા.૧૬-૬-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



# પ્રકૃતિના જતન અને સંવર્ધનનો સંકલ્પ

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

શિક્ષણ વિભાગ

ગુજરાત સરકાર





## ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે

### નિર્ણાયક સરકાર દ્વારા શિક્ષણ માટે એક વિશેષ પહેલ



# જ્ઞાનસેતુ

**(બ્રિજકોર્સ-ક્લાસ રેડીનેસ કાર્યક્રમ)**

## દૂરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર

## (સમય પત્રક)

| ધોરણ | સમય |
|---|---|
| ૩ | ૯:૦૦ થી ૯:૩૦ |
| ૪ | ૯:૩૦ થી ૧૦:૦૦ |
| ૫ | ૧૦:૦૦ થી ૧૦:૩૦ |
| ૬ | ૧૦:૩૦ થી ૧૧:૦૦ |
| ૭ | ૧૧:૩૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૧૨:૦૦ થી ૧૨:૩૦ |
| ૧૦ | ૧૨:૩૦ થી ૧૩:૦૦ |
| ૮ | ૧૪:૩૦ થી ૧૫:૦૦ |
| ૯ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ |
| ૧ | ૧૬:૩૦ થી ૧૭:૦૦ (બુધવાર અને ગુરુવાર સિવાય) |
| ૨ | ૧૭:૦૦ થી ૧૭:૩૦ |

- **૧૦ જુન ૨૦૨૧ થી ૧૦ જુલાઈ ૨૦૨૧ સુધીનો કાર્યક્રમ**
- વિદ્યાર્થીઓને ગત વર્ષમાં અધ્યયન થયેલ બાબતોની સમજ અને મહાવરો– બ્રિજકોર્સ કરાવવાનો વિશેષ કાર્યક્રમ
- ગત વર્ષોની અધ્યયન નિષ્પત્તિઓ તેમજ ચાલુ વર્ષના ધોરણ માટે જરૂરી બાબતો ધ્યાને લઇ જૂન ૨૦૨૧ થી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉપયોગી સાહિત્ય બ્રિજકોર્સ સ્વરૂપે
- ધોરણ ૧ માટે શાળા તત્પરતા, ધોરણ ૨ અને ૩ માટે વર્ગ તત્પરતા
- ધોરણ ૪ થી ૯ માટે ગુજરાતી, ગણિત અને અંગ્રેજી તેમજ ધોરણ ૧૦ માટે ગુજરાતી, ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન વિષયનો સમાવેશ
- રાજ્યની બધી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, KGBV, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ તેમજ આશ્રમશાળાના વિદ્યાર્થીઓને આ પુસ્તિકા પહોંચાડવાનું આયોજન
- સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ પરથી પણ આ સાહિત્ય ડાઉનલોડ કરી શકાશે
- **તા. ૧૦ જુનથી જ્ઞાનસેતુ કાર્યક્રમનું દૂરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર ચેનલ પરથી પ્રસારણ તેમજ બાયસેગની વંદે ગુજરાત ચેનલ પરથી પણ ધોરણવાર આ એપિસોડનું પ્રસારણ**
- આ એપિસોડનું વોટ્સએપ ગ્રુપ દ્વારા દરરોજ લિંક મોકલવાનું આયોજન
- ભારત સરકારના દીક્ષા પ્લેટફોર્મ તેમજ સમગ્ર શિક્ષા વેબસાઈટ WWW.SSA GUJARAT .ORG પરથી પણ એપિસોડ નિહાળી શકાશે
- આ અધ્યયન પ્રક્રિયામાં શિક્ષકમિત્રો દ્વારા બાળકોને નિયમિત માર્ગદર્શન આપવામાં આવશે

**Gujarat**
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ■ Issue : 12 ■ Date 16-6-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.


આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- રાજ્ય સરકાર પર્યાવરણ રક્ષા માટે પવન અને સૌર ઊર્જા ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.
- આ વર્ષે કોરોના કાળમાં ભરતી પ્રક્રિયા ફેઇસ લેસ-પેપર લેસ ઢબે કરીને શિક્ષણ વિભાગે પારદર્શિતાનું ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે.
- એસ.ટી. નિગમની સેવાઓ કોમર્શિયલ ગતિવિધિ માટે નહિ, જનસેવા માટે છે.
- એસ.ટી. નિગમે સમયાનુકૂલ પરિવર્તન સાથે વોલ્વો-સ્લીપર કોચ, GPS સુવિધાસજ્જ બસ સેવાઓ યાતાયાતમાં મૂકી છે.
- ગુજરાતનું બાળક વિશ્વના પડકારો ઝીલવા તૈયાર થાય એવો રાજ્ય સરકારનો અભિગમ છે.
- રાજ્યની શાળાઓ, શિક્ષકો અને ૧ કરોડ વિદ્યાર્થીઓના વિશાળ માળખાની દેખરેખ માટે અત્યાધુનિક ટેકનોલોજીયુક્ત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 પરિણામલક્ષી બની રહેશે.
- અસંગઠિત ક્ષેત્રના ૮૨ ટકા શ્રમિકોનું યોગદાન-પરિશ્રમનો પરસેવો રાષ્ટ્ર-રાજ્યની વિકાસ યાત્રામાં મહત્ત્વપૂર્ણ છે.
- 'શ્રમ એવ જયતે'નો પ્રધાનમંત્રીશ્રીનો મંત્ર સાકાર કરી ગુજરાતે શ્રમિક વર્ગોના કલ્યાણ માટે તેમના પરિવારની હંમેશા ચિંતા કરી છે.
- પ્રધાનમંત્રીશ્રીના ''આત્મનિર્ભર ભારત'' સંકલ્પને પૂર્ણ કરવામાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.
- FDI-ઓટોમોબાઇલ-કેમિકલ્સ-ફાર્માસ્યુટિકલ-ટેક્સટાઇલ-રિન્યૂએબલ એનર્જીનાં ક્ષેત્રોમાં ગુજરાત અગ્રિમ હરોળમાં છે.
- નાના-મધ્યમ MSME ઉદ્યોગો પણ રાજ્યની વિકાસયાત્રાના ભાગીદાર બને તેના પર રાજ્ય સરકારે ફોકસ કર્યું છે.
- સત્તાના વિકેન્દ્રીકરણથી સ્થાનિક વિકાસ કામોના નિર્ણયોમાં ગતિ આવી છે.
- પંચાયત ભવનો સ્થાનિક સ્વરાજ્ય-પંચાયતી રાજના મંદિર સમાન છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)




**12 કવર સ્ટોરી**
વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્યવ્યાપી ઉજવણી
**પ્રકૃતિના જતન અને સંવર્ધનનો સંકલ્પ**

**6 સહાય**
સાગરખેડૂઓને રૂ.૧૦૫ કરોડનું રાહત પેકેજ

**8 રજૂઆત**
રાજ્ય સરકારની રૂ. ૯૮૩૬ કરોડની સહાય માટે કેન્દ્રને રજૂઆત

**સંવાદ**
9 વાવાઝોડા પ્રભાવિત જિલ્લાના કલેક્ટરો સાથે C.M. નો સંવાદ
10 બાગાયતી પાકોના રક્ષણ માટે કૃષિ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન

**18 જનસુખાકારી**
મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાથી પાક નુકસાનનું વળતર મળશે

19 મોરબીના જિલ્લા પંચાયત ભવનનું ઈ-લોકાર્પણ
20 I.O.C.વડોદરામાં ૬ નવા પ્રોજેક્ટસ સ્થાપશે

**22 વિશેષ**

**23 ગૌરવ**

**26 સ્પેશિયલ સ્ટોરી**
કોરોના સંક્રમણને રોકનારૂં અને ઈકોનોમીને પણ બચાવનારૂં અસરકારક ગુજરાત મોડેલ

**33 નિર્ણય**

**40 ડિજિટલ ક્રાંતિ**
અસંગઠિત ક્ષેત્ર-બાંધકામ શ્રમિકોની નોંધણી હવે ઓનલાઇન

41 કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરથી શાળાઓનું મોનિટરિંગ થશે

**42 આસપાસ**

**44 સમાચાર વિશેષ**

**46 કૃષિ ક્રાંતિ**
ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં કેરીનું મબલખ ઉત્પાદન મેળવતા શિક્ષક - મહેન્દ્ર વેકરિયા

47 પ્રાકૃતિક ખેતી થકી ખારેકનું મબલખ ઉત્પાદન કરતા ડો. રમેશભાઈ - નરેશ મહેતા

**49 શિક્ષણનો ઉજાસ**
ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની નિમણૂંક






**28 સુવિધા**
કોરોના કાળમાં રાજ્ય એસ.ટી. નિગમ બન્યું લોકસેવાનું માધ્યમ





**48 સાફલ્યગાથા**
કોરોના કાળમાં ૭૧ વર્ષના નર્સ જૈમિનીબહેન દ્વારા થતી દર્દીનારાયણની સેવા - દર્શન ત્રિવેદી


**50 પ્રેરણા**
વૃક્ષોના જતનથી ખંભાળિયાને ગ્રીન રાખતાં મહિલા PSI - એચ. એ. ગોજિયા



# ગુજરાતના પ્રચંડ પુરૂષાર્થ સામે
# કોરોનાની બીજી લહેર લાંબુ ન ટકી શકી

સામાન્ય રીતે આપત્તિમાં વ્યક્તિ અને પ્રદેશના ખમીરની સાચી ઓળખ થતી હોય છે એ વાત આપણે સૌ જાણીએ છીએ. ગુજરાત પ્રદેશના ખમીર અને ઝમીરની ઓળખ લોકોને ત્યારે થઈ જ્યારે એક બાજુ રાજ્ય કોરોના મહામારી સામે પૂરી તાકાતથી લડી રહ્યુ હતુ અને કોરોનાની બીજી લહેરનો કહેર ચાલુ હતો, ત્યારે બીજી બાજુ 'તાઉતે' વાવાઝોડાએ ઉત્પાત મચાવ્યો. ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને ગુજરાતની પ્રજા આ બે મહાભયાનક વિપદા સામે પણ ન ડરી કે ન ડગી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની નિર્ણાયક સરકારનો જન આરોગ્ય સુરક્ષા માટેની પ્રતિબદ્ધતાનો પરિચય સમસ્ત ગુજરાતને વધુ એકવાર કોરોનાની બીજી લહેર દરમિયાન થયો.

12 જૂન સુધીમાં બે કરોડ ઉપરાંત લોકોને રસી આપીને કોરોના સામે બાથ ભીડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યુ છે. કોરોનાની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઇને મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની સંવેદનશીલ સરકારે મા કાર્ડની મુદત વધારી 31.7.2021 સુધી લંબાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

કોરોનાની બીજી લહેરના આ પ્રકોપ સામે ગજબની સંકલ્પ શક્તિ સાથે સમગ્ર ગુજરાત ફરી એ જ ગતિશીલતા સાથે ઉભરી આવ્યું છે. WHO એ પણ ગુજરાત સરકારની કોવિડના સંક્રમણને નાથવાની કામગીરીના પ્રયાસોની ભરપેટ સરાહના કરી છે. કોરોના સામે મક્કમ લડાઈની સાથે સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના શિક્ષિત અને દિક્ષિત ભાવિ ગુજરાત માટે શાળા શિક્ષણ ક્ષેત્રે નવતર પહેલના શ્રી ગણેશ થયાં. છેવાડાના ગામની શાળાના વર્ગખંડના વિદ્યાર્થીની ઓનલાઇન હાજરી, પરીક્ષા, અભ્યાસ મોનિટરિંગ માટે અદ્યતન ટેકનોલોજિયુક્ત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 ગુજરાતના શિક્ષણ જગતમાં વધુ એક યશકલગી બની જશે.

ગુજરાત સ્ટુડન્ટ હોલિસ્ટીક એડેપ્ટીવ લર્નીંગ એપનો પ્રારંભ કરીને કોરોના કાળમાં વિદ્યાર્થીઓના અભ્યાસની સતત ચિંતા કરવામાં આવી છે. સૌ કોઈ ગુજરાતીને ગૌરવ લેવા જેવી ઘટના એ પણ બની કે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે રાજ્યોને સ્કૂલ શિક્ષણ વ્યવસ્થાના દેખાવ માટે જે ગ્રેડીંગ ઈન્ડેક્ષ 2019-20 અપાય છે તેમાં ગુજરાતે A+ ગ્રેડ મેળવ્યો છે.

આદિવાસી બાંધવોના સર્વાંગી ઉત્કર્ષ માટે આદિજાતિ વિસ્તારના વાત્રક જળાશય આધારિત મેઘરજ, માલપુર તાલુકાને હરિયાળા બનાવવા માટેની રૂ.૧૧૭ કરોડની ઉદવહન સિંચાઇ યોજનાને અનુમતિ મળતા આ વિસ્તારના વિકાસને નવી દિશા મળી છે. રાજ્યમાં ૯ મીટર સુધીની ઊંચાઇ ધરાવતા મકાનોમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓએ ફાયર સેફ્ટીમાં NOC લેવા માટે દોડાદોડી કરવી પડશે નહી. આવી શૈક્ષણિક સંસ્થાઓ સ્વપ્રમાણિત NOC કરી શકશે. આ પ્રકારની નિર્ણાયકતાની સરાહના કરવી જ રહી.

રાજ્ય સરકારનો સરકારી લાઈબ્રેરીઓને સ્માર્ટ લાઈબ્રેરી તરીકે વિકસાવવાનો નિર્ણય શિક્ષિત અને દિક્ષીત ગુજરાત બનાવવાની દિશામાં વધુ એક આગેકદમ છે.

૧૬ એસ.ટી. ડિવીઝન-૧૨૫ બસ ડેપો-૧૩૫ બસમથકો અને ૧૫૫૪ પીક અપ સ્ટેન્ડ દ્વારા ૮૫૦૦ બસના માધ્યમથી ૭૫૦૦ શેડયુલ દ્વારા રોજના ૨૫ લાખ ગુર્જર બાંધવોને એસ.ટી. બસની સુવિધા દ્વારા પરિવહન વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. એ જ બતાવી આપે છે કે પ્રગતિશીલ અને નિર્ણાયક ગુજરાતની વિકાસ માટેની પ્રતિબદ્ધતા હંમેશા અગ્રસ્થાને રહી છે.

ગુજરાત એક એવુ રાજ્ય છે કે મુશ્કેલી સામે અડિખમ ઊભું રહીને વિકાસની રાહને ક્યારેય આંખ આગળથી ઓઝલ થવા દેતુ નથી. તાઉ-તે અને કોરોનાની બીજી લહેરમાં પણ ગુજરાતે તેની વિકાસ યાત્રાને સતત જાળવી રાખી છે. ગુજરાત પાક્ષિકના આ અંકમાં છેલ્લા ૧૫ દિવસમાં ગુજરાતે કરેલા પ્રચંડ પુરુષાર્થની વિકાસ ગાથા પ્રસ્તુત કરવામાં આવી છે.

જય જય ગરવી ગુજરાત...

**- અશોક કાલરીયા**



# વાવાઝોડામાં સાગરખેડૂઓને થયેલા નુક્સાન સામે રાજ્યના ઇતિહાસમાં સૌ પ્રથમવાર રૂ.૧૦૫ કરોડનું રાહત પેકેજ

ભારતનો સૌથી લાંબો સમુદ્રકિનારો ધરાવતા ગુજરાતમાં પોરબંદરથી ઉમરગામ સુધીની દરિયાઇ પટ્ટીમાં નાનાં-મોટાં મત્સ્યબંદરો પરથી અનેક સાગરખેડુ પરિવારો દરિયો ખેડીને માછલી-જિંગા જેવાં મત્સ્ય ઉત્પાદનો મેળવી તેના વેચાણથી પોતાની આજીવિકા રળીને નિર્વાહ કરતા રહ્યા છે.

તાજેતરમાં આવેલા વિનાશક તાઉતે વાવાઝોડાએ આવા સાગરખેડુ ભાઇઓની મત્સ્ય હોડીઓ, ફાઇબર બોટ અને ટ્રોલર તેમજ માછીમારે પરિવારોનાં કાચાં-પાકાં મકાનો, બંદર પર બોટ લાંગરવાની સુવિધા-જેટી અને અન્ય માળખાકીય સગવડોને નુક્સાન કર્યું છે. રાજ્ય સરકાર સાગરખેડુ પરિવારોની આ વેદનામાં પૂરી સંવેદનાથી સહભાગી બનીને તેમને ફરી બેઠા કરવા, દરિયો ખેડી મત્સ્યપ્રવૃતિ દ્વારા આર્થિક આધાર મેળવતા કરવા સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને તેના પરિણામે આ રૂપિયા ૧૦૫ કરોડનું સર્વગ્રાહી રાહત પેકેજ આપત્તિગ્રસ્ત માછીમાર પરિવારો માટે જાહેર કર્યું છે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકે રાજ્યમાં તાજેતરમાં તાઉતે વાવાઝોડાને કારણે ખેતી-બાગાયતી પાકો ઉપરાંત દરિયાકિનારાના સાગરખેડુ-માછીમારોને થયેલા વ્યાપક નુક્સાનમાંથી તેમને પુનઃબેઠાં કરવા અને મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિમાં પૂર્વવત્ કરવાના હેતુથી સર્વગ્રાહી સમીક્ષા કરીને રૂપિયા ૧૦૫ કરોડનું ઉદારતમ રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડા અને મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર અને વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં મત્સ્યોદ્યોગ અને પશુપાલન સચિવ શ્રી નલિન ઉપાધ્યાય અને કમિશનરશ્રી ડી.પી.દેસાઇએ આ કોર કમિટીમાં રજૂ કરેલા વિસ્તૃત પ્રેઝન્ટેશનની વિવિધ બાબતોનો અભ્યાસ કરીને આ ઉદારતમ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ રાહત સહાય પેકેજની વિગતો આપતાં કહ્યું કે, સાગરખેડુ-માછીમારોને તાઉતે વાવાઝોડાથી થયેલા વ્યાપક નુક્સાનમાંથી પુનઃબેઠા કરવા અને પૂર્વવત્ કરવાની સંપૂર્ણ સંવેદનાથી રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર આટલું વિશાળ ૧૦૫ કરોડ રૂપિયાનું ઉદારતમ પેકેજ સરકારે જાહેર કર્યું છે. તાજેતરમાં ગુજરાતના ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલાં બંદરો જાફરાબાદ, રાજુલા, સૈયદરાજપરા, શિયાળબેટ, નવાબંદર સહિતનાં બંદરોને ધમરોળીને કલાકના ૨૨૦ કિ.મિ.ની ઝડપે ત્રાટકેલા તાઉતે વાવાઝોડાથી દરિયો પણ તોફાની થયો હતો.આના પરિણામે માછીમારોની ફિશિંગ બોટ, મોટા ટ્રોલર, હોડીઓ, ફિશનેટ-જાળ સહિત અમુક કિસ્સાઓમાં મત્સ્યબંદરની માળખાકીય સુવિધાઓને પણ મોટાપાયે નુક્સાન થયું હોવાનો અંદાજ સામે આવ્યો છે.

રાજ્ય સરકારે તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત થયેલા ખેતીપાકો, બાગાયતી પાકો તેમજ મકાનોને થયેલી નુક્સાનીનો સર્વે ત્વરાએ હાથ ધરીને અસરગ્રસ્તોને કેશડોલ્સ, ઘરવખરી સહાય ૧૦૦ ટકા ચૂકવી આપી છે.એટલું જ નહીં, બાગાયતી પાકોના નુક્સાનમાંથી ખેડૂતોને બેઠાં કરી અને પડી ગયેલાં, નમી ગયેલાં, ઊખડી ગયેલાં ફળાઉ પાકોના ઝાડ પુનઃજીવિત કરવા સહિતના લાભો આપવાના હેતુસર રૂપિયા ૫૦૦ કરોડનું વાવાઝોડા રાહત સહાય પેકેજ અગાઉ જાહેર કરેલું છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ માછીમાર પરિવારો પર તાઉતે વાવાઝોડાના કારણે આવેલી આ વિપદામાં પડખે ઊભા રહેવાની સંપૂર્ણ સંવેદના સાથે આ રાહત પેકેજ જાહેર કર્યું છે. જેમાં ૨૫ કરોડ રૂપિયા સાગરખેડુ-માછીમારોની બોટ, ટ્રોલર, ફિશિંગનેટ વગેરેને થયેલા નુક્સાન રાહત પેટે તેમ જ ૮૦ કરોડ રૂપિયા મત્સ્યબંદરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુક્સાનની મરામત માટે મળીને કુલ રૂપિયા ૧૦૫ કરોડનું આ પેકેજ છે.

## રાહત-સહાય પેકેજની ધ્યાનાકર્ષક બાબતો

- બોટ જાળ/સાધન-સામગ્રીને થયેલા નુક્સાન સામે સહાય પેટે થયેલા નુક્સાનના ૫૦ ટકા અથવા રૂ. ૩૫,૦૦૦ સુધી સહાય બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે.

- અંશતઃ નુકસાન પામેલ નાની બોટના કિસ્સામાં ૫૦% અથવા રૂ. ૩૫,૦૦૦ સહાય બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે.
- જો નાની બોટ પૂર્ણ નુકસાન પામી હશે તો આવી બોટની કિંમતના ૫૦% અથવા રૂ. ૭૫,૦૦૦ બેમાંથી જે ઓછું હોય તે આપવામાં આવશે.
- અંશતઃ નુકસાન પામેલ ટ્રોલર, ડોલનેટર, ગીલનેટર બોટના કિસ્સામાં ૫૦% અથવા રૂ. ૨ લાખ બેમાંથી જે ઓછું હોય તે ઉચ્ચક સહાય અપાશે.
- આ ઉપરાંત રૂપિયા પાંચ લાખ સુધીની લોન કોઈ માછીમાર લે તો તેના પર ૧૦ ટકા સુધીની વ્યાજ સહાય ૨ વર્ષ માટે ઘટતી જતી બાકી રકમ પર રાજ્ય સરકાર આપશે
- પૂર્ણ નુકસાન પામેલ ટ્રોલર, ડોલનેટર, ગીલનેટર બોટના કિસ્સામાં તેની કિંમતના ૫૦ ટકા અથવા રૂપિયા પાંચ લાખ બેમાંથી જે ઓછું હશે તે રાજ્ય સરકાર ઉચ્ચક આપશે.
- આ ઉપરાંત રૂપિયા ૧૦ લાખ સુધીની લોન પર ૧૦ ટકા સુધીની વ્યાજ સહાય ૨ વર્ષ માટે ઘટતી જતી બાકી રકમ પર રાજ્ય સરકાર આપશે.
- ઈનપુટ સબસિડી મત્સ્ય બીજ, ફીડ, સાધન સામગ્રી માટે હેક્ટર દીઠ રૂપિયા ૮૨૦૦ પ્રમાણે સહાય અપાશે.

## અન્ય વિશેષતાઓ

- નુકસાન પામેલ બોટના ખલાસીઓને જીવનનિર્વાહ માટે ખલાસી દીઠ ઉચ્ચક રૂ. ૨૦૦૦ની સહાય ખલાસીઓના ખાતામાં સીધા DBTથી ચૂકવવામાં આવશે.
- જો માછીમારો અંશત: નુકસાન પામેલ મોટી બોટની મરામત માટે રૂ. ૫ લાખ સુધીની બેંક લોન મેળવે તો તેના પર વાર્ષિક ૧૦% સુધીની વ્યાજ સહાય બે વર્ષ માટે રાજ્ય સરકાર ચૂકવશે.
- તે જ રીતે પૂર્ણ નુકસાન પામેલી મોટી બોટની મરામત માટે રૂ. ૧૦ લાખ સુધીની બેંક લોન માછીમારો દ્વારા મેળવવામાં આવે તો તેના પર વાર્ષિક ૧૦% સુધીની વ્યાજ સહાય બે વર્ષ માટે રાજ્ય સરકાર ચૂકવશે.

આમ, તાઉતે વાવાઝોડાના કારણે રાજ્યમાં આશરે ૧૦૦૦ નાની મોટી બોટને થયેલા નુકસાન સામે રાજ્ય સરકાર રૂ. ૧૦૫ કરોડના સહાય પેકેજમાં સૂચવેલા ધારાધોરણ અનુસાર માછીમારોને રૂપિયા ૨૫ કરોડ સહાય ચૂકવશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે, તાઉતે વાવાઝોડા દરમ્યાન દરિયાકાઠાનાં કેટલાંક બંદરોની માળખાકીય સુવિધાઓને થયેલા નુકસાનની મરામત અને નવીનીકરણ માટે પણ આ પેકેજમાં વિચાર કરવામાં આવ્યો છે.

તદઅનુસાર રાજ્યના દરિયાકાંઠાના જાફરાબાદ, નવાબંદર, સૈયદ રાજપરા અને શિયાળબેટ ખાતેનાં મત્સ્ય બંદરોને મોટા પાયે થયેલા નુકસાનની મરામત તથા નવીનીકરણ માટે સહાય પેકેજમાં જે જોગવાઇઓ કરવામાં આવી છે તે આ મુજબ છે.

## જાફરાબાદ

- હયાત જેટીનું વિસ્તરણ કરી ૫૦૦મી. લંબાઈની નવી જેટી બનાવવી.
- બ્રેક વોટરની દુરસ્તી.
- લાલબત્તી વિસ્તારમાં વાર્ફ વોલ સાથેની પાર્કિંગ સુવિધા ઊભી કરવી.
- ટી-જેટી વિસ્તારમાં પાર્કિંગ સુવિધા ઊભી કરવી.
- હયાત જેટીની સરફેસમાં તેમજ ઈલેક્ટ્રિક સુવિધાઓને(હાઈ માસ્ટ ટાવર) થયેલ નુકસાનની મરામત

## શિયાળબેટ

- નુકસાન થયેલ જેટીની દુરસ્તી તથા વિસ્તરણ.
- ઈલેક્ટ્રિક સુવિધાઓને(હાઈ માસ્ટ ટાવર) થયેલ નુકસાનની મરામત.

## સૈયદ રાજપરા

- વાર્ફ વોલ અને સ્લોપ પિચિંગને થયેલ નુકસાનની મરામત અને મજબૂતીકરણ.
- ઈલેક્ટ્રિક સુવિધાઓને(હાઈ માસ્ટ ટાવર) થયેલ નુકસાનની મરામત.

## નવાબંદર

- જેટી, બોલાર્ડ અને સ્લોપ પિચિંગને થયેલ નુકસાનની મરામત અને મજબૂતીકરણ.
- ઈલેક્ટ્રીક સુવિધાઓને(હાઈ માસ્ટ ટાવર) થયેલ નુકસાનની મરામત.
- મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ઉપર ડિસિલ્ટેશનની કામગીરી માટે પણ રાજ્ય સરકાર સહાય કરશે.

રાજ્ય સરકારે જાહેર કરેલા કુલ ૧૦૫ કરોડ રૂપિયાના રાહત સહાય પેકેજમાંથી તાઉતે વાવાઝોડાના કારણે માળખાકીય સુવિધાઓને થયેલા નુક્સાનમાંથી માળખાકીય સુવિધા પુન: કાર્યરત કરવા અને સુવિધાઓનું વિસ્તરણ કરવા તથા મજબૂતીકરણ માટે રૂ. ૮૦ કરોડનો ખર્ચ થશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, સાગરખેડૂ-માછીમારોને તાઉતે વાવાઝોડાના પરિણામે જે નુક્સાન સહન કરવાનું આવ્યું છે તેમાંથી બેઠા કરી મત્સ્યદ્યોગ પ્રવૃત્તિઓમાં પૂર્વવત કરવા અને માછીમારી દ્વારા આર્થિક આધાર મેળવવામાં આ પેકેજ મોટી રાહતરૂપ બનશે. ●

# વિનાશક તાઉતે વાવાઝોડાથી ગુજરાતમાં થયેલી તબાહીમાંથી પુનઃ બેઠા થવા
# રાજ્ય સરકારની રૂ. ૯૮૩૬ કરોડની સહાય માટે કેન્દ્રને રજૂઆત

ગુજરાતમાં તાજેતરમાં તા.૧૭મી મેના રોજ ત્રાટકેલા વિનાશક વાવાઝોડા તાઉતેથી ઊભી થયેલી પરિસ્થિતિ અને નુકસાનીમાંથી પૂર્વવત્ થવા પુનર્વસન કામો, માળખાકીય સુવિધાનાં કામો વગેરે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ NDRF અંતર્ગત કુલ રૂ. ૯૮૩૬ કરોડની જરૂરિયાત અંગેનું મેમોરેન્ડમ-આવેદનપત્ર રજૂ કર્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના વરિષ્ઠ સચિવોએ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમના નેતૃત્વમાં નુકસાની સામે પૂર્વવત્ સ્થિતિ માટે આ કેન્દ્રીય સહાયની જરૂરિયાત અંગે આ આવેદનપત્રમાં વિસ્તારપૂર્વક રજૂઆતો કરી છે.

વાવાઝોડાની ભારે વિનાશક અસરોથી રાજ્યમાં થયેલા કુલ નુકસાન સામે એન.ડી.આર.એફ.ના ધોરણે સહાય કેન્દ્ર સરકાર કરે તેવી ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે. આ આવેદનપત્ર-મેમોરેન્ડમમાં રાજ્યમાં તાઉતે વાવાઝોડાથી વિવિધ ક્ષેત્રોમાં થયેલા વ્યાપક નુકસાન સામે ભારત સરકાર પાસે NDRFના ધોરણે રૂ. ૯૮૩૬ કરોડની સહાયની અપેક્ષા વ્યકત કરી છે. રાજ્ય સરકારે આ સંદર્ભમાં આવેદનપત્રમાં જણાવ્યું છે કે, રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધી આવેલા વાવાઝોડા કરતાં આ તાઉતે વાવાઝોડું વિકરાળ અને વિનાશક વાવાઝોડું હતું. એટલું જ નહિ, ગુજરાત પર ત્રાટકેલા આ વાવાઝોડાની તીવ્રતા એટલી હતી કે, વાવાઝોડાએ જતાં જતાં પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં મકાનો, આવશ્યક ચીજવસ્તુઓ પાણી, વીજળી, રસ્તા, મોબાઇલ નેટવર્ક જેવી માળખાકીય સુવિધાઓને પણ વ્યાપક નુકસાન પહોચાડયું છે.



૨૨૦ કિ.મિ. પ્રતિ કલાકની ઝડપે પવન સાથેના આ તીવ્ર વાવાઝોડાએ બાગાયતી પાકોનાં વૃક્ષો અને ખેતી પાકોનાં ઝાડ-વૃક્ષ મૂળ સાથે ઉખેડી નાખ્યાં છે. સમગ્ર જનજીવનને પણ અસર પહોચાડી છે તેમ આ મેમોરેન્ડમમાં ખેતીવાડી-બાગાયતી ક્ષેત્રના નુકસાનમાંથી પૂર્વવત્ થવા કેન્દ્રીય સહાયની જરૂરિયાત રાજ્ય સરકારને રહેશે તેવી રજૂઆત કરતાં જણાવવામાં આવ્યું છે. ગુજરાત ૧૬૦૦ કિ.મિ. લાંબો દરિયાકિનારો અને કચ્છના રણ જેવી ભૌગોલિક વિશેષતા ધરાવતો પ્રદેશ હોવાથી આવા કુદરતી પ્રકોપ જેવા વાવાઝોડાનો ભૂતકાળમાં પણ અનુભવ કરી ચૂકયું છે.

આ તાઉતે વાવાઝોડું રાજ્યમાં પાછલાં ૫૦ વર્ષમાં આવેલા કોઈપણ વાવાઝોડાથી વધુ તીવ્ર અને માલ-મિલ્કતની વ્યાપક તારાજી સર્જનારૂં વાવાઝોડું બની ગયું છે એમ પણ મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે.

ગુજરાતમાં આ અગાઉ ૧૯૭૫, ૧૯૮૨ અને ૧૯૯૮માં જે વાવાઝોડાં આવ્યાં હતાં તે આ વખતના વિનાશકારી તાઉતે વાવાઝોડાની તુલનાએ ઘણી ઓછી તીવ્રતા અને અસરવાળા હતાં એમ મેમોરેન્ડમમાં રાજ્યની વાવાઝોડાની સ્થિતિનું વિવરણ કરતાં જણાવવામાં આવેલું છે. કેન્દ્ર સરકાર સમક્ષ રજૂ કરવામાં આવેલા ગુજરાતના આ મેમોરેન્ડમમાં તાઉતે વાવાઝોડાએ સર્જેલી તારાજીનો ચિતાર પણ આપવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના સતત માર્ગદર્શનમાં સમગ્ર વહીવટીતંત્રએ અગમચેતી, સમયસરના રક્ષણાત્મક પગલાંઓ, લોકોનું સલામત સ્થળે સ્થળાંતર વગેરે યુદ્ધના ધોરણે હાથ ધરતાં અને જાગૃત જનતાનો સહયોગ મળતાં આ વાવાઝોડાથી માનવ મૃત્યુનું પ્રમાણ મહદ્અંશે નિવારી શકાયું છે તેમ પણ આ મેમોરેન્ડમમાં રાજ્ય સરકારે વાવાઝોડાની સામે પૂર્વતૈયારીઓ અને દાખવેલી સતર્કતાની વિગતો આપતાં જણાવ્યું છે.

રાજ્યમાં હવાઈપટ્ટીઓ, વીજ, સિંચાઈ અને જળવિતરણ સહિતના આંતરમાળખાને ભારે નુકસાન પહોંચ્યું છે. કૃષિ અને પાક વાવેતરમાં પણ મોટું નુકસાન થયું છે અને અસરગ્રસ્ત વિવિધ જિલ્લાઓમાં પશુધનની મોટાપાયે જાનહાનિ થવા પામી છે. પશુપાલન સબંધિત પ્રવૃત્તિઓને ભારે ફટકો પડ્યો છે. એમ પણ આ મેમોરેન્ડમમાં જણાવવામાં આવ્યું છે. કેન્દ્રીય સહાય માટે કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારે રજુ કરેલા આ મેમોરેન્ડમમાં જુદા-જુદા સેક્ટરમાં જે નુકસાન થયું છે તેની પણ વિસ્તૃત વિગતો આ અહેવાલમાં રજુ કરવામાં આવી છે તે અનુસાર, કૃષિ અને બાગાયતી વિભાગ, ઊર્જા વિભાગ, ઉદ્યોગ વિભાગ, મેરિટાઇમ બોર્ડ, પંચાયત, પાણી પુરવઠો, માર્ગ-મકાન, મત્સ્યોદ્યોગ, વન, શહેરી વિકાસ, શિક્ષણ વગેરે વિભાગોના નુકસાન મળીને કુલ ૯૮૩૬ કરોડ રૂપિયાની આ નુકસાનમાંથી પૂર્વવત થવા ગુજરાતને જરૂરિયાત હોવાના અંદાજો કેન્દ્ર સમક્ષના આવેદનપત્રમાં આપવામાં આવ્યા છે.

આ સહાય ભારત સરકાર NDRFમાંથી ગુજરાતને ફાળવે તેવી આગ્રહભરી વિનંતી પણ કરવામાં આવી છે.એટલું જ નહિ, રાજ્ય સરકારે SDRF માટે પણ રૂ. ૫૦૦ કરોડની વધારાની સહાયની માંગણી કરી છે. ●

# તાઉતે વાવાઝોડાથી વધુ પ્રભાવિત જિલ્લાના કલેક્ટરો સાથે મુખ્યમંત્રીશ્રીની વીડિયો કોન્ફરન્સ

ગુજરાતમાં કોરોનાના કહેરની સાથે તાઉ-તે વાવાઝોડાએ પણ લોકોને મુશ્કેલીમાં મૂકી દીધા.આ મુશ્કેલીના સમયમાં રાજ્ય સરકાર ખડે પગે તૈનાત રહી. સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ત્વરિત પગલાં લીધાં પરિણામે મોટી જાનહાનિમાંથી ગુજરાત ઊગરી શક્યું. મુખ્યમંત્રીશ્રીએ તાજેતરના તાઉતે વાવાઝોડાથી વધુ પ્રભાવિત સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લા ગીર સોમનાથ, ભાવનગર અને અમરેલીમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અસરગ્રસ્તોને અપાઇ રહેલી સહાય અને અન્ય રિસ્ટોરેશન કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરથી આ જિલ્લાના કલેકટરશ્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ જિલ્લાઓમાં અસરગ્રસ્ત પરિવારો અને વ્યક્તિઓને કેશડોલ્સ તેમજ ઘરવખરી સહાયની ત્વરાએ ચુકવણીની હાથ ધરાઈ રહેલી કામગીરીની તલસ્પર્શી વિગતો કલેકટરો પાસેથી મેળવી હતી. આ ત્રણેય જિલ્લાઓમાં કુલ મળીને ૪,૮૨,૧૯૨ લોકોને સમગ્રતયા રૂ. ૨૫.૬૧ કરોડની કેશડોલ્સ ચૂકવવામાં આવી છે.

રાજ્ય સરકારનાં નિયમો-ધોરણો અનુસાર આ કેશડોલ્સમાં પુખ્ત વયની વ્યક્તિ માટે રોજના રૂ. ૧૦૦ અને સગીર-બાળક માટે રોજના રૂ. ૬૦ પ્રમાણે ૭ દિવસની કેશડોલ્સ ચૂકવવામાં આવે છે.

તદઅનુસાર ગીર-સોમનાથમાં ૧ લાખ ૧ હજાર ૨૮૪ વ્યક્તિઓને ૫.૮ કરોડ રૂપિયા, ભાવનગર જિલ્લામાં ૭૬,૨૮૯ લોકોને ૪ કરોડ ૫૭ લાખ રૂપિયા તેમજ અમરેલી જિલ્લામાં ૩ લાખ ૪ હજાર ૬૧૯ લોકોને ૧૫.૨૪ કરોડ રૂપિયા કેશડોલ્સ સંબંધિત જિલ્લા તંત્રવાહકોએ ચૂકવીને કેશડોલ્સ ચુકવણીની ૧૦૦ ટકા કામગીરી પૂરી કરી દીધી છે.

આ ત્રણ અસરગ્રસ્ત જિલ્લાઓમાં પરિવાર દીઠ રૂ. ૭ હજાર પ્રમાણે ઘરવખરી સહાયનાં રાજ્ય સરકારનાં ધોરણો અનુસાર ઘરવખરી સહાય ચૂકવવામાં આવી છે. જેમાં ગીર સોમનાથમાં ૩૨,૧૩૮ પરિવારોને રૂ. ૨૨.૫ કરોડ, અમરેલી જિલ્લામાં ૧૬,૫૩૮ પરિવારોને રૂ. ૪.૩૨ કરોડ અને ભાવનગર જિલ્લામાં ૧૧,૬૯૭ પરિવારોને રૂ. ૨.૪૯ કરોડ એમ સમગ્રતયા રૂ. ૨૯.૩૧ કરોડની ઘરવખરી સહાયનો લાભ ૬૦,૩૭૩ પરિવારોને આપવામાં આવ્યો છે. આ ઘરવખરી સહાયની ચુકવણી ડી.બી.ટી. દ્વારા કરવામાં આવી છે. એટલું જ નહિ, ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ ગઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વાવાઝોડાને પરિણામે સંપૂર્ણ નાશ પામેલાં કાચાં-પાકાં મકાનોને મકાન દીઠ રૂ. ૯૫,૧૦૦ સહાય આપવાનો જે ઉદાર નિર્ણય કર્યો છે તે અનુસાર આ ત્રણેય જિલ્લામાં કુલ ૧૮૩૪ મકાનો સંપૂર્ણ નાશ પામ્યાં છે તેને ૧૦૦ ટકા સહાય આપી દેવાઇ છે.

તાઉ-તે વાવાઝોડાને પરિણામે એવાં કાચાં-પાકાં મકાનો જેને આંશિક નુકસાન થયું હોય, દીવાલ કે છત ધરાશાયી થઈ હોય તેવા ૧૫ ટકાથી વધુ નુકસાન ધરાવતાં મકાનોને રૂ. ૨૫ હજારની સહાય આપવાનો અભિગમ મુખ્યમંત્રીશ્રીએ અપનાવ્યો છે. તદઅનુસાર, ગીર સોમનાથ જિલ્લામાં ૩૮,૪૨૭ મકાનો માટે રૂ. ૯૫.૬૦ કરોડ, ભાવનગરમાં ૭૯૫૦ મકાનો માટે રૂ. ૧૨ કરોડ અને અમરેલીમાં ૧૬,૯૧૪ મકાનો માટે ૩૪.૩૯ કરોડ રૂપિયાની સહાય જિલ્લા વહીવટીતંત્રોએ ચૂકવી આપી છે. એટલું જ નહિ, પશુઓ રાખવાની જગ્યા વાડા-ગમાણને થયેલા નુકસાનમાં પણ દરેક જિલ્લામાં રૂ. પાંચ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

વીડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન પણ જોડાયા હતા. ●





# વાવાઝોડાથી નુકસાન પામેલા બાગાયતી પાકોના પુનઃ સ્થાપન માટે કૃષિ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નિર્ણાયક - નેતૃત્વમાં રાજ્ય સરકારના આગોતરા આયોજનના પરિણામે તાઉતે વાવાઝોડાથી મોટી જાનહાનિ થઇ નથી. રાજ્યના પ્રત્યેક નાગરિકની સતત ચિંતા કરનારા મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોથી વાવાઝોડાની અસર હેઠળના વિસ્તારોમાં ઝડપથી રાહત કાર્ય થઈ રહ્યું છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોમાં આંબા, નાળિયેરી, લીંબુ, ચીકુ, કેળ, દાડમ જેવા બહુઆયુષી બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયાનું રાજ્ય સરકારની જાણમાં આવતાં જ મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓના કૃષિ વૈજ્ઞાનિકોને આ અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોની પ્રત્યક્ષ મુલાકાતો કરી નુકસાન પામેલાં, મૂળમાંથી ઉખડી ગયેલાં, નમી પડેલાં કે થડ ફાટી ગયેલાં આવાં બાગાયતી વૃક્ષોને પુન: સ્થાપિત (રિ-ઈન્સ્ટોલ) કરવા ખેડૂતોને મદદરૂપ થવા તત્કાલ પહોંચી જવા સૂચન કરેલું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આવા બાગાયતી પાક પકવતા ખેડૂતોને આર્થિક નુકસાન લાંબાગાળા સુધી સહન ન કરવું પડે અને તેમના પાકનાં જે ઝાડ-વૃક્ષો બચાવી શકાય તેમ હોય તેને તે જ સ્થળે પુન: સ્થાપિત કરી ધરતીપુત્રોને મદદરૂપ થવા અને માર્ગદર્શન આપવા આ ૨૫૮ જેટલા કૃષિ વૈજ્ઞાનિકોને અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં તાઉતે વાવાઝોડાના પરિણામે સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના સમુદ્રકાંઠા વિસ્તારોમાં નુકસાન પામેલા બાગાયતી પાકોનાં ઝાડ તે જ સ્થળે પુન: સ્થાપિત (રિ-ઈન્સ્ટોલ) કરવાનો અપનાવેલો નવતર અભિગમ રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓના ૨૫૮ કૃષિ વૈજ્ઞાનિકોની ૧૨૦૦ ગામોના અસરગ્રસ્ત ખેડૂતોની પ્રત્યક્ષ મુલાકાત અને માર્ગદર્શનથી સાકાર થવાની નવી દિશા ખૂલી છે.

વાવાઝોડું પસાર થયાના બીજા દિવસથી એટલે કે ૨૦-૨૧ મી મે થી રાજ્યની દાંતીવાડા, આણંદ, જૂનાગઢ અને નવસારી કૃષિ યુનિવર્સિટીના આ ૨૫૮ કૃષિ વૈજ્ઞાનિકો ''લેબ ટુ લેન્ડ''નો અભિગમ સાકાર કરતા આ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી ગયા હતા. તેમણે સતત ૧૦-૧૨ દિવસ આ અસરગ્રસ્ત વિસ્તારો ખૂંદી વળી ૧૧૯૫ ગામોની મુલાકાત લીધી અને અંદાજે ૧૧ હજાર જેટલા ખેડૂતોને ટેકનિકલ ગાઇડન્સ, લાઇવ ડેમોન્સ્ટ્રેશન-૧૫૮૪ નિદર્શનો કરીને તેમના બાગાયતી પાકો નાળિયેરી, આંબા, લીંબુ, ચીકુ, જામફળ વગેરેને પુન: સ્થાપિત (રિ-ઈન્સ્ટોલ) કરવાનું સઘન માર્ગદર્શન આપેલું. એટલું જ નહીં, જેમાં ખાસ કરીને મૂળમાંથી ઊખડી ગયેલાં, ત્રાસાં થયેલાં, નમી ગયેલાં, થોડાં મૂળ જમીનની અંદર તેમજ થોડાં મૂળ જમીનની બહાર નીકળી ગયેલાં વૃક્ષોના વૈજ્ઞાનિક પદ્ધિતિથી પુન:સ્થાપન માટે આ કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. આ કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતો પાસેથી પણ તેમના અનુભવો મેળવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, કૃષિમંત્રી શ્રી આર. સી. ફળદુ, ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ વગેરે સમક્ષ આ કૃષિ વૈજ્ઞાનિકોએ ગાંધીનગરમાં યોજાયેલી સંવાદ બેઠકમાં પોતાના અનુભવો અને ખેડૂતો સાથે થયેલી વાતચીતનું આદાન-પ્રદાન પ્રેઝન્ટેશન સાથે કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ સંદર્ભમાં કહ્યું કે, તાઉતે વાવાઝોડાથી ખેડૂતોના પાકો ખાસ કરીને બાગાયતી પાકોને જે નુકસાન થયું છે તેમાંથી તેમણે ફરી બેઠા કરવા કૃષિ વૈજ્ઞાનિકોના આ અનુભવો અને ખેડૂતોને આપેલા પ્રાથમિક માર્ગદર્શનના આધારે રાજ્ય સરકાર ટૂંકસમયમાં એકશન પ્લાન ઘડીને ખેડૂતોને ઝાડ પુન: સ્થાપિત (રિ-ઈન્સ્ટોલ) કરવાની વ્યવસ્થિત માર્ગદર્શિકા ગાઇડલાઇન્સ જાહેર કરશે. આ ગાઇડલાઇન્સ બધા જ ખેડૂતો સુધી વ્યાપકપણે પ્રચાર-પ્રસારથી પહોંચાડવા પણ તેમણે કૃષિ વિભાગને આયોજન કરવા સૂચના આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ વાવાઝોડાથી નાશ થયેલા કે નુકસાન પામેલા બાગાયતી પાકો સહિત અન્ય પાકો માટે આગામી ચોમાસાની ઋતુ પહેલાં ખેડૂતોને પૂરતું બિયારણ જરૂરિયાત મુજબની કલમો મળી રહે તે માટેની વ્યવસ્થાઓ કૃષિ યુનિવર્સિટીઓ સાથે મળીને રાજ્યનો કૃષિ વિભાગ કરશે. આ હેતુસર, કૃષિ યુનિવર્સિટીની નર્સરીઓમાં આવી કલમો, છોડ મોટા





પાયે તૈયાર કરવા તેમણે સૂચના આપી હતી. કૃષિ વૈજ્ઞાનિકોએ આપેલા આ માર્ગદર્શનને પરિણામે લગભગ-લગભગ ૨૫ થી ૩૦ ટકા બાગાયતી પાકોનાં ઝાડોને બચાવી રિ-ઈન્સ્ટોલ કરી શકાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ બેઠકમાં કહ્યું કે, હજુ વધુ અસરગ્રસ્ત ખેડૂતોને તેમના બાગાયતી પાકોને થયેલું નુકસાન કે ઝાડને થયેલા નુકસાનમાંથી બેઠાં કરી વૃક્ષો તે જ સ્થળે રિ-ઈન્સ્ટોલ કરી શકાય તેનું સઘન માર્ગદર્શન આપવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે. આ માટે રાજ્યની ૪ કૃષિ યુનિવર્સિટીઓના ફેકલ્ટીઝ, અધ્યાપકો અને ફાયનલ ઈયર એગ્રી સાયન્સના વિદ્યાર્થીઓને ત્રણ દિવસ માટે અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોનું માર્ગદર્શન કરવા મોકલવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે પણ કૃષિ વૈજ્ઞાનિકોએ પ્રસ્તુત કરેલા પ્રેઝન્ટેશન અને અનુભવોના આદાન - પ્રદાન અંગે કહ્યું કે, રાજ્ય સરકાર અસરગ્રસ્ત ખેડૂતોને ફરીથી ઝડપથી બેઠા કરવા પ્રતિબદ્ધ છે ત્યારે આ માર્ગદર્શન અને પ્રત્યક્ષ નિદર્શન ખેડૂતો માટે વધુ ઉપયોગી પુરવાર થશે. તાઉ તે વાવાઝોડાની સૌથી વધુ અસર જે ચાર જિલ્લાઓ ભાવનગર, જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથમાં થઇ હતી ત્યાં રાજ્યની ચાર યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોની ટીમે જે બગાયતી પાકોમાં નુક્સાન થયું છે તેનું રિસ્ટોરેશન કંઇ રીતે કરી શકાય તે વિષયે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. જે વૃક્ષ કે છોડ પડી ગયા છે તેને ટેક્નિકલી કેવી રીતે ઊભા કરી શકાય તેનું લાઇવ ડેમોન્સ્ટ્રેશન પણ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને આપવામાં આવ્યું હતું.

તાઉ તે વાવાઝોડાથી થયેલા નુકસાન બાદ વૈજ્ઞાનિકો દ્વારા સતત ૧૦-૧૨ દિવસ સુધી ખેડૂતો સાથે રહીને બને એટલાં વૃક્ષ-ઝાડ બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રાથમિક અંદાજ મુજબ ૨૫-૩૦ ટકા વૃક્ષ-ઝાડ બચાવવામાં સફળતા પ્રાપ્ત થઇ છે અને રિ-ઈન્સ્ટોલેશન કરી શકાશે. આ વૈજ્ઞાનિકોએ ઉના, તલાલા, ગીર-ગઢડા, ધારી, ખાંભા, બગસરા, જાફરાબાદ અને કોડીનાર વિસ્તારોની મુલાકાત લઇને ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ અને નવસારી જિલ્લાના ખેડૂતોને પણ વૈજ્ઞાનિકો દ્વારા જરૂરી નિર્દેશન આપવામાં આવ્યા હતા. તદુપરાંત મૌખિક અને લેખિત એડવાઇઝરી પણ ખેડૂતો માટે જાહેર કરવામાં આવી હતી.

આ સંવાદ બેઠકમાં મુખ્યસચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, કૃષિ સચિવ શ્રી મનિષ ભારદ્વાજ, ખેતી નિયામક શ્રી ભરત મોદી, બાગાયત નિયામક શ્રી વઘાસિયા તેમજ ચારેય કૃષિ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરો અને ફિલ્ડમાં જઇને આવેલા કૃષિ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્યવ્યાપી ઉજવણી

# પ્રકૃતિના જતન અને સંવર્ધનનો સંકલ્પ



પર્યાવરણનો શબ્દાર્થ સમજીએ તો પરિ એટલે આસપાસનું અને આવરણ એટલે પૃથ્વી, જીવસૃષ્ટિની આસપાસનું પ્રકૃતિ નિર્મિત જૈવિક સૂક્ષ્મ માળખું. અમીબાથી માંડીને માનવ સુધીના જીવોને ટકવા માટે કુદરત તેની કડીને અનુરૂપ આબોહવા-હવામાનના આદર્શ પડનું નિર્માણ કરે છે. જેના લીધે સમગ્ર જીવસૃષ્ટિ ધબકે છે. ગ્લોબલ વોર્મિંગ, વિકાસના ચાનકે કપાતાં જંગલો, વાહનોના ધુમાડાના અતિક્રમણને લીધે સમગ્ર આવરણમાં નકારાત્મક પરિબળો સર્જાયા છે. પરિણામે પર્યાવરણના આદર્શ માળખામાં અવ્યવસ્થા સર્જાઈ. માનવ સહિત સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ સામે "વોર્નિંગબેલ" વાગી રહયો છે. યુનો, વિશ્વભરના વૈજ્ઞાનિકો, પર્યાવરણવિદો, સૃષ્ટિના હિતચિંતકોએ આ સમસ્યાને પહેલેથી જ ઓળખી લીધી અને સહજ માનવડહાપણના પરિપાકરૂપે વર્ષ ૧૯૭૨થી ૫મી જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવીને સમગ્ર માનવજાતને પર્યાવરણ પ્રત્યે સભાનતા કેળવવા પ્રતિબદ્ધ કરી છે.

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષ્યમાં વન-પર્યાવરણ વિભાગના સહયોગથી યોજાયેલા સમારોહમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સૃષ્ટિ પરના કુદરતી આવરણ-પર્યાવરણના સંતુલનથી અને તેની સુરક્ષાથી ગ્લોબલ વોર્મિંગના તેમજ વૈશ્વિક મહામારીના પડકારો સામે સામૂહિક લડાઇ લડી વિજય મેળવવાની નેમ વ્યકત કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પ્રોજેક્ટ ફોર ઈકોસિસ્ટિમ રિસ્ટોરેશન ઈન ગુજરાતનો પણ શુભારંભ કરાવ્યો હતો. રૂ. ૧૦૭૨ કરોડના ખર્ચે ઈકોસિસ્ટિમ રિસ્ટોરેશનનો આ પ્રોજેકટ જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી JICAની સહાયથી નવ વર્ષ સુધી ચાલવાનો છે.

ગુજરાત પાસે દરિયો, રણ, પર્વતો, ખુલ્લાં મેદાનો જેવી અનેકવિધ વિવિધતાઓ છે તે સંદર્ભમાં આ પ્રોજેકટથી આખીયે ઈકોસિસ્ટિમને સુદ્રઢ કરવાની પહેલ ગુજરાતે કરી છે. આ પ્રોજેકટ અન્વયે ચેર અને મેન્ગ્રુવ્ઝનો વિકાસ, ઘાસનાં મેદાનો, ભેજવાળી જમીન અને જંગલોની પુન: સ્થાપના જેવા પ્રકલ્પો હાથ ધરાવાના છે.

મુખ્યમંત્રીશ્રીએ ''જીવથી શિવ'' અને ''વ્યક્તિથી સમષ્ટિ''ના અભિગમને સાકાર કરવા સ્વસ્થ-શુદ્ધ અને પર્યાવરણપ્રિય જીવન વ્યવસ્થાથી હેપીનેસ ઈન્ડેક્સ વધારવા તેમજ પર્યાવરણ શુદ્ધિ, પ્રદૂષણમુક્તિથી માનવીના તન-મનની શુદ્ધિ દ્વારા નિજાનંદ-સંપૂર્ણ આનંદની વિભાવના સમજાવી હતી.

શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વ પર્યાવરણ દિવસની આ ઉજવણીમાં ઈકો સિસ્ટિમના રિસ્ટોરેશન માટેના પ્રોજેકટનો પ્રારંભ કરાવતાં કહ્યું કે, તાજેતરના વાવાઝોડાથી પડી ગયેલા વૃક્ષોની સામે આ વર્ષે વન મહોત્સવમાં બમણાથી વધુ વૃક્ષો વાવવાની નેમ છે. કુદરતે કરેલા નુકસાન સામે પુરુષાર્થના આધારે પુન: સ્થાપન કરવું છે.

**પ્રોજેક્ટ ફોર ઇકોસિસ્ટિમ રિસ્ટોરેશન ઇન ગુજરાતનો પ્રારંભ**

કોરોનાના કપરા કાળમાં સૌને પ્રાણવાયુ ઓક્સિજનનું મહત્વ સમજાયું છે અને વૃક્ષો-તુલસી છોડ જેવા પ્રાણવાયુ-ઓક્સિજન આપતા વૃક્ષોના વાવેતરથી ઓક્સિજન ખુટે નહિ તે માટે સજાગ બન્યા છીયે.

તેમણે રાજ્યમાં વન વિભાગ દ્વારા આ

અવસરે ૨૧ લાખ તુલસી રોપાઓના વિતરણની પ્રસંશા કરતાં ઉમેર્યું કે, આવા ૨૪ કલાક ઓક્સિજન આપતા તુલસી, સ્નેક ટ્રી, યેલોવેરા વગેરે છોડ ઘરની અંદર અને ઓફિસોમાં મૂકીને સ્વચ્છ-શુદ્ધ પ્રાણવાયુ મેળવવાનો લાભ લેવો જોઇએ.

આપણે ગુજરાતમાં તુલસી છોડ અને વૃક્ષારોપણની ઘનિષ્ઠ ઝુંબેશથી ગ્રીન ગુજરાત બનાવવું છે એમ પણ તેમણે કહ્યું હતું. રાજ્યમાં કુલ ભૌગોલિક વિસ્તારનો ૧૧ ટકા વિસ્તાર એટલે કે ૧૪,૭૫૭ ચો.કિ.મિ. વન આવરણ યુક્ત છે અને છેલ્લાં બે વર્ષમાં વન વિભાગના વૃક્ષારોપણ પ્રયાસોથી તેમાં ૯૭ ચો.કિ.મિ.ની વૃદ્ધિ થઇ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં જળ-વાયુ પ્રદૂષણમુક્તિ માટે લેવાઇ રહેલા પગલાં આયોજન અંગે જણાવ્યું કે, ગંદા પાણીના વ્યવસ્થાપન માટે ૭૬ જેટલા સૂચિત STP પ્લાન્ટ રૂ. ૧૯૩૦ કરોડના અંદાજિત ખર્ચે બનાવવામાં આવી રહ્યા છે. એટલું જ નહિ, ઔદ્યોગિક ગંદા પાણીના વ્યવસ્થાપન માટે ૧૨ જેટલા સંયુક્ત શુદ્ધીકરણ પ્લાન્ટ્સ CETP રૂ. ૪૪૨ કરોડના ખર્ચે બનાવાઇ રહ્યા છે. કોરોના કાળમાં અત્યાર સુધીમાં ૩૦ લાખ કિ.ગ્રામ થી વધુ કોવિડ બાયોમેડિકલ વેસ્ટનો કોમન બાયોમેડિકલ વેસ્ટ ઇન્સીનરેશન ફેસેલિટી મારફતે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કર્યો છે.







શ્રી વિજયભાઇ રૂપાણીએ કારખાનાઓમાં કોલસાના દહનને લીધે ઉત્પન્ન થતાં રજકણોને નિયંત્રિત કરવા માટે ''એમીશન ટ્રેડિંગ સ્કીમ'' સુરતમાં અમલી થયા બાદ હવે રાજ્યના ઉદ્યોગો માટે વિસ્તારવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પૃથ્વી પરના સૌ જીવોને શુદ્ધ, સ્વસ્થ અને સ્વચ્છ વાતાવરણ મળે તે હાલના સમયની માંગ છે તેનો ભારપૂર્વક ઉલ્લેખ કરતાં સૌને ગ્રીન-કલીન-હરિયાળા અને પ્રદૂષણમુક્ત ગુજરાત માટે સંકલ્પબદ્ધ થવા આહ્વાન કર્યુ હતું.

વનમંત્રી શ્રી ગણપતસિંહ વસાવા સુરતથી આ ઉજવણીમાં વીડિયો લીન્ક દ્વારા સહભાગી થયા હતા.

તેમણે ગુજરાતમાં વન-પર્યાવરણ વિભાગે ગ્રીન કવર વિસ્તારી પર્યાવરણ જાળવણી માટે હાથ ધરેલા ઉપાયોની ભૂમિકા આપી હતી. પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દૃષ્ટિવંત નેતૃત્વમાં પર્યાવરણ જાળવણીની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત ઉત્તમથી સર્વોત્તમ વિકાસની ગતિ કરી રહ્યું છે તેનો આનંદ વ્યકત કર્યો હતો.

આ ઉજવણીમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ગાંધીનગર મહાનગરમાં, મંત્રી શ્રી આર. સી. ફળદુ જામનગરમાં, મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વડોદરામાં, મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ ભાવનગરમાં, મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા સુરતમાં, મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયા રાજકોટમાં તથા શ્રી જવાહરભાઇ ચાવડા જૂનાગઢમાં અને રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા અમદાવાદમાં કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા. વન પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તાએ વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્યવ્યાપી ઉજવણીનો અભિગમ સ્વાગત પ્રવચનમાં સ્પષ્ટ કર્યો હતો. આ પ્રસંગે શહેરી વિકાસ અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પૂરી, GPCBના અધ્યક્ષ શ્રી સંજીવ કુમાર, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન વિભાગના વડા શ્રી દિનેશ શર્મા, અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી રામકુમાર, ગાંધીનગરમાં ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ પર્યાવરણ દિવસે ભરૂચ શહેરના નાગરિકોને ૧૨ CNG સિટી બસની મહત્ત્વપૂર્ણ ભેટ અર્પણ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ પર્યાવરણ દિવસે ભરૂચ શહેરના નાગરિકોને ૧૨ સિટી બસની મહત્ત્વપૂર્ણ ભેટ આપી છે.

મુખ્યમંત્રીશ્રી એ 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત 'મુખ્યમંત્રી શહેરી બસ સેવા અન્વયે ભરૂચ નગર પાલિકા દ્વારા શરૂ કરાયેલી સિટી બસ સેવાનું ગાંધીનગરથી ઇ-લોકાર્પણ કર્યું હતું. મુખ્યંત્રીશ્રીએ કહ્યું કે, ભરૂચના લોકોની સુવિધા માટે તેમજ પર્યાવરણને ધ્યાનમાં રાખીને પ્રદૂષણ અટકાવવા માટે સી.એન.જી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભરૂચ

શહેરમાં ૯ રૂટ પર કુલ ૧૨ સી.એન.જી શહેરી બસ, સેવા શહેરના નાગરિકો માટે શરૂ કરવામાં આવી છે.

સમગ્ર ગુજરાત પર્યાવરણના રક્ષણ માટે ક્લાયમેન્ટ ચેન્જના પડકારોનો સામનો કરવા પ્રતિબદ્ધ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ ભરૂચ અને અંકલેશ્વરના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં હતાં. એશિયાનું સૌથી મોટું કેમિકલ પોર્ટ દહેજનો વિકાસ પણ તેમના કાર્યકાળ દરમિયાન થયો છે. LNG ટર્મિનલ, GNFC સહિત કેમિકલ કંપનીઓના વિકાસ દ્વારા આધુનિક શહેરનો ઓપ આપ્યો છે.આના પરિણામે ભરૂચમાં રોજગાર વૃદ્ધિ થવાથી અનેક લોકો આવીને વસ્યા છે તેમના માટે આ શહેરી બસ સેવા યાતાયાત માધ્યમ બનશે.

ગુજરાત સરકારે ભારત સરકારના સહયોગથી આ યોજના બનાવી છે. નગરપાલિકાઓમાં આ બસ સેવા શરૂ કરવા માટે રાજ્ય સરકાર ૫૦ ટકા નાણાકીય સહયોગ પૂરો પાડી રહી છે, બીજા ૫૦ ટકા ખર્ચ નગરપાલિકાઓ પોતે વહન કરવાનો હોય છે. રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૨૨ નગરપાલિકાઓ સહિત કુલ 30 શહેરોમાં 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અન્વયે 'મુખ્યમંત્રી શહેરી બસ સેવા'ના અભિગમમાં હવે ભરૂચ શહેરનો તેમાં ઉમેરો થયો છે.

ભરૂચમાં પ્રદૂષણની માત્રામાં ઘટાડો થાય, ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થાય તેમજ વ્યક્તિગત વાહનોનો ઉપયોગ ઘટે તે હેતુથી પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની સુવિધા વિકસાવવા માટે રાજ્ય સરકાર ભાર આપી રહી છે. ભરૂચમાં સી.એન.જી બસો શરૂ થવાથી નાગરિકોને ઓછા ખર્ચે, સલામતી સાથે આરામદાયક મુસાફરી પ્રાપ્ત થશે.પર્યાવરણની રક્ષા માટે આ પ્રકારની બસ સુવિધા શરૂ કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ ભરૂચ નગરપાલિકાના સૌ પદાધિકારીઓ-અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.






કોરોના સંક્રમણકાળમાં રાજ્ય સરકારે વિકાસની ગતિ મંદ પડવા દીધી નથી. કોરાનાકાળમાં અંદાજિત રૂ. 30,000 કરોડના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. કોરોનાની બીજી લહેરને નિયંત્રિત કરવામાં સફળતાં હાંસલ કરી છે. જો કોરોનાની સંભવિત ત્રીજી લહેર આવે તેના માટે ગુજરાત સજ્જ છે. કોરોનાથી ડરવાની કોઈ જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે.

સો ટકા વેક્સિનેશના લક્ષ્યાંકને પાર પાડવા માટે અપીલ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનાને નિયંત્રણમાં લેવા માટે વેક્સિનેશન જ એકમાત્ર ઉપાય છે. ગુજરાતના તમામ જિલ્લાના ૧૮ થી ૪૪ વર્ષ સુધીના નાગરિકોને વિનામૂલ્યે વેક્સિન ઝડપથી મળે તેનો પ્રારંભ કરાવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ૪૫ કે તેથી વધુ વયના નાગરિકોને કોરોનાની રસીના બન્ને ડોઝ ઝડપથી આપી દેવાની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈ પટેલ, ભરૂચ નગરપાલિકાના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા, પબ્લિક ટ્રાન્સપોર્ટ કમિટીના ચેરમેન શ્રી ચેતનભાઈ તથા જિલ્લા કલેકટર શ્રી મોડીયા, કાઉન્સિલર્સ સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 'સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાયમેટ ચેન્જ' લોન્ચ કરનારું ગુજરાત દેશનું અગ્રિમ રાજ્ય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વ પર્યાવરણ દિવસે ગુજરાતની આગવી પહેલ રૂપ 'સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાયમેટ ચેન્જ' લોન્ચ કરીને ગુજરાતને આ ક્ષેત્રે અગ્રિમ રાજ્યનું ગૌરવ અપાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ક્લાયમેટ ચેન્જ વિભાગ દ્વારા IIM અમદાવાદ અને IIT ગાંધીનગરના તજજ્ઞોના સહયોગથી તૈયાર કરવામાં આવેલા સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાયમેટ ચેન્જ અને કોવિડ-19ની રાજ્યનાં વિવિધ ક્ષેત્રો પર પડેલી અસરો અંગેના અહેવાલનું વિમોચન ગાંધીનગરમાં સંપન્ન કર્યુ હતું.

ગુજરાત સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જમાં ૨૦૩૦ સુધીમાં રાજ્યમાં ક્લાયમેટ ચેન્જ અનુકૂલન, શમનના આયોજન અને પગલાંઓનો સમન્વય કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ અહેવાલ અને સ્ટેટ



એકશન પ્લાનનું વિમોચન કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાત કલાયમેટ ચેન્જના પડકારોને હલ કરવાના લાંબાગાળાના એકશન પ્લાનને અમલમાં મૂકનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પર્યાવરણ અને કલાયમેટ ચેન્જ અંગે દાખવેલી પ્રતિબદ્ધતાને આપણે આગળ ધપાવી સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ કર્યું છે. ગુજરાતે પર્યાવરણ જાળવણી, રક્ષા માટે સૌર અને પવન ઊર્જા, ઇલેક્ટ્રિક વાહનોના ઉપયોગ પર વિશેષ ઝોક આપ્યો છે.

રાજ્યમાં નવા થર્મલ પાવર પ્લાન્ટસ શરૂ કરવાની મંજૂરીઓ હવે ન આપવા સાથે નવ હજાર મેગાવોટ પવન અને પાંચ હજાર મેગાવોટ સૌર ઊર્જા ઉત્પન્ન કરી ગ્રીન-કલીન એન્વાયરમેન્ટને સાકાર કર્યુ છે. ગુજરાત આવનારા દિવસોમાં ૩૦ ગીગાવોટ સૌર અને પવન ઊર્જાનું ઉત્પાદન કરીને આ ક્ષેત્રે પણ અગ્રેસર રહેશે. કલાયમેટ ચેન્જ અને પૂન: પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ગુજરાતે આગવી પહેલું કરી છે. જળ સંરક્ષણ, રિસાઇકલિંગ ઓફ વોટર, રિયુઝ ઓફ ટ્રીટેડ વોટર દ્વારા જળ શુદ્ધિના આયામો અપનાવ્યા છે.

રાજ્યમાં પ્રદૂષણમુક્ત યાતાયાત સુવિધાઓ માટે CNG વાહનોને તેમજ ઇલેકટ્રીક વાહનોને પ્રોત્સાહન અપાય છે. ૯ હજાર CNG ફિલિંગ સ્ટેશન ઊભાં કરી વધુને વધુ લોકો CNG વાહનોનો વપરાશ કરે, પ્રદૂષણ અટકે તેવી નેમ રાખી છે. ઇલેક્ટ્રિક વાહનોના વપરાશ માટે પણ પૉલિસી ઘડી છે.

ઊર્જા બચત, જળસંરક્ષણ, વનીકરણ, આપત્તિ વ્યવસ્થાપન એમ બહુવિધ ક્ષેત્રોમાં કલાઇમેટ ચેન્જના પડકારો સામે સજ્જ થવા આપણે ફોકસ કર્યું છે. સોલાર રૂફટોપ પૉલિસી, બેટરી સંચાલિત વાહનો, ઊર્જા ઓડિટ અને કલાઇમેટ ચેન્જ સામે જનજાગૃતિના આયામો ગુજરાતે પહેલરૂપે અપનાવ્યા છે.

દેશના કુલ સોલાર રૂફટોપમાં ૨૫ ટકા એકલા ગુજરાતમાં છે ૧.૧૧ લાખ ઘરોને આવરી લેવાયાં છે. એટલું જ નહિ, ૧૭ મિલિયન ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો તેમજ ૧૨.૩ મિલિયન ટન કોલસાની બચત ગુજરાતે ઊર્જા ક્ષેત્રોમાં આવા સૌર-પવનના સ્રોત અપનાવીને કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભારત સરકારે કલાયમેટ ચેન્જના નિયત કરેલા લક્ષ્યાંકો અનુસાર ગુજરાતનો આ નવો સ્ટેટ એકશન પ્લાન આવનારા ૧૦ વર્ષ એટલે કે ૨૦૩૦ સુધીના સમયગાળાને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલો છે. આ એકશન પ્લાનમાં રિન્યૂએબલ એનર્જી, એનર્જી સેવિંગ, વોટર કન્ઝર્વેશન, વનીકરણ, સાગરકાંઠા વિસ્તારો, આદિજાતિ ક્ષેત્રો, પશુપાલન, ખેતી, આરોગ્ય જેવા વિવિધ પાસાંઓને આવરી લેવાયાં છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સ્ટેટ એકશન પ્લાન તૈયાર કરવામાં IIM અમદાવાદ અને IIT ગાંધીનગરના તજજ્ઞોના સહયોગની સરાહના કરી હતી.

આ લોન્ચિંગ વેળાએ કલાઇમેટ ચેન્જ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર, જેડાના એમ.ડી. શ્રી બિજલ શાહ તેમજ IIMના ડૉ. અમિત ગર્ગ, સિદ્ધિબહેન, વિમલ મહેશ્વરી વગેરે જોડાયાં હતાં.

## જામનગરમાં કૃષિ મંત્રીશ્રીના હસ્તે વૃક્ષારોપણ

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જામનગરમાં કૃષિમંત્રી શ્રી આર.સી.ફળદુએ કહ્યું હતું કે, પર્યાવરણની સમતુલા જાળવવા હાલ વિશ્વ સક્રિય છે પરંતુ પ્રકૃતિની ગતિવિધિઓને પ્રાકૃતિક રીતે જ મૂલવી, સમજી અને માણસજાતે તેની સુરક્ષા કરવા આગળ આવવું જોઈએ. પ્રકૃતિએ આપેલ ચીજોનો ભોગ કરવા સાથે જ જીવન અને સંસ્કૃતિના સંરક્ષણની જેમ જ પ્રકૃતિની સુરક્ષાનું આચરણ પણ ખૂબ આવશ્યક છે. આ વર્ષે પ્રકૃતિનું પુનઃસ્થાપનએ વિશ્વ પર્યાવરણ દિવસની થીમ છે. ત્યારે પ્રકૃતિના પુનઃસ્થાપનમાં વૃક્ષોની



મહત્તા સમજી પ્રકૃતિની સમતુલા જાળવવામાં સર્વ કોઇને યોગદાન આપવા તેમણે અપીલ કરી હતી. ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાના 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરાઇ હતી. જેમાં કૃષિમંત્રીશ્રી આર.સી.ફળદુ, રાજ્યમંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, સાંસદ શ્રી પૂનમબેન માડમ જામનગરથી વર્ચ્યુઅલી જોડાયા હતા. જ્યારે જામનગરમાં આયોજિત વૃક્ષારોપણ બાદ મંત્રીશ્રીઓએ ૨ ફાયર ફાઇટર વાહનો જામનગર મહાનગરપાલિકાને અર્પિત કર્યાં હતાં.

જયારે રાજયમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પોતાના નિવાસસ્થાને ૨૭ નક્ષત્રરૂપી ૨૭ ઔષધીય વૃક્ષોનું વાવેતર કરી નક્ષત્રવાટિકાનું નિર્માણ કર્યું છે. આ નક્ષત્રવાટિકામાં અર્જુન, આંકડો, વાંસ, ખીજડો, કદંબ, અરડૂસી જેવાં ૨૭ ઔષધીય વૃક્ષો મંત્રીશ્રીએ રોપિત કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી.

## વડોદરામાં સેવ ટ્રી, સેવ અર્થ અને સેવ લાઈફના સૂત્રને અપનાવવા શિક્ષણ મંત્રીશ્રીનો અનુરોધ



સંયુકત રાષ્ટ્રસંઘ યુ.એન. દ્વારા "ઇકોસિસ્ટિમ રિસ્ટોરેશન" આ વર્ષને જાહેર કરવામાં આવ્યુ છે એ સંદર્ભે પણ રાજ્ય સરકાર દ્વારા અસરકારક આયોજન કરાઇ રહ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વડોદરામાં વૃક્ષારોપણ કર્યા બાદ સુમનદીપ વિદ્યાપીઠ ખાતેથી ઓક્સિજન ટેન્કરને તેલંગણા જવા માટે પ્રસ્થાન કરાવ્યું હતું.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર ગુજરાતમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. તેમણે સેવ ટ્રી, સેવ અર્થ અને સેવ લાઈફનું સૂત્ર અપનાવવા નાગરિકોને અનુરોધ કર્યો હતો. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત વન વિભાગ દ્વારા વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં એક લાખ જેટલા તુલસીના રોપાઓનું વિતરણ કરાઇ હતી.

## સુરતમાં કોરોના વોરિયર્સને તુલસીના છોડથી સન્માનિત કરાયા



સુરતમાં વનમંત્રી શ્રી ગણપતસિંહ વસાવા તથા આદિજાતિ રાજય મંત્રી શ્રી રમણભાઈ પાટકરે વૃક્ષારોપણ કર્યું હતું. આ વેળાએ મંત્રીશ્રીઓ તથા અન્ય પદાધિકારીઓ, અધિકારીઓએ કોરોના વોરિયર્સ ડૉકટરો, નર્સિંગ સ્ટાફને તુલસીના રોપા અર્પણ કરીને સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ ગ્લોબલ વોર્મિંગના પડકાર સામે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરીને ભાવીપેઢી માટે સ્વસ્થ પ્રાકૃતિક વારસાનું નિર્માણ કરવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, મહાનગરપાલિકા વિસ્તારમાં આગામી એક મહિના દરમિયાન બે લાખ તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવશે. આ અવસરે વન, આદિજાતિ રાજયમંત્રી શ્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીના સમયે આપણને ઓકિસજનની કિંમત સમજાઈ છે, ત્યારે આવનારા સમયમાં વધુમાં વધુ વૃક્ષોનું જતન અને સંવર્ધન થાય તેવા પ્રયાસો કરવા જોઇએ.

## અમદાવાદમાં "તુલસી રથ"નું પ્રસ્થાન

અમદાવાદના વટવામાં ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ રોપા વાવીને તમામ નાગરિકોને મહત્તમ વૃક્ષારોપણ કરીને ઓક્સિજનનું સ્તર વધારવા અપીલ કરી છે. આ પ્રસંગે મીડિયા સાથે સંવાદ સાધતાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી એ જણાવ્યું કે, પ્રકૃતિનું દોહન કરવા આપણે સૌએ સહિયારા પ્રયાસ હાથ ધરવાના છે તેવો ભાવ શ્રી પ્રદીપસિંહ જાડેજાએ વ્યક્ત કર્યો હતો.



પ્રકૃતિના શોષણના કારણે વિશ્વ આખુ ક્લાઈમેટ ચેન્જ, ગ્લેશિયરનું પીગળવુ, અણધાર્યા પૂરની પરિસ્થિતિ, વાવાઝોડું જેવી અનેક કુદરતી આપત્તિનો સામનો કરી રહ્યું છે. જે બધાના મૂળમાં પ્રકૃતિનું અસંતુલન સમાયેલું છે તેમ શ્રી પ્રદીપસિંહ જાડેજાએ કહ્યું હતું. શ્રી પ્રદીપસિંહ જાડેજા એ વાતાવરણમાં ઉમેરાતા શંકાસ્પદ પાર્ટિકલ મેટર (p.m. particle)ના કારણે માનવ શરીરમાં શ્વાસને લગતી વિવિધ સમસ્યાઓ અને રોગોનું પ્રમાણ વધી રહ્યું છે તેવામાં પ્રકૃતિનું જતન કરીને વધુમાં વધુ વૃક્ષો વાવવા નાગરિકોએ સંકલ્પબદ્ધ થવાની પ્રેરણા ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ આપી હતી.

અમદાવાદમાં ૧૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ત્રણ લાખ રોપાનું જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વિતરણ કરીને પ્રકૃતિનું જતન કરવા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે તેમ ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

## ગ્રીન ગુજરાતની સંકલ્પનાને પૂર્ણ કરવા પુરવઠા મંત્રીનું આહવાન




રાજકોટમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ વૃક્ષારોપણ, અને રોપા વિતરણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી રાદડિયાએ વૃક્ષોનું જીવનમાં મહત્ત્વ દર્શાવતા જણાવ્યું હતું કે હાલમાં જ વાવાઝોડાને કારણે અનેક વૃક્ષોનો નાશ થયેલો છે. ત્યારે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ તમામ વિસ્તારોમાં વધુમાં વધુ વૃક્ષોને ઉછેરવા કટિબદ્ધ બનવા અનુરોધ કર્યો છે. જેથી ગ્રીન ગુજરાતની સંકલ્પના પરિપૂર્ણ કરી શકાય. કાર્યક્રમના અંતે મંત્રીશ્રી રાદડિયા અને મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી સહિતના મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ અને નગરજનોને તુલસી સહિતના વિવિધ રોપાઓનું વિતરણ કરાયું હતું.

## જૂનાગઢમાં 270 ઔષધીય છોડનું વાવેતર

જૂનાગઢમાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા લીમડા સહિત ૨૭૦ જેટલા ઔષધીય છોડનું વાવેતર કરાયું હતું.



મંત્રીશ્રીએ તુલસીના રોપ વિતરણ માટે વૃક્ષ રથનું પણ પ્રસ્થાન કરાવ્યું હતું. મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ કહ્યું કે, લોકોએ કુદરતી આપત્તિઓના ભોગથી બચવું હશે તો પર્યાવરણને પ્રાથમિકતા આપવી પડશે. મંત્રીશ્રીએ એકલો માણસ પર્યાવરણ જાળવવા શું કરી શકે તેના વિવિધ દૃષ્ટાંતો આપી સૌને પર્યાવરણ જાળવવા અનુરોધ કર્યો હતો.

## ભાવનગરમાં તુલસી અને લીમડાનું વૃક્ષારોપણ

ભાવનગરમાં શિક્ષણ રાજ્યમંત્રી સુશ્રી વિભાવરીબહેન દવે ૧૦૮ લીમડાનાં વૃક્ષ અને ૧૦૮ તુલસીના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમણે 'પ્રોજેક્ટ ફોર ઈકો સિસ્ટિમ રિસ્ટોરેશન ઈન ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. શિક્ષણ રાજ્યમંત્રી સુશ્રી વિભાવરીબહેન દવેએ જે લોકો વધુ વૃક્ષો વાવશે તેમને 'વૃક્ષ મિત્ર' તરીકેનું સન્માન કરવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, 'સાસ હો રહી હે કમ, આવો પેડ લગાયે હમ, ના ન્યાયે વધુ વૃક્ષો વાવવા તે આજે અતિ આવશ્યક બની ગયું છે. આપણી પાસે બચત માટેના સિસ્ટમેટિક પ્લાન છે પરંતુ પ્રકૃતિના જતન સંવર્ધનના નથી.તે પ્રકૃતિ પ્રત્યેની આપણી બેદરકારી અને નિષ્કાળજી દર્શાવે છે. આ ઉપરાંત વૃક્ષો વાવવા એટલું નહીં, પરંતુ વાવેલાં વૃક્ષો મોટાં થાય તેની કાળજી લેવાય એ પણ એટલું જ જરૂરી છે તેમ તેમણે વૃક્ષોની મહત્તા દર્શાવતાં જણાવ્યું હતું. ●



## મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

# ઝીરો પ્રીમિયમમાં ખેડૂતોને મળશે પાક નુકસાનનું વળતર

રાજ્યના લાખો ખેડૂતોને ખરીફ ઋતુમાં કુદરતી આપત્તિથી થતાં પાક નુકસાન સામે સહાયરૂપ થવા મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાને વર્ષ ૨૦૨૧ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ મંજૂરી આપી છે. આ યોજનામાં રાજ્યના નાના-મોટા તેમજ સીમાંત બધા જ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે. રાજ્યના અંદાજે ૫૩ લાખથી વધુ કિસાનોને આ યોજનાનો લાભ મળશે. એટલું જ નહીં, આ યોજના માટે ખેડૂતે કોઇ જ પ્રીમિયમ કે અન્ય કોઈપણ પ્રકારની નોંધણી ફી ભરવાની રહેશે નહીં. અનાવૃષ્ટિ-દુષ્કાળ-અતિવૃષ્ટિ-કમોસમી વરસાદ-માવઠું જેવાં જોખમથી થતા પાક નુકસાનને પણ આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં આવરી લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના સહાય ધોરણ અંગેની વાત કરવામાં આવે તો, ખરીફ ઋતુમાં થયેલ પાક નુકસાનની ટકાવારી ૩૩ થી ૬૦ ટકા હોય તો પ્રતિ હેક્ટર રૂ. ૨૦,૦૦૦ની સહાય વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે. એટલું જ નહીં, ખરીફ ઋતુમાં થયેલ પાક નુકસાન ૬૦ ટકાથી વધુ હોય તો પ્રતિ હેક્ટર રૂ. ૨૫,૦૦૦ની સહાય મહત્તમ ૪ હેક્ટરની મર્યાદામાં અપાશે. તદઉપરાંત વન અધિકાર કાયદા હેઠળ સનદ ધરાવતા વનબંધુ ખેડૂતોને પણ લાભ મળશે.

આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતોની અરજી ઓનલાઇન મેળવવા ડેડિકેટેડ પોર્ટલ પણ તૈયાર કરાશે. લાભાર્થી ખેડૂતોએ ઇ-ગ્રામ સેન્ટર ઉપર જઇ પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ખેડૂતોને અરજી માટે કોઈપણ પ્રકારની ચુકવણી કે ફી ભરવાની રહેશે નહીં. તેમજ અરજીની ડેટા એન્ટ્રી માટે રાજ્ય સરકાર સંપૂર્ણ ખર્ચ ચૂકવશે. આ મુખ્યમંત્રી સહાય યોજનામાં પ્રાથમિક આકારણી અને ખેડૂતોની અરજીના આધારે લાભની ગણતરી તેમજ તાલુકા કક્ષાએથી સહાય મંજૂર થયા બાદ જિલ્લા કક્ષાએથી સહાયની રકમ લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી DBT દ્વારા ચૂકવવામાં આવશે. આ યોજનાના સુચારુરૂપ અમલીકરણ તેમજ ખેડૂતોના માર્ગદર્શન માટે ટોલ ફ્રી નંબરની સુવિધા પણ આપવામાં આવી છે. આ યોજના ઉપરાંત જે ખેડૂત લાભાર્થીઓને એસ.ડી.આર.એફ યોજનાની જોગવાઇઓ મુજબ લાભ મળવાપાત્ર હશે તો તે પણ મળવાપાત્ર થશે.



રાજ્યના ખેડૂતો આખું વર્ષ મહેનત કરતા હોય ત્યારે ઘણી વખત કુદરતી પરિબળો સાથ ના આપે અને કુદરતી આપત્તિના કારણે પાકને નુકસાન જાય ત્યારે ગુજરાત સરકાર હંમેશાં રાજ્યના લાખો ખેડૂતોના પડખે રહી છે અને ખેડૂતો માટે સહાયરૂપ પેકેજ પણ આપતી આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તાજેતરમાં રાજ્યમાં 'તાઉ તે વાવઝોડાને કારણે અસરગ્રસ્ત જિલ્લાઓમાં ખેડૂતોને થયેલ નુકસાનથી બેઠા કરવાની સંવેદના સાથે અસરગ્રસ્ત ખેડૂતોની પડખે રહીને રૂ.૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. એટલું જ નહિ ભૂતકાળમાં રાજ્યના ખેડૂતોને જ્યારે જ્યારે કુદરતી આપદાઓનો સામનો કરીને પાક નુકસાન વેઠવાનું આવ્યું છે ત્યારે ત્યારે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કિસાન હિતકારી સંવેદનશીલ અભિગમ અપનાવીને ઉદારતમ સહાય પેકેજ આપેલાં છે.

તદઅનુસાર, મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૦માં ઑગસ્ટ માસમાં થયેલા ભારે વરસાદના પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનની ભરપાઇ માટે પણ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૭૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું. એ જ રીતે, વર્ષ ૨૦૧૯માં ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન આવેલા કમોસમી વરસાદના કારણે રાજ્યના ખેડૂતોને ભારે નુકસાન થયું હતું ત્યારે પણ રાજ્ય સરકારે રૂ. ૩૭૯૫ કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૧૮-૧૯માં વિવિધ કુદરતી આપત્તિઓ સામે રાજ્યના ખેડૂતોને રૂ.૧૬૭૩ કરોડની સહાય તેમજ વર્ષ ૨૦૧૭-૧૮માં આવેલ અતિવૃષ્ટિના કારણે બનાસકાંઠા અને અન્ય જિલ્લામાં જે નુકસાન થયું હતું તેની સામે પણ ખેડૂતોને રૂ.૧૭૦૬ કરોડની સહાય કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વની કિસાન હિતકારી રાજ્ય સરકારે આવાં ઉદારતમ સહાય પેકેજ આપવા સાથે હવે ધરતીપુત્રોને ખરીફ મોસમમાં કુદરતી આપત્તિથી થતા પાક નુકસાન સામે સહાયરૂપ થવા મુખ્યમંત્રી કિસાન સહાય યોજના વર્ષ ૨૦૨૧ માટે મંજૂર કરી છે. આ પહેલ ચોક્સપણે રાજ્યના ખેડૂતો માટે સહાયરૂપ બનશે અને આવનારા સમયમાં ખેડૂતોની આવક બમણી કરવામાં ગુજરાત દેશને નવી રાહ પણ ચીંધશે. ●

# મોરબીના જિલ્લા પંચાયત ભવનનું ગાંધીનગરથી ઈ-લોકાર્પણ





પંચાયત ભવનો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પંચાયતી રાજના મંદિર સમાન છે. પંચાયતો મિની સચિવાલય બને તેવી ગાંધીજીની કલ્પનાને સાકાર કરવા રાજ્ય સરકારે ગામડાં, તાલુકા અને જિલ્લા કક્ષાએ અત્યાધુનિક, સુવિધાસભર પંચાયત ભવનોનાં નિર્માણ કર્યાં છે. સત્તાના વિકેન્દ્રીકરણ એટલે કે ડિસેન્ટ્રલાઇઝેશન ઓફ પાવરને પરિણામે સ્થાનિક સ્તરે જ વિકાસ કામોના નિર્ણયો થવાથી રાજ્યમાં વિકાસની ગતિને નવી દિશા મળી છે.

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મોરબીમાં રૂ. ૨૭.૪૬ કરોડના ખર્ચે નિર્મિત જિલ્લા પંચાયત ભવનનું ગાંધીનગરથી ઇ-લોકાર્પણ કર્યુ હતુ. ગુજરાતના ગ્રામીણ લોકોની હૃદયની ભાવનાને ધબકતી રાખતાં પંચાયત ભવનો સરકારની યોજનાઓને જન-જન સુધી પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. પંચાયત ભવનો થકી લોકશાહીના મૂલ્યોનું જતન થાય અને વિકાસની સરવાણી વહેતી રહે તે માટે રાજ્યમાં પંચાયતી રાજની વ્યવસ્થા સુપેરે કાર્યરત છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી કહ્યું હતું કે, લોકોનો સરકાર પ્રતિ વિશ્વાસ વધે અને કર્મચારીઓ સ્ફૂર્તિથી ફરજ બજાવીને સાચા અર્થમાં કર્મયોગીઓ બને એવું આ સુવિધાસભર ભવન રાજ્ય સરકારની મહત્ત્વની યોજનાઓ લોકો સુધી પહોંચાડીને વિકાસનો ધોધ વહેવડાવનારું ભવન બની રહેશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, જિલ્લા પંચાયતો સહિત સરકારી કચેરીઓના ભવનો સુવિધાસભર હોય અને કોર્પોરેટ બિલ્ડિંગો કરતાં પણ ગુજરાત સરકારની કચેરીઓના ભવનો આધુનિક હોય એ દિશામાં ગુજરાત મોડેલ સ્ટેટ બની રહ્યું છે. રાજ્ય સરકાર આ માટે જે તે જિલ્લા પ્રશાસનને અનુદાન આપે છે. અત્યાર સુધીમાં અમરેલી, અરવલ્લી, બોટાદ, મહીસાગર, દેવભૂમિ દ્વારકા, છોટાઉદેપુર, ગીરસોમનાથ અને મોરબી જિલ્લા પંચાયતોનાં નૂતન ભવન નિર્માણ થઈ ગયાં છે જ્યારે સુરત, સુરેન્દ્રનગર, પંચમહાલ, ડાંગ અને ખેડા જિલ્લા પંચાયત ભવનોનાં નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.

મોરબી જિલ્લો હંમેશાં પડકારોને પોંખીને આગળ વધ્યો છે. રાજાશાહી યુગમાં 'પેરિસ' કહેવાતું મોરબી આજે ઘડિયાળ, ટાઇલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને નળિયા ઉત્પાદનને કારણે ઔદ્યોગિક રીતે અગ્રેસર છે. મોરબી આજ રીતે વિકાસશીલ અને આધુનિક બની રહે એવી શુભકામનાઓ શ્રી વિજયભાઇ રૂપાણીએ આપી હતી. તેમણે રૂ. ૨૭.૪૬ કરોડના ખર્ચે નવનિર્મિત જિલ્લા પંચાયતના ભવન માટે જિલ્લા પ્રશાસનને અભિનંદન પાઠવ્યા હતા.

સમારોહના આરંભે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશે સ્વાગત ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે, રાજ્ય સરકાર જિલ્લા પંચાયતોનાં ભવનના નિર્માણ માટે રૂ. ૨૯ કરોડ અને તાલુકા પંચાયતનાં ભવન નિર્માણ માટે રૂ. ૨.૫ કરોડ જેટલી માતબર રકમનું અનુદાન આપે છે. એટલું જ નહીં ગ્રામ પંચાયતોને નવા મકાનના બાંધકામ માટે વસતીના ધોરણે અનુદાન આપવામાં આવી રહ્યું છે. અત્યારે ગુજરાતમાં ૯૨ તાલુકા પંચાયતોનાં નવા ભવનોનું નિર્માણ થઈ ગયું છે અને ૨,૨૨૭ ગ્રામપંચાયતોનાં નવાં ભવનો બંધાયાં છે જ્યારે ૧,૦૦૭ ગ્રામ પંચાયતોનાં નવાં ભવનોના નિર્માણની કામગીરી પ્રગતિમાં છે.

આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઇ ચાવડા, શ્રી મોહનભાઇ કુંડારિયા, શ્રી મહેન્દ્રભાઇ મુંજપરા, શ્રીમતી પૂનમબહેન માડમ, ધારાસભ્ય શ્રી બ્રિજેશભાઇ મેરજા, શ્રી પરસોત્તમભાઇ સાબરિયા, પૂર્વ ધારાસભ્ય શ્રી કાંતિભાઇ અમૃતિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી. જે. ભગદેવ, પોલીસ અધિક્ષક શ્રી એસ. આર. ઓડેદરા તથા જિલ્લાના પદાધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. રાજ્યના વિકાસ કમિશનર શ્રી નલિન ઉપાધ્યાયે આભારવિધિ કરી હતી. ●




# ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન વડોદરામાં ૬ નવા પ્રોજેક્ટસ સ્થાપશે

રાજ્ય સરકારની પારદર્શી નીતિના પરિણામે ગુજરાત આજે રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. રાજ્ય સરકારની ઔદ્યોગિક નીતિ, રાજ્યમાં શાંતિ, સલામતીના વાતાવરણના કારણે દેશ વિદેશના રોકાણકારો ગુજરાતમાં ખેંચાઈ આવે છે. આજે ગુજરાત ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મેળવવામાં દેશમાં સૌથી મોખરે છે. ગુજરાતમાં દિવસેને દિવસે રોકાણકારો પોતાના ઉદ્યોગો સ્થાપી રહ્યા છે ત્યારે આ દિશામાં આગળ વધતા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન રૂ. ૨૪ હજાર કરોડના રોકાણ સાથે ૬ નવા પ્રોજેક્ટસ વડોદરામાં સ્થાપશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય પેટ્રોલિયમ-કુદરતી ગેસ-સ્ટીલ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની ઉપસ્થિતિમાં આ અંગેના MoU ગુજરાત સરકાર અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન વચ્ચે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટના પરિણામે વડોદરા અને આસપાસના વિસ્તારો સહિતના અંદાજે ૨૫ હજાર લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારના અવસર પ્રાપ્ત થશે.

ગુજરાત સરકાર વતી આ MoU પર મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ દ્વારા અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન વતી ચેરમેન શ્રી એસ. એમ. વૈદ્ય દ્વારા હસ્તાક્ષર કરીને MoUનું પરસ્પર આદાન-પ્રદાન થયું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાત ગેસ એન્ડ પેટ્રોકેમિકલ ક્ષેત્રે અગ્રણી રાજ્ય છે અને આ નવાં રોકાણોના પ્રોજેક્ટસથી રાજ્યમાં ડાઉન સ્ટ્રીમ ઉદ્યોગોને વધુ સક્ષમતા પ્રાપ્ત થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ''આત્મનિર્ભર ભારત''ના સંકલ્પને પૂર્ણ કરવામાં ગુજરાત મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

વૈશ્વિક કોરોના મહામારીની સમગ્ર દેશ સહિત ગુજરાતમાં પણ વ્યાપક અસર પડી છે તેમ છતાં ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથમાં ગુજરાતે વિકાસદર જાળવી રાખ્યો છે. મહામારીથી થયેલા નુકસાનને પહોંચી વળવા તેમજ ગુજરાતની આર્થિક વ્યવસ્થાને બુસ્ટ કરવા રાજ્ય સરકારે રૂ. ૧૪,૦૦૦ કરોડનું 'ગુજરાત આત્મનિર્ભર પેકેજ' જાહેર કર્યું હતું. ગુજરાતે એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ એટલે કે છેલ્લા નાણાકીય વર્ષ દરમિયાન કુલ ૧.૬૩ કરોડ રૂપિયાનું FDI પ્રાપ્ત કર્યું છે. આ સમયગાળા દરમિયાન દેશમાં આવેલા કુલ એફ.ડી.આઈનો દર ૩૭ ટકા રહ્યો છે, અને ગુજરાતે કોરોનાકાળમાં પણ સતત ચોથા વર્ષે પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

ગુજરાતે રાષ્ટ્રીય સ્તરે સર્વસમાવેશક આર્થિક વિકાસ પ્રાપ્ત કર્યો છે. ઓટોમોબાઈલ, કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સસ્ટાઈલ્સ,

સિરામિક, રિન્યૂએબલ એનર્જી, મેરીટાઈમ અને શહેરી વિકાસ જેવાં ક્ષેત્રોમાં ગુજરાતે સમગ્ર વિશ્વમાં અગ્રિમ હરોળમાં સ્થાન હાંસલ કર્યું છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, અમારું ફોક્સ ફક્ત મોટા ઇન્વેસ્ટમેન્ટ પર જ નહીં બલ્કે નાના-મધ્યમ ઉદ્યોગો પણ ગુજરાતમાં આવે અને ગુજરાતના વિકાસમાં ભાગીદાર બને તેના પર છે અને સરકાર આ દિશામાં કામ પણ કરી રહી છે. MSME સેક્ટરનો ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં મુખ્ય ફાળો રહ્યો છે. રાજ્યમાં ૩૫ લાખથી વધુ MSME છે, જે રાજ્યમાં સૌથી વધુ રોજગાર આપનારી ઇન્ડસ્ટ્રી તરીકે પણ ઊભરી આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં જ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં વિશ્વનો સૌથી મોટો હાઇબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કનો શિલાન્યાસ કર્યો છે, તેની ભૂમિકા આપી હતી. કચ્છમાં તૈયાર થનાર આ વિંડ સોલર હાઈબ્રિડ પાર્ક સિંગાપુર જેટલો વિશાળ છે. આ હાઈબ્રિડ પાર્ક ૧.૮ લાખ એકરમાં ફેલાયેલો છે જેની ઇન્સ્ટોલડ કેપેસિટી ૩૦,૦૦૦ મેગાવોટ હશે તેમ તેમણે જણાવ્યું હતું. રાજ્ય સરકાર 'ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ' અને 'પ્રોએક્ટિવ ઇન્વેસ્ટર ફેસિલિટેશન' પર પણ ફોક્સ રાખીને એ દિશામાં આગળ વધી રહી છે. એટલું જ નહીં, ગુજરાતમાં નવા ઇન્વેસ્ટમેન્ટ અને પરિયોજનાઓ માટે પણ રાજ્ય સરકાર દ્વારા સહયોગ આપવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો-કામદારો માટે કામચલાઉ આવાસ-રેન્ટલ એકોમોડેશનની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સંકલ્પનામાં ગુજરાત IOCLને આ હેતુસર જરૂરી જમીન અને અન્ય સુવિધાઓ પૂરી પાડવામાં પૂર્ણ સહયોગ કરશે તેમ ઉમેર્યુ હતું.

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાને ગુજરાત સરકાર અને IOCL વચ્ચે થયેલા રૂ. ૨૪૦૦૦ કરોડના મૂડી રોકાણ માટે ગુજરાત સરકાર અને IOCLને અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીશ્રીએ કહ્યું કે, સમગ્ર દુનિયા ક્લાઈમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગ વિશે ચર્ચા અને ચિંતા કરે છે પરંતુ ગુજરાતે દોઢ દશક પહેલાં તેની ચિંતા કરીને નેચરલ ગેસનો ઉપયોગ મોટા પ્રમાણમાં શરૂ કર્યો હતો. ભારતમાં ૬ ટકા નેચરલ ગેસનો ઉપયોગ થાય છે એટલે કે દેશની 'નેચરલ ગેસ' ની એવરેજ ૬ ટકા છે, 'ગ્લોબલ એવરેજ' ૨૪ ટકાની આસપાસ છે જ્યારે 'ગુજરાતની એવરેજ' ૨૬ ટકા એટલે કે 'ગ્લોબલ એવરેજ' કરતાં પણ ૨ ટકા વધુ છે તે માટે તેમણે અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીશ્રીએ કહ્યું કે, જ્યારે દેશ-દુનિયા સાથે કોઈપણ બાબતમાં તુલના કરવાની થાય ત્યારે ગુજરાતની વિશેષતા ધ્યાનમાં આવે છે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, કોરોના-કોવિડ મહામારીમાં ગુજરાતે પોતાની ઓક્સિજનની જરૂરિયાત સંતુલિત રાખીને દેશનાં અન્ય રાજ્યોને પણ ઓક્સિજન પૂરો પાડ્યો અને કોવિડ-19માં જે હેલ્થ મેનેજમેન્ટ કર્યું તે માટે ગુજરાત સરકાર અભિનંદનને પાત્ર છે. ગુજરાત રોકાણકારોની પહેલી પસંદ બન્યું છે તેના મૂળમાં પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્યના સર્વગ્રાહી વિકાસ માટે અપનાવેલા નવતર આયોજનો છે. શ્રી નરેન્દ્રભાઈએ વિકાસની કેડી કંડારી છે તેને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી વધુ તેજ ગતિથી આગળ ધપાવી રહ્યા છે.

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના ચેરમેન શ્રી વૈદ્યે IOC એ ગુજરાતમાં તેની સ્થાપનાથી આજ સુધીની જે પ્રગતિ સાધી છે તેની વિકાસગાથા રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે, ક્લીન એનર્જી પહેલના ભાગરૂપે ગુજરાત રિફાઈનરી ભારતનો પ્રથમ હાઈડ્રોજન વાયુ ઉત્પાદન પ્લાન્ટ શરૂ કરશે.

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં એક નવું પ્રકરણ ઉમેરતા ઇન્ડિયન ઓઇલ ગુજરાત રિફાઈનરીએ પોતાની ઉત્પાદનક્ષમતા 18 મિલિયન મેટ્રિક ટન પ્રતિવર્ષ લઈ જવાનું નક્કી કર્યું છે. અહીંના નવા ઉદ્યોગ એકમો પોલિપ્રોપેલીન, બ્યુટાઇલ એક્રિલેટ અને લુબ્રિકન્ટ જેવા ઔદ્યોગિક વપરાશના અગત્યના કાચા માલનું ઉત્પાદન કરશે. કોટિંગ-રંગકામ, એડહેસિવ- ગુંદર, ટેક્સટાઇલ અને અન્ય રસાયણો જે હાલ આયાત કરવામાં આવે છે તેના ઉત્પાદન માટે અતિ મહત્ત્વનું બ્યુટાઇલ એક્રિલેટ અહીં ઉત્પાદિત થશે અને આપણો દેશ આવા મહત્ત્વનાં ઔદ્યોગિક રસાયણો માટે આત્મનિર્ભર બનશે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ અને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે દાસે કહ્યું કે, આજે આખું વિશ્વ કોરોના મહામારીમાંથી પસાર થઇ રહ્યું છે, ત્યારે આપણા અર્થતંત્રને તાકાત આપવાની જરૂર છે, જેમાં IOCL અને ગુજરાત સરકાર વચ્ચે થયેલા ૨૪ હજાર કરોડના આ એમ.ઓ.યુ આવનારા સમયમાં અર્થતંત્રને વેગ આપશે.

અધિક મુખ્ય સચિવશ્રીએ વધુમાં કહ્યું કે, ગુજરાતમાં અત્યાર સુધી થયેલા એમ.ઓ.યુમાં મોટા પ્રોજેક્ટના કામો એમ.ઓ.યુ થયાના માત્ર ૧૧ મહિનામાં જ પૂરા કરી દેવામાં આવ્યા છે. ગુજરાત સરકારનો તમામ સહયોગ આવા પ્રોજેકટને આપવામાં આવ્યો છે. આવનારા સમયમાં IOCL દ્વારા ગુજરાતમાં વધુ રોકાણ પણ આવશે તેવો વિશ્વાસ પણ અધિક મુખ્ય સચિવશ્રીએ સૌને આવકારતાં સ્વાગત પ્રવચનમાં વ્યકત કર્યો હતો.

આ MoU પ્રસંગે મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના નિયામક શ્રી પરિન્દુ ભગત, ઇન્ડેક્ષ્ટ-બી ના એમ.ડી. શ્રીમતી નિલમ રાની, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન-ગુજરાત રિફાઇનરીના અધિકારીઓ વગેરે જોડાયાં હતાં. ●

# 108 એમ્બ્યુલન્સ વાનના કાફલામાં ૨૫નો વધારો






નાગરિકોને આકસ્મિક સંજોગોમાં ત્વરિત આરોગ્ય સેવાઓ પૂરી પાડીને મહામૂલી જિંદગી બચાવવાના ઉદ્દેશથી જ રાજ્યમાં ૮૦૦થી વધુ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ વાનની સેવાઓ કાર્યરત છે. તાજેતરમાં ગાંધીનગરમાં નવી પચ્ચીસ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વાનનું લોકાર્પણ કરતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૧૦૮ની ૮૦૦ એમ્બ્યુલન્સ સેવા રાજ્યભરમાં કાર્યરત છે. આ યોજનાની સફળતાને ધ્યાને લઈને તેમાં વધારો કરાયો છે. નાગરિકોની મહામૂલી જિંદગી બચાવવા માટે આગામી બે-ત્રણ માસમાં નવી પંચોતેર ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની સુવિધા નાગરિકો માટે કાર્યાન્વિત કરાશે. દર્દીઓને વધુ સઘન સારવાર મળી રહે એ માટે ૨૦૦ એમ્બ્યુલન્સ વાનમાં વેન્ટિલેટર સહિત મોનિટર અને અન્ય આનુષંગિક સાધનો સાથે સુસજ્જ છે.

તેમણે ઉમેર્યું કે ૧૦૮ એમ્બ્યુલન્સ વાન દ્વારા ૧ કરોડ ૨૨ લાખથી વધુ દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડાયા છે એટલું જ નહીં ૧.૨૦ લાખથી વધુ મહિલાઓની પ્રસૂતિ પણ આ વાનમાં કરાઈ છે. કોરોનાકાળમાં ૧૦૮ દ્વારા ૨.૧૫ લાખથી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓને હોસ્પિટલ સુધી પહોંચાડવાની કામગીરી કરી છે. એટલું જ નહીં હોસ્પિટલમાં દર્દીઓને પથારી મળે ત્યાં સુધી બે-ચાર કલાક સુધી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનમાં જ ઓક્સિજન સુવિધાઓ પૂરી પાડીને નાગરિકોની મહામૂલી જિંદગી બચાવવા માટેના અવિરત પ્રયાસો કરાયા છે. આ પ્રસંગે આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## અમરેલીના પાંચ તાલુકામાં માર્ગ નિર્માણને મંજૂરી

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયાના રૂ. ૧૪ કરોડ તેમજ જાફરાબાદ, રાજુલા અને ખાંભા તાલુકામાં રૂ.૧૪ કરોડના માર્ગોનાં કામો એમ કુલ મળી જિલ્લામાં રૂ.૨૮ કરોડના માર્ગોનાં કામો નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા મંજૂર કરવામાં આવ્યાં છે.

સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં ભૂવાથી ધાર રોડ, ઠવી-દંડલેશ્વર મહાદેવ ગોરી ટોપરા રોડ, લીખાળાં-ગોરડકા રોડ એમ ત્રણ રોડને ડામર રોડ બનાવવામાં આવશે. તેમજ અંટાળિયા સાજન ટીમ્બા હરીપર રોડને પહોળા કરવાની કરવામાં આવશે.

આ પ્રમાણે જાફરાબાદ, રાજુલા અને ખાંભા તાલુકાના વડલી-નાના રીંગણિયાળા રોડ, સાળવા- આંબલિયાળા રોડ, પીછડી-મોટાબારમણ રોડ, ચાંચબંદરથી અઠારાપરા વિસ્તાર રોડ, પાટી માણસા જામકા રોડ, રાજુલા જૂની માંડરડી રોડ, ભેરાઈ-ઠવી વિસ્તાર રોડ એમ કુલ સાત ડામર રોડ બનાવાશે. તેમજ બારપટોળી કાગવદર રોડ અને પીપરિયા સમઢિયાળા રોડને પહોળા કરવાની કામગીરી કરવામાં આવશે. ●

## માણસાની જનરલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ

કોરોનાકાળમાં ઓક્સિજનની મહત્તા સૌકોઇને સમજાઇ ગઇ છે. રાજ્યની વિવિધ હોસ્પિટલ્સમાં દર્દીઓની સેવામાં ઉપયોગી નિવડતા ઓક્સિજન ઉત્પાદિત કરતાં પ્લાન્ટના નિર્માણને રાજ્ય સરકારે પ્રાથમિકતા આપી છે. તાજેતરમાં માણસાની જનરલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કર્યું હતું.

અમદાવાદના શ્રી માતા વૈષ્ણાદેવી તીર્થધામના સહયોગથી તૈયાર કરાયેલા આ ઓક્સિજન પ્લાન્ટ થકી હોસ્પિટલમાં ૬૦ દર્દીઓની ઓક્સિજન જરૂરિયાત સંતોષી શકાશે. તેમજ લાઇટ જતી રહે તેવી સ્થિતિમાં હોસ્પિટલને કાર્યરત રાખવા ઓસ્ટ્રેલિયામાં રહેતા યુવાનોએ રૂપિયા ૧૧ લાખના ખર્ચે અર્પણ કરેલ જનરેટર સેટનું અને નવનિર્મિત આઠ ડાયાલિસીસ બેડ સેન્ટરનું પણ તેમના હસ્તે લોકાર્પણ કરાયું હતું. નાયબ મુખ્ય મંત્રીશ્રીના હસ્તે દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ સાથે તેમણે સમગ્ર હોસ્પિટલનું જાત નિરીક્ષણ કર્યું હતું. ●

## કોરોના રસીકરણ અભિયાનમાં ગુજરાતની અપૂર્વ સિદ્ધિ

# ગુજરાત રસીકરણના દરેક તબક્કે 'પર મિલિયન રસીકરણ'માં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં ગુજરાતે કોરોના રસીકરણ અભિયાનમાં અપૂર્વ સિદ્ધિ મેળવી છે. તા. ૧૨ જૂન શનિવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં રાજ્યમાં કોરોના રસીના ૨ કરોડ ડોઝ લોકોને આપવામાં આવ્યા છે. બે કરોડ રસીના આ ડોઝમાં તા.13 જૂન સુધીમાં ૧ કરોડ ૫૫ લાખ પ્રથમ ડોઝ અને ૪૫ લાખ સેકન્ડ ડોઝ આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં નાગરિકોના વિનામૂલ્યે રસીકરણના રાજ્ય સરકાર દ્વારા અમલી અભિયાનને પરિણામે ગુજરાતમાં રસીકરણ અભિયાન શરૂ થયાના માત્ર પાંચ મહિનામાં બે કરોડ લોકોને વ્યાપક રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ગુજરાત રસીકરણના દરેક તબક્કે 'પર મિલિયન રસીકરણ'માં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. હાલ રાજ્યમાં દૈનિક ૩ લાખની આસપાસ વ્યક્તિઓને કોવિડ-૧૯ રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે.



આ લખાય છે ત્યારે એટલે કે તા. 13 જૂન સુધી હેલ્થ વર્કર જુથમાં ૬.૧૭ લાખને પ્રથમ ડોઝ અને ૪.૪૬ લાખને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. કુલ ૧૩.૨૪ લાખ ફ્રન્ટ લાઇન વર્કરને પ્રથમ ડોઝ તથા ૬.૫૪ લાખને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૪૫થી વધુ ઉંમર ધરાવતા કુલ ૯૯.૪૧ લાખ લોકોને પ્રથમ ડોઝ અને ૩૩.૮૨ લાખ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. ૧૮થી ૪૪ વય જુથના ૩૬.૦૨ લાખ લોકોને પ્રથમ ડોઝ અને ૫૯ હજાર લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

ગુજરાતમાં ૧૬ જાન્યુઆરીથી તબક્કાવાર રસીકરણનો પ્રારંભ થયો હતો. પ્રથમ તબક્કામાં હેલ્થ અને ફ્રન્ટલાઈન વર્કર, ૧લી માર્ચથી શરુ થયેલા બીજા તબક્કામાં કોમોર્બિડ અને વૃદ્ધ લોકો, ૧લી એપ્રિલથી શરુ થયેલા ત્રીજા તબક્કામાં ૪૫થી વધુ વયના લોકો અને ચોથા તબક્કામાં ૧૮થી ૪૪ વયના લોકોને રસી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

હેલ્થ વર્કર ફ્રન્ટલાઈન વર્કર અને કોમોર્બિડ વ્યક્તિઓના સફળ રસીકરણ અભિયાનના અમલીકરણ બાદ રાજ્ય સરકારે ગુજરાત સ્થાપના દિન-૧લી મેથી રાજ્યના યુવાનોને રસી આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧લી મેથી રાજ્યના ૭ મહાનગરો અને ૩ જિલ્લામાં રોજના ૩૦ હજાર ડોઝ આપી યુવાનોનું રસીકરણ શરુ કરવામાં આવ્યું હતું

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અધ્યક્ષતામાં નિયમિત મળતી કોર કમિટીએ ત્યારબાદ ૨૪મી મેથી એક અઠવાડિયા સુધી આ ૧૦ જિલ્લાઓમાં ૩૦ હજારને બદલે રોજના ૧ લાખ ડોઝ આપવાનું નક્કી કર્યું હતું. વળી આ દરમિયાન અગાઉના ત્રણ તબક્કામાં પ્રથમ ડોઝ મેળવેલ વ્યક્તિઓને બીજો ડોઝ આપવાની કામગીરી પણ સુપેરે યથાવત રહી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૪થી જૂનથી રાજ્યના તમામ જિલ્લાઓમાં શહેરી-ગ્રામીણ વિસ્તારને આવરી લઈ રાજ્યવ્યાપી રસીકરણ અભિયાન શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ અભિયાન અંતર્ગત પણ હાલ યુવાઓના વ્યાપક રસીકરણનો રાજ્યવ્યાપી કાર્યક્રમ ચાલી રહ્યો છે. ગુજરાતમાં રસીકરણ અભિયાનના શરૂ થયાના માત્ર પાંચ જ મહિનામાં બે કરોડ લોકોને વ્યાપક રસીકરણ અભિયાન હેઠળ મુખ્યમંત્રીશ્રીના સતત માર્ગદર્શનમાં આવરી લેવામાં આવ્યા છે.

આ માટે રાજ્ય સરકારે કુલ ૧૨૦૦થી વધુ રસીકરણ કેન્દ્રો રાજ્યભરમાં ઊભા કર્યા છે. દિવ્યાંગ અને વૃદ્ધો માટે વિશેષ વેક્સિનેશન કેમ્પ જેવી પહેલ તથા સામાજિક સંગઠનો, કોમ્યુનિટી હોલ અને ખાનગી હોસ્પિટલના સહકારથી રસીકરણના અભિયાનના વધુ સશક્ત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સફળતાપૂર્વકની કામગીરી માટે આરોગ્ય વિભાગના સૌ કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા.

તજજ્ઞો ત્રીજી લહેરની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં વધુને વધુ લોકોને કોરોના રસીના ડોઝ આપીને કોરોના સામે રક્ષણ આપવાનું આ એક મહા અભિયાન વધુ વ્યાપક બનાવવા આરોગ્ય કર્મીઓને આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કોરોના સામેના આ અમોઘ શસ્ત્ર એવા રસીકરણમાં રાજ્યના તમામ નાગરિકોને આવરી લઈ સંભવિત ત્રીજી લહેરમાં ઓછામાં ઓછાં લોકો સંક્રમિત થાય તેવા સંકલ્પ સાથે ગુજરાત કોરોના સામે જંગ છેડશે. ●

### "જલ જીવન મિશન" રાજ્યમાં વેગવંતુ બન્યું...

# કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને રૂ. 3411 કરોડની ફાળવણી

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2024 સુધીમાં દેશના દરેક ઘરને નળથી જળ આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકાર દેશમાં સૌથી ઝડપી કાર્ય કરી રહી છે. ગુજરાતે જાણે જલ જીવન મિશનનું નેતૃત્વ લીધું હોય તે રીતે દેશમાં ઉદાહરણ રૂપ કાર્ય થઈ રહ્યું છે. જેની નોંધ લઈ " નેશનલ જલ જીવન મિશન" હેઠળની યોજનાના ભાગરૂપે કેન્દ્ર સરકારે વર્ષ-2021-22 માટે ગુજરાત સરકારને રૂ. 3410.61 કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી છે. આ પૈકીની રૂ. 852.65 કરોડની રકમ રાજ્ય સરકારને આપી પણ દેવાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ-2019-20 માટે આ યોજના અંતર્ગત માત્ર રૂ. 390.31 કરોડની ફાળવણી થઈ હતી, જે વર્ષ-2020-21માં વધારીને રૂ.883.08 કરોડ જેટલી કરી દેવામાં આવી હતી. કેન્દ્રીય જળસંસાધન મંત્રીશ્રી ગજેન્દ્રસિંહે ગુજરાત માટે ચાલુ વર્ષે આ અભિયાન અંતર્ગતની રકમ આશરે ચાર ગણી વધારી દીધી છે.

"જલ જીવન મિશન: હર ઘર જલ" યોજનાનો પ્રારંભ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટ, 2019ના રોજ કરાવ્યો હતો. જેનો ઉદેશ વર્ષ-2024 સુધીમાં ગ્રામીણ લોકોનું અને ખાસ કરીને મહિલાઓ અને દીકરીઓનું જીવનધોરણ સુધારીને પ્રત્યેક ઘર સુધી પીવાલાયક શુદ્ધ પાણી પહોંચાડવાનો હતો. વર્ષ-2020-21માં ગુજરાતના 10.94 લાખ ગ્રામીણ ઘરો સુધી "નળથી જળ" પહોંચતું કરી દેવામાં આવ્યું છે. જયારે વર્ષ 2021-22 સુધીમાં વધુ 10 લાખ ઘરો સુધી નળ મારફતે શુદ્ધ જળ પહોંચાડવાની યોજના છે. રાજ્યમાં 92.22 લાખ ગ્રામીણ આવાસો છે, જે પૈકીના 77.21 લાખ (આશરે 83%) ઘરો સુધી પાઈપથી પાણી પહોંચતું થાય છે. ગત વર્ષે, આ યોજનાની સમીક્ષા બેઠક દરમિયાન કેન્દ્રીય જળસંસાધન મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવતને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'જળ જીવન મિશન'ને વેગવંતુ બનાવીને રાષ્ટ્રીય લક્ષ્યાંક પૂર્વે વર્ષ-2022ના અંત સુધીમાં રાજ્યના પ્રત્યેક ગ્રામીણ ઘરોમાં "નળ થી જળ" પહોંચાડી દેવાની ખાતરી આપી હતી.



ગુજરાતમાં આશરે 6700 ગામો એવાં છે; જ્યાં 100% ઘરોમાં "નળથી જળ" પહોંચી ચૂક્યું છે. વર્ષ-2020-21માં બીજાં 5900 ગામોમાં 100% ઘરોને "હર ઘર જળ" અંતર્ગત નળ દ્વારા પાણી પૂરું પાડવાની કામગીરી ચાલુ થઇ ગઈ છે. અત્રે નોંધવું જોઈએ કે, રાજ્યના પાંચ જિલ્લાઓના પ્રત્યેક ગ્રામીણ ઘરમાં "નળથી જળ" ઉપલબ્ધ છે.

લોકભાગીદારિતા સાધીને વિકાસ કરવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે અને આ પ્રવૃત્તિ હેઠળ જ "પાણી સમિતિ"ની સ્થાપના કરીને ગ્રામિણસ્તરે પીવાના પાણીનું સંચાલન કરવામાં આવ્યું છે. જેની શરૂઆત વર્ષ-2002માં વોટર એન્ડ સેનિટાઇઝેશન ઓર્ગેનાઇઝેશન (વાસ્મો)ની સ્થાપના સાથે થઇ હતી. 17,225 ગામડાઓમાં 10-15 સ્થાનિકો મળીને લોકગીદારિતાથી "પાણી સમિતિ" બનાવે છે અને તેની યોજના, અમલીકરણ અને જાળવણીની કામગીરી કરે છે. અત્યાર સુધી 17,107 ગામડાઓમાં 5 વર્ષીય એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે; જે 15-માં નાણાપંચના સમયગાળા સાથે સાયુજય સાધીને પાણીની સુરક્ષા અને સ્વચ્છતા સુનિશ્ચિત કરશે. આ કામગીરીમાં સ્થાનિક લોકો મુખ્ય ભાગ ભજવે છે. અને તેઓ ગામડાની જરૂરિયાત પ્રમાણે પાણીના સ્રોત શોધી પ્લાન બનાવે છે, જ્યારે પબ્લિક હેલ્થ એન્જિનિઅર તેમને ટેક્નીકલ સહયોગ પૂરો પાડે છે.

રાજ્ય દ્વારા મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ અને સંસદ આદર્શ ગ્રામ યોજના (એસએજીવાય)ના ગામોમાં નળનાં પાણીનાં જોડાણો પૂરાં પાડવામાં વેગ મળ્યો છે. ગુજરાતમાં કુલ 86 જળ-પરીક્ષણ પ્રયોગશાળાઓ છે જેમાંથી આઠને એનએબીએલ દ્વારા માન્યતા પ્રાપ્ત છે. ગ્રામીણ ઘરોને પૂરા પાડવામાં આવતા નળના પાણીની કામગીરીની દેખરેખને મજબૂત બનાવવા માટે, ગુજરાતે 20 ગામોમાં સ્માર્ટ વોટર મોનિટરિંગ હાથ ધર્યું છે. દાહોદ જિલ્લામાં ચાર પાઈલટ પ્રોજેક્ટસની શરૂઆત થઈ ચૂકી છે. રાજ્ય સરકાર આ વર્ષે આઈઓટી આધારિત સ્માર્ટ વોટર સપ્લાય મોનિટરિંગ માટે 500 થી વધુ ગામડાં આવરી લેવાની યોજના ધરાવે છે. ●

## નીતિ આયોગના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત

# આરોગ્ય સેવામાં ગુજરાત દેશમાં પ્રથમ

નાગરિકોને ઘરઆંગણે સત્વરે આરોગ્યલક્ષી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. જેની ભારત નીતિ આયોગે પણ નોંધ લઇને ગુજરાતની આરોગ્ય સેવાઓને ૮૬ના ઈન્ડેક્સના સૂચકાંક (માર્ક્સ) સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ આપ્યો છે. જે ગુજરાત માટે ગૌરવની વાત છે. તાજેતરમાં પ્રકાશિત થયેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસ.ડી.જી.) - નીતિ આયોગ - ઈન્ડેક્સ વર્ષ ૨૦૨૦-૨૧માં આરોગ્ય સંબંધિત એસ.ડી.જી.૦૩ માં ગુજરાત ૮૬ સ્કોર સાથે તમામ રાજ્યોમાં પ્રથમ ક્રમે છે. સમગ્ર દેશમાં અને રાજ્યમાં સ્વાસ્થ્ય અને સુખાકારીના માપદંડ માટે એસ.ડી.જી.૦૩ અંતર્ગત દસ સૂચકાંકોની પસંદગી કરવામાં આવે છે. જેમાં જનઆરોગ્ય સંબંધિત અસરકારક કામગીરીના પરિણામે ગુજરાતની પસંદગી થઇ છે.

નીતિ આયોગ દ્વારા આરોગ્ય ક્ષેત્રે સૂચકાંકો નિયત કરાયા હતાં તે સંદર્ભે ગુજરાતે કરેલી કામગીરીનો ચિતાર નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, એક લાખ બાળકો જન્મે તેની સામે સમગ્ર ભારતમાં ૧૧૩ માતાનાં મરણ નોંધાય છે જેની સામે ગુજરાતમાં આરોગ્યની સુવિધાઓ અને સમયસરના અસરકારક પગલાને કારણે માતા મૃત્યુદરમાં ઘટાડો થઇ ૭૫ માતાઓનું મરણ થાય છે. તેવી જ રીતે પાંચ વર્ષ સુધીનાં બાળકોના મૃત્યુદર ભારતના ૩૬ બાળકોની સામે ગુજરાતમાં ૩૧ છે. ૧ લાખની વસ્તીએ ટી.બી. રોગના દર્દીઓને શોધી સમગ્ર દેશમાં ૧૭૭ ને સારવાર અપાય છે તેની સામે ગુજરાતમાં ૨૩૨ ને સારવાર આપવામાં આવે છે. ચેપ વગરના ૧૦૦૦ ની વસ્તીએ દેશમાં અને ગુજરાતમાં એચ.આઇ.વી. નું પ્રમાણ ૦.૦૫ છે. એક લાખની વસ્તીએ રોડ ટ્રાફિક અકસ્માતમાં દેશમાં ૧૧.૫ ના મૃત્યુ થાય છે જેની સામે ગુજરાતમાં તમામ વિભાગની અસરકારક કામગીરીને કારણે અકસ્માતથી મૃત્યુના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો ૧૦.૮ છે. સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ દેશભરમાં ૯૪.૪ ટકા છે જેની સામે ગુજરાતમાં ૯૯.૫ ટકા સંસ્થાકિય પ્રસૂતિ થકી માતા અને બાળકોના મૃત્યુદરમાં પણ ઘટાડો થયો છે એ જ રીતે ઉપરોક્ત આરોગ્યની તમામ સેવાઓ આપવા માટે દર ૧૦,૦૦૦ની વસ્તીએ ઉપલબ્ધ તબીબી અધિકારી, સ્ટાફનર્સ અને મીડવાઇફ સમગ્ર દેશમાં ૩૭ છે જ્યારે ગુજરાતમાં ૪૧ છે.

તેમણે ઉમેર્યુ કે, ઈન્ડેક્સ વર્ષ ૨૦૨૦-૨૧માં એસ.ડી.જી.૦૩ માટે આરોગ્ય ઈન્ડેક્સનો સ્કોર રાજ્યો કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૫૯ થી ૮૬ની વચ્ચે છે, જેમાં રાજ્યોની કેટેગરીમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. પાંચ વર્ષથી પ્રકાશિત થતા ઈન્ડેક્સમાં રાજ્યનો હેલ્થ ઈન્ડેક્સ સ્કોર અને વિવિધ રાજ્યોમાં ગુજરાતનો ક્રમ ઉત્તરોત્તર વધીને નંબર-૧ પર આવ્યો છે. સર્વાંગી વિકાસ માટે સારું સ્વાસ્થ્ય આવશ્યક ચાવીરૂપ છે આથી વિવિધ આર્થિક અને સામાજિક અસમાનતાઓ, ઝડપી શહેરીકરણ, પર્યાવરણ - આબોહવા માટે જોખમોને ધ્યાને લઈ, ગંભીર તથા નવા રોગો, માનસિક આરોગ્યની સમસ્યાઓ જેવા મુદ્દાઓ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. જેથી ગુણવત્તાસભર આવશ્યક આરોગ્ય સેવાઓની પહોંચ વધારી, સલામત અને અસરકારક સેવાઓ થકી સાર્વત્રિક આરોગ્ય સેવાઓ પૂરી પાડી શકાય.

ભારત સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષથી એસ.ડી.જી. સંબંધિત ઈન્ડેક્સની શ્રેણી ચલાવવામાં આવી રહી છે, જેમાં નીતિ આયોગ દ્વારા એસ.ડી.જી.ની પ્રાથમિકતાઓ ધ્યાને લઈ "ઇન્ડિયા ઇન્ડેક્સ અને ડેશબોર્ડ" તૈયાર કરવામાં આવે છે. રાષ્ટ્રીય અને રાજકીય સ્તરે થયેલી પ્રગતિની દેખરેખ હેઠળ આરોગ્ય માટેની વિવિધ સરકારી યોજનાઓ, જેવી કે આયુષ્માન ભારત, પોષણ અભિયાન, સ્વચ્છ ભારત અભિયાનનું સુચારુ અમલીકરણ તથા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સ્વસ્થ સ્પર્ધાની સાથે સાથે રાજ્યો દ્વારા કરેલ નવીન પહેલ અને તેની પ્રગતિનું નિરીક્ષણ કરવામાં આવે છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના અથાગ પ્રયાસો અને રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓએ કોરોના મહામારીમાં પણ બજાવેલી ઉત્કૃષ્ટ કામગીરીને પરિણામે આ શક્ય બન્યું છે. જે સમગ્ર ગુજરાત રાજ્યની જનતાને ગૌરવ અપાવે તેવું છે. ●



## કોરોના સંક્રમણને રોકનારૂં અને ઈકોનોમીને પણ બચાવનારૂં અસરકારક ગુજરાત મોડેલ

# ફક્ત 2 ટકા એક્ટિવ કેસીસ રેશિયો સાથે 96.8% રિકવરી રેટ હાંસલ કરવામાં ગુજરાત સફળ

કોરોના મહામારીની ઘાતક બીજી લહેર સમગ્ર દેશમાં ફેલાયા પછી, ગુજરાત ભારતનાં એવાં કેટલાંક જૂજ રાજ્યોમાં સામેલ છે, જેણે કોરોનાના દર્દીઓમાં નોંધપાત્ર રિકવરી નોંધાવી છે. બીજી લહેર દરમિયાન ફેલાયેલો કોરોના વાઈરસનો સંક્રમણ દર તેમજ દૈનિક પોઝિટિવ કેસોની સંખ્યા અને કોરોનાને લીધે થતાં મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવામાં ગુજરાત સફળ રહ્યું છે.

એપ્રિલ મહિનાની શરૂઆતમાં રાજ્યમાં જે રીતે કોરોના વાઈરસનો વ્યાપ વધ્યો હતો તેને જોતાં ગુજરાતમાં થયેલી રિકવરી ખરેખર પ્રભાવિત કરનારી છે. 7 જૂન, 2021ની તારીખે ગુજરાતમાં 2% ના એક્ટિવ રેશિયો સાથે કોવિડ-19ના ફક્ત 16,162 એક્ટિવ કેસીસ જ છે, જ્યારે તેની સામે રાજ્યના 7, 90, 906 લોકો કોરોનાથી સાજા થયા છે અને તે સાથે જ રાજ્યનો રિકવરી રેટ 96.8% જેટલા ઊંચા દરે પહોંચ્યો છે. રાજ્યનો ટેસ્ટ પોઝિટિવિટી રેશિયો પણ ઘટીને 1.4% પર પહોંચ્યો છે, જે દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ઘણો ઓછો છે.

રાજ્યમાં એક્ટિવ કેસીસનો ગ્રાફ ઈન્વેર્ટેડ વી (V) આકારનો છે, જે દર્શાવે છે કે બીજી લહેરનો સૌથી ખરાબ તબક્કો હવે પૂરો થઈ ગયો છે અને હવે કેસીસનો આંકડો એપ્રિલની શરૂઆત પહેલા જે સ્તર પર હતો તેની આસપાસ પહોંચી ગયો છે.

આ ઉપરાંત, ગુજરાત ભારતના મહત્ત્વાકાંક્ષી રસીકરણ અભિયાનને ત્વરિત ગતિએ આગળ વધારનારા રાજ્યોમાંનું એક છે. ગુજરાતે ખૂબ ઝડપથી ટોચના એ રાજ્યોમાં સ્થાન મેળવી લીધું, જ્યાં રસીના બંને ડોઝ મેળવનારી વસ્તીની ટકાવારી સૌથી વધુ છે. ગુજરાતની કુલ વસ્તીના આશરે 6.4 ટકા લોકોનું સંપૂર્ણ રસીકરણ થઈ ચૂક્યું છે.

### ગુજરાત મોડલ, જેના કારણે કોરોના મહામારીની બીજી લહેર પછી રાજ્યને ઝડપી રિકવરી મેળવવામાં મદદ મળી

સૌપ્રથમ ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે ગુજરાતે બીજી લહેર દરમિયાન ક્યારેય પણ સંપૂર્ણ લોકડાઉન લાગુ નહોતું કર્યું. કોરોના મહામારીની પ્રથમ લહેર દરમિયાન રાજ્યના લોકોને પહેલાં જ ખૂબ આર્થિક નુકસાન થઈ ચૂક્યું હતું. આ બાબતને ધ્યાને રાખીને ગુજરાત સરકારે, મહારાષ્ટ્ર અને દિલ્હી જેવાં રાજ્યો દ્વારા જે સંપૂર્ણ પ્રતિબંધો લાદવાનો અભિગમ અપનાવવામાં આવ્યો, તેને બદલે વધુ આયોજનબદ્ધ અને સંતુલિત પદ્ધતિથી આ મહામારીનો સામનો કરવાનો નિર્ણય કર્યો. પરિણામે, રાજ્યમાં કોરોના વાઈરસની ગાઈડલાઈન્સના કડકાઈથી પાલન કરવાની સાથે આર્થિક પ્રવૃત્તિઓ સતત ચાલુ રહી.

રાજ્યભરમાં લોકડાઉન લાગુ કરીને ગરીબ લોકોની આવક પર પ્રહાર કરવાને બદલે રાજ્ય સરકારે એવા વિસ્તારોમાં માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન્સ સ્થાપિત કરવાની સ્ટ્રેટેજી અપનાવી, જ્યાં કોવિડ-19ના કેસોની સંખ્યા અમુક ચોક્કસ આંકડાથી ઉપર હોય. જો સક્રિય કોવિડ-19 કેસોની સંખ્યા પૂર્વ નિર્ધારિત સંખ્યાને પાર કરી જાય, તો એવા રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સીસ અને ગેટેડ કોમ્યુનિટીઓને માઈક્રો કન્ટેઈન્મેન્ટ ઝોન્સ જાહેર કરવામાં આવતા હતા. આ સ્ટ્રેટેજીને પરિણામે, આર્થિક પ્રવૃત્તિઓ પણ ચાલુ રાખી શકાઈ અને ફક્ત એ જ વિસ્તારોને બંધ કરવા પડ્યા જ્યાં કોરોનાના કેસીસમાં ઉછાળો નોંધાયો હતો. આમ, લોકડાઉન અને અર્થવ્યવસ્થા બંને વચ્ચે સંતુલન જાળવી શકાયું.

### જાન ભી હૈ જહાન ભી હૈ નું શ્રેષ્ઠ ઉદાહરણ બન્યું ગુજરાત મોડલ

ગુજરાતમાં ક્યારેય પણ સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવામાં નહોતું આવ્યું, તેમ છતાંપણ કોરોના મહામારીના કારણે આર્થિક પ્રવૃત્તિઓને અસર તો થઈ જ હતી.મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ એક સંવેદનશીલ નિર્ણય કરીને કોરોના મહામારીથી અસરગ્રસ્ત રાજ્યમાં સ્થિત હોટલો, રિસોર્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વોટર પાર્ક્સને એક વર્ષ માટે એટલે કે 1 એપ્રિલ, 2021થી 31 માર્ચ, 2022 સુધી પ્રોપર્ટી ટેક્સ તેમજ ઈલેક્ટ્રિસિટી બિલના ફિક્સ્ડ ચાર્જિસમાંથી રાહત આપી છે. આ નિર્ણયની જાહેરાત સાથે જ ગુજરાત એવાં કેટલાંક રાજ્યોમાં સ્થાન પામ્યું છે, જેમણે મહામારી પછી આર્થિક સંકટનો સામનો કરવામાં ધંધા-ઉદ્યોગોની મદદ કરી છે.


### કેવી રીતે ગુજરાતે કોવિડ-19 મહામારીનો સામનો કરવા માટે ઉદ્યોગજૂથો અને મંદિરોનો ઉપયોગ કર્યો

કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન મેડિકલ ઓક્સિજનનો સપ્લાય એ ફક્ત ગુજરાત જ નહીં પરંતુ દેશનાં ઘણાં રાજ્યોમાં એક મોટી સમસ્યા હતી. કોવિડ-19ની બીજી લહેરે શ્વસનની ગંભીર બીમારી નોતરી હતી, આ વાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે ઓક્સિજન પ્લાન્ટ્સ ઊભા કર્યાં. રાજ્ય સરકારે ઝડપથી ઓક્સિજનનું ઉત્પાદન વધાર્યું, કે જેથી ફક્ત રાજ્યની જ નહીં પરંતુ પાડોશી રાજ્યોની ઓક્સિજનની જરૂરિયાત પણ પૂરી કરી શકાય.

કોરોના મહામારીના આ પ્રકોપને પહોંચી વળવા માટે એ તમામ લોકોની મદદ લેવામાં આવી જેઓ રાજ્ય સરકારને મદદ કરવા માટે ઈચ્છુક હતા. કોરોના વાઈરસના સંક્રમણ પર કાબૂ












મેળવવા માટે રાજ્ય સરકારને સક્રિય મદદ મળે તે હેતુથી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે ખાનગી ક્ષેત્રને પણ આ કાર્યમાં જોડ્યું. રિલાયન્સે મેડિકલ ઓક્સિજનનું પ્રતિદિન 0થી 1000 મેટ્રિક ટન નિઃશુલ્ક ઉત્પાદન ઝડપથી કરી શકાય તે માટે પોતાના સંસાધનોને ડાયવર્ટ કર્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના જણાવ્યા પ્રમાણે, પોતાની દૈનિક 1000 મેટ્રિક ટન ઉત્પાદન ક્ષમતા સાથે કંપની આજે દૈનિક સરેરાશ 1 લાખથી વધુ લોકોની ઓક્સિજનની જરૂરિયાત પૂરી કરી રહી છે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં રિલાયન્સે તેની ગુજરાત ખાતેની રિફાઈનરીમાંથી મહારાષ્ટ્રને નિઃશુલ્ક ઓક્સિજન મોકલવાનું શરૂ કર્યું હતું. તે સમયે કોવિડ-19ના સતત વધી રહેલા કેસોને કારણે મહારાષ્ટ્ર ઓક્સિજનની ભયંકર અછતનો સામનો કરી રહ્યું હતું. ત્યારે કંપની તેના પેટ્રોલિયમ કોક ગેસિફિકેશન માટે વપરાતા ઓક્સિજનને મેડિકલ ઉપયોગ માટે લાયક બનાવીને તે ઓક્સિજન મહારાષ્ટ્રને મોકલી રહી હતી.

કંપનીએ ઓક્સિજનના ટ્રાન્સપોર્ટેશન માટે ઓછામાં ઓછા 24 ISO કન્ટેઈનર્સ પણ એરલિફ્ટ કર્યા હતા, જેના કારણે ભારત માટે ટ્રાન્સપોર્ટેશનની ક્ષમતામાં 500 મેટ્રિક ટનનો એડિશનલ વધારો થયો હતો. આ સાથે જ રિલાયન્સે ગુજરાતના જામનગરમાં અવિરત ઓક્સિજન સપ્લાય સાથેની 1000 બેડ્સની હોસ્પિટલ પણ ઊભી કરી હતી.


કોરોના મહામારી સામે લડવા માટે ગુજરાત સરકારે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની પણ મદદ માંગી હતી. અદાણી ગ્રૂપ દ્વારા અમદાવાદમાં ચલાવવામાં આવતી સ્કૂલને કોવિડ કેર સેન્ટરમાં ફેરવવામાં આવી હતી. આ સેન્ટર મારફતે અદાણી ફાઉન્ડેશને દર્દીઓને બેડ્સ, પોષણયુક્ત આહાર અને અન્ય મેડિકલ સુવિધાઓ પ્રદાન કરી હતી.

મહત્ત્વનાં આવશ્યક સાધનોને સિંગાપોર, સાઉદી અરેબિયા, થાઈલેન્ડ અને દુબઈથી આયાત કરવા માટે અદાણી ગ્રૂપે તેમના વૈશ્વિક વ્યાપારી સંબંધો અને લોજિસ્ટિકલ પ્રોવેસને કામે લગાડ્યા હતા. આ સાધનોમાં ઓક્સિજન સપ્લાય માટે 40થી વધુ ISO ક્રાયોજેનિક કન્ટેઈનર્સ, 100થી વધુ ઓક્સિજન બેડ્સ ધરાવતી હોસ્પિટલોને સપોર્ટ કરવાની ક્ષમતા ધરાવતા 20 ઓક્સિજન પ્લાન્ટ્સ, 120 ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સ અને 5000 ઓક્સિજન સિલિન્ડર્સનો સમાવેશ થાય છે.

મહામારીનો સામનો કરવા માટે રાજ્યનાં મંદિરો પણ ગુજરાત સરકારની મદદ માટે આગળ આવ્યાં હતાં. શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટે પ્રભાસ પાટણના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપિત કરવા માટે રૂ.50 લાખનું દાન કર્યું હતું. એક અહેવાલ મુજબ, આ પ્લાન્ટ દરરોજ લગભગ 51 ઓક્સિજન સિલિન્ડરો આપતો હતો. તે સિવાય, ટ્રસ્ટે રાજ્ય સરકારને પોતાનું લીલાવતી ભવન પણ કોવિડ કેર ફેસિલિટી તરીકે કાર્યરત કરવા માટે આપી દીધું હતું. અન્ય કેટલાક અહેવાલો પ્રમાણે, શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટ મહામારી દરમિયાન જરૂરતમંદોની મદદ માટે રસોડું અને ટિફિન સર્વિસ પણ ચલાવે છે.



વડોદરાનું બાપ્સ (BAPS) સ્વામીનારાયણ મંદિર પણ કોરોના મહામારીનો સામનો કરવા માટે ગુજરાત સરકારની મદદે આવ્યું હતું. તેઓએ પોતાના યજ્ઞપુરુષ સભાગૃહને કોવિડ-19 ફેસિલિટીમાં ફેરવી નાંખ્યું, જેમાં કોરોનાથી સંક્રમિત થયેલા દર્દીઓની સારવાર માટે 500 બેડ્સ, લિક્વિડ ઓક્સિજન ટેંક્સ અને પાઈપ્ડ ઓક્સિજન લાઈન્સ જેવી ઓક્સિજન સુવિધાઓ, આઈસીયુ બેડ્સ અને વેન્ટિલેટર્સ જેવી સુવિધાઓ છે. આમ, કોરોના વાઈરસના વધી ગયેલા વ્યાપને નિયંત્રિત કરીને તેને રોકવા માટે ગુજરાતે એક સર્વાંગી અભિગમ અપનાવ્યો, જેમાં મોટાં કોર્પોરેટ હાઉસિસ અને રાજ્યનાં મંદિરોની પણ મદદ લેવામાં આવી. તેના પરિણામે, ગુજરાત કોવિડ-19ની બીજી લહેરને કારણે ઊભી થયેલી મુશ્કેલીઓને અતિક્રમીને ઝડપથી રિકવર થવામાં સફળ રહ્યું છે. ●



## એસ.ટી. વિભાગને રૂ.43 કરોડનાં વિકાસકાર્યોની ભેટ

# કોરોના કાળમાં એસ.ટી. નિગમ બન્યું લોકસેવાનું માધ્યમ

ગુજરાતે સામાન્ય-મધ્યમવર્ગીય-ગરીબ માનવીઓ માટેના પરિવહન સેવા માધ્યમ એસ.ટી.ના બસ મથકોને અદ્યતન એરપોર્ટ જેવા સુવિધાસભર, સુઘડ બસપોર્ટ તરીકે વિકસાવીને એક નવું મોડેલ દેશમાં પ્રસ્થાપિત કર્યું છે. ગુજરાતના એસ.ટી. વિભાગ દ્વારા સમયની સાથે પોતાનામાં પરિવર્તન લાવીને પોતાની સેવાને શ્રેષ્ઠ બનાવવાનો સફળ પ્રયત્ન કર્યો છે. રાજ્યની એસ.ટી. બસ સેવાઓ વાણિજ્યિક ગતિવિધિ માટે નહિં પણ લોકસેવાનું માધ્યમ છે. રાજ્યના તમામ વિસ્તારો અને મહત્તમ નાગરિકો સુધી આજે ગુજરાતની એસ.ટી.બસ સેવા પહોંચે છે. આજે એસ.ટી.બસના બેડામાં સુવિધાસભર વોલ્વો, સ્લીપર કોચ, જી.પી.એસ. સિસ્ટિમ સાથેની બસ સેવાઓ અને અદ્યતન બસપોર્ટ પ્રજાની સેવામાં મૂકવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં આઠ નવાં બસ સ્ટેશન, એક એસ.ટી. વર્કશોપના મળીને કુલ રૂ. ૨૮.૨૦ કરોડનાં કામોનાં લોકાર્પણ કર્યાં હતાં. આ ઉપરાંત, તેમણે કુલ રૂ. ૧૫.૫૨ કરોડના ખર્ચે નિર્માણ થનારા પાંચ ડેપો વર્કશોપનું ઇ-ખાતમુહૂર્ત કર્યું હતું.

ગાંધીનગર ખાતે યોજાયેલા આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, ખાનગી ટ્રાવેલ્સ સેવાઓ નફાકારક રૂટ પર જ પોતાના રૂટ ચલાવતી હોય છે જ્યારે એસ.ટી નિગમ નફા કે નુકસાનનો વિચાર કર્યા વિના રાજ્યના દરેક ગામને જોડીને ઓછામાં ઓછી રોજની એક ટ્રીપ ગામને મળે અને ગરીબ, સામાન્ય માનવીને કનેક્ટિવિટીની સુવિધા મળે તે રીતે કાર્યરત છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, રાજ્યના લાખો વિદ્યાર્થીઓને ૮૦ ટકા કન્સેશન પાસ આપીને તેમને અભ્યાસ પ્રવૃત્તિ માટે અવર-જવર અને ભાવિ કારકીર્દી ઘડતરમાં એસ.ટી. નિગમ મહત્ત્વનું પ્રદાન કરે છે.

એટલું જ નહિ, ગરીબ પરિવારોને લગ્ન જેવા પ્રસંગોએ અન્ય વાહતુક વાહનો-ટ્રક વગેરેમાં જાન લઇને જતાં-આવતાં અકસ્માતનો ભોગ ન બને તે માટે આવા લગ્ન પ્રસંગે રાહત દરે બસ આપવા સહિત દિવ્યાંગ, વૃદ્ધો, સામાન્ય માનવી સૌને સુવિધાસભર યાતાયાતનો શ્રેષ્ઠ વિકલ્પ એસ.ટી બની રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૯૯ ટકા ગ્રામીણ વિસ્તારો એસ.ટી. સેવાથી જોડાયેલા છે. ૧૬ ડિવિઝન, ૧૨૫ બસ ડેપો, ૧૩૫ બસમથકો અને ૧૫૫૪ પીક અપ સ્ટેન્ડ તેમજ ૮૫૦૦ બસો દ્વારા ૭૫૦૦ શેડયુલ ટ્રીપથી રોજના ૩૫ લાખ કિ.મિ. બસ સંચાલનથી ૨૫ લાખ લોકોને એસ.ટી. સેવાઓનો લાભ મળી રહ્યો છે. એટલું જ નહિ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દીવ-દમણ જેવા પડોશી રાજ્યો-પ્રદેશોમાં પણ ગુજરાત એસ.ટી.ની સેવાઓ ઉપલબ્ધ બનાવી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના સંક્રમણ, વાવાઝોડું, પૂર કે અન્ય કોઇ પણ કુદરતી આફતોમાં લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરવા કે પહોંચાડવામાં એસ.ટી. નિગમ અને તેના કર્મયોગીઓની સેવા પરાયણતાને અભિનંદન આપી બિરદાવ્યા હતા.

આ કર્મયોગીઓએ કોરોનાકાળમાં પણ એસ.ટી. સેવાઓ કે પ્રવૃત્તિઓ અટકવા દીધી નથી અને ઇનહાઉસ બસ બોડી નિર્માણ








કરવાના તેમજ કરકસરયુક્ત ઈંધણ સંચાલન જેવા એવોર્ડ્ઝ પણ મેળવ્યા છે તેની તેમણે સરાહના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા જે બસ મથકોનાં લોકાર્પણ કર્યાં તેમાં સંબંધિત કાર્યક્રમ સ્થળે નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ પણ જોડાયા હતા.

તદઅનુસાર, દહેગામ બસમથક લોકાર્પણમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, સાણંદ ખાતે મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, લીમડીમાં રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડ, સંતરામપુરમાં મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, પાલનપુરમાં મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, પીપળાવમાં મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ તેમજ વાઘોડિયામાં રાજ્યમંત્રી શ્રી યોગેશભાઇ પટેલ અને અરવલ્લીના ડેમાઇમાં રાજ્યમંત્રી શ્રી રમણભાઇ પાટકર તથા ભાવનગર ડેપો વર્કશોપ લોકાર્પણમાં મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડા જોડાયા હતા. સમગ્રતયા મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૨૮.૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલાં આ બસ મથકોનાં ઇ-લોકાર્પણ કર્યાં હતાં.

આ ઉપરાંત રૂ. ૧૫.૫૨ કરોડના કુલ ખર્ચે નિર્માણ થનારા પાંચ એસ.ટી. ડેપો વર્કશોપના જે વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત મુખ્યમંત્રીશ્રીએ કર્યાં તેમાં કાર્યક્રમ સ્થળોએ દ્વારકામાં રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, મોરબીમાં મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, વાંકાનેરમાં મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયા, વિરપુરમાં મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયા અને સરધારમાં મંત્રી શ્રી આર. સી. ફળદુ ઉપસ્થિત રહ્યા હતા.

વાહનવ્યવહાર મંત્રી શ્રી આર.સી. ફળદુએ સરધારથી કાર્યક્રમને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, એસ.ટી. નિગમે ૧૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૫૫૦૦ બસો પ્રજાજીવનમાં યાતાયાત માટે મૂકેલી છે તથા ૮ હજાર બસો ગ્રામીણ ક્ષેત્રને આવરી લે છે. તેમણે જણાવ્યું કે, એસ.ટી. નિગમના ૪૪ હજાર કર્મયોગીઓએ કોરોનાના કપરા કાળમાં પણ એસ.ટી. સેવાઓ કોરોના નિયંત્રણ ગાઇડ લાઇન્સના પાલન સાથે ચાલુ રાખીને પ્રજાવર્ગોની સેવાનું દાયિત્વ નિભાવ્યું છે. શ્રી આર. સી. ફળદુએ કહ્યું કે રાજ્યમાં જે સ્થળોએ, તાલુકાઓમાં, જૂનાં અને જર્જરિત બસમથકો હતાં ત્યાં સુવિધાસભર બસમથકો બનાવવાની વ્યાપક કામગીરી છેલ્લાં ત્રણ વર્ષથી નિગમે ઉપાડી છે.

આ લોકાર્પણ-ખાતમુહૂર્ત અવસરે ગાંધીનગરથી વાહન વ્યવહારના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દાયાની, એસ.ટી. નિગમના એમ.ડી. શ્રી હૈદર, જનરલ મેનેજર શ્રી જેઠવા સહિતના અધિકારીઓ તેમજ કાર્યક્રમ સ્થળોએ સ્થાનિક ધારાસભ્યો, જિલ્લા-તાલુકા પ્રમુખો, પદાધિકારીઓ જોડાયા હતા.

## દહેગામ

દહેગામ ખાતે રૂપિયા ૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલા બસ સ્ટેશનનું નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે, રાજયના નાગરિકોની સલામત યાતાયાતની સુવિધાઓ પૂરી પાડી અદ્યતન પરિવહન સેવાઓ પૂરી પાડવા રાજય સરકારે મક્કમ કરીને સમયબધ્ધ આયોજન કર્યુ છે. પ્રવર્તમાન યુગમાં ટેકનોલોજીના માધ્યમથી એસ.ટી.ની સુવિધાઓ સહિત નવીન બસો દ્વારા મુસાફરોને પરિવહન સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે જેનો મહત્તમ ઉપયોગ નાગરિકો કરી રહ્યા છે. દહેગામ બસ સ્ટેશન ખાતેથી દરરોજ અંદાજીત ૧૦ હજાર કરતાં વધુ નાગરિકો પોતાના કામ અર્થે અવરજવર કરે છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયમાં નિયમિત રીતે ૨૫ લાખ જેટલા લોકો બસ પરિવહનની સુવિધાનો ઉપયોગ








કરે છે. આટલી મોટી સંખ્યામાં રાજયના નાગરિકો બસ સુવિધાનો ઉપયોગ કરતા હોવાથી તેમને ઉત્તમ પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા અદ્યતન સુવિધા સજ્જ બસ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આગામી પાંચ વર્ષમાં રાજયના તમામ તાલુકાનાં બસ સ્ટેશનો સુવિધાજનક બનાવવાનું આયોજન રાજય સરકારે કર્યું છે.

દહેગામ ખાતે નિર્માણ કરવામાં આવેલા બસસ્ટેશનમાં અદ્યતન સુવિધાવાળા મુસાફરો માટેની બેઠક વ્યવસ્થા સાથેનો વેઈટિંગ હોલ, સ્ટુડન્ટ પાસ - ટિકિટ રૂમ, એ.ટી.એસ.- એ.ટી.આઇ રૂમ, કંટ્રોલ રૂમ, કેન્ટીન, વોટર રૂમ, સ્ટોલ કમ શોપ, લેડીઝ રેસ્ટ રૂમ (શૌચાલય સહિત), શૌચાલય, વિકલાંગ વ્યક્તિઓ માટે સ્પે. પ્રકારના શૌચાલય તથા સ્લોપીંગ રેમ્પ્સની સુવિધા સહિત, રેસ્ટ રૂમ જેવી સુવિધાઓ આપવામાં આવી છે.

આ પ્રસંગે દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્ય સહિત એસ.ટી. નિગમના કર્મચારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## સરધાર

સરધાર ખાતે યોજાયેલા એસ.ટી. બસસ્ટેશનના ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રાજ્યના કૃષિ અને વાહન વ્યવહાર મંત્રી શ્રી આર.સી.ફળદુએ વાહન વ્યવહાર નિગમના ૪૪ હજાર કર્મચારીઓને કોરોનાના કપરા સમયમાં પણ યાતાયાતની સુવિધા જાળવી રાખવા બદલ અભિનંદન આપ્યા હતા. મંત્રીશ્રીએ રાજકોટ એસટી વિભાગ દ્વારા સરધાર ખાતે રૂ. ૯૮.૧૯ લાખના ખર્ચે બાંધવામાં આવનાર નવા બસસ્ટેશનનું ખાતમુહૂર્ત કર્યું હતું.આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી લાખાભાઈ સાગઠિયા, સ્થાનિક અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.



## વિરપુર

વિરપુર બસ સ્ટેશનના ઇ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં એસ.ટી. નિગમ દ્વારા સેવાઓ અને સવલતો વધારવામાં આવી છે. ગુજરાત સરકારની મુસાફરો માટે સવલતો અને સેવાઓ વધારવાની કટિબદ્ધતાના ભાગરૂપે વિરપુરમાં પણ એસ.ટી.ના મુસાફરોને નવા બસસ્ટેશનમાં વિવિધ સગવડો મળી રહેશે. વિરપુર જલારામબાપાની પવિત્ર ભૂમિ વિરપુરનું આ નવું બસ સ્ટેશન અહીં આવતા પ્રવાસીઓને પણ ઉપયોગી બનશે.

આ પ્રસંગે જિલ્લા રાજકોટ ડેરીના ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલિયા, સ્થાનિક અગ્રણીઓ તથા એસ.ટી. વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબી

મોરબી બસસ્ટેશન ખાતે ૫.૫ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્માણ પામનાર બસ પોર્ટનું ખાતમુહૂર્ત ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલની ઉપસ્થિતિમાં તેમજ ૪.૫ કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર વાકાંનેર બસસ્ટેશનનું ખાતમુહૂર્ત પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારે મોરબી જિલ્લાને અનેક પ્રોજેક્ટ હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરી છે. સરકાર જે વચન આપે છે તેને પૂરાં પણ કરે છે. વિકાસ એ સતત



ચાલતી પ્રક્રિયા છે. સરકાર પ્રજાની અપેક્ષા પ્રમાણે આગળ વધી રહી છે.

આ પ્રસંગે મોરબીના ધારાસભ્ય શ્રી બ્રિજેશભાઇ મેરજાએ જણાવ્યું હતું કે, મોરબીમાં અત્યાધુનિક સુવિધાઓ સાથે નવું બસ સ્ટેશન નિર્માણ પામશે. રાજ્ય સરકારે છેલ્લા છ મહિનામાં ૫૫૦ કરોડ રૂપિયાનાં કામોને મંજૂરી આપી, તે બદલ રાજય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. વાંકાનેર ખાતેથી પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયા ઉપરાંત સાંસદ શ્રી મોહનભાઇ કુંડારિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.





પ્રસંગે ધારાસભ્ય શ્રી જીતુભાઇ વાઘાણી, મેયર શ્રીમતી કીર્તિબાળાબહેન દાણિધરિયા, કલેક્ટર શ્રી ગૌરાંગ મકવાણા, એસ.ટી. વિભાગના કર્મચારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પાલનપુર





પાલનપુર ખાતે રૂ. ૩.૬૩ કરોડના ખર્ચથી બાંધવામાં આવેલા સુવિધાયુક્ત નવીન બસસ્ટેશનનું લોકાર્પણ કરતાં મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, બસોમાં લોકોને સારી પરિવહન સુવિધા પ્રાપ્ત થાય તે માટે નવી અને મિની બસ સહિત એ.સી. બસ એસ.ટી. નિગમ દ્વારા ચલાવવામાં આવે છે. આ પ્રસંગે બનાસકાંઠા સાંસદ શ્રી પરબતભાઇ પટેલ, રાજયસભા સાંસદ શ્રી દિનેશભાઇ અનાવડિયા, સ્થાનિક અગ્રણીઓ, એસ.ટી.ના અધિકારીઓ-કર્મચારીઓ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગર

ભાવનગર ખાતે રૂા. ૨૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ ડેપો-વર્કશોપનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઇ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવનગરમાં ઉપસ્થિત પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, એસ.ટી. વિભાગ દરેક સમયે અને સંકટમાં નાગરિકોની પડખે રહી છે અને આગામી સમયમાં પણ તે પોતાની જનસેવાનું કાર્ય સતત ચાલુ રાખશે. આ

## અમદાવાદ

અમદાવાદના સાણંદ તાલુકાના નગરજનોની પરિવહન સુવિધા અને સુખાકારીમાં વધારો કરવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સાણંદ બસસ્ટેશનનું ઇ- લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ.4.21 કરોડના ખર્ચે તૈયાર થયેલા નવીન બસસ્ટેશનના લોકાર્પણ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાનો સાણંદ તાલુકો ઝડપથી વિકાસની ગતિ ભરી રહ્યો છે. ઓટોમોબાઇલ હબથી લઈ બહુઆયામી વિકાસમાં સાણંદ તાલુકાએ દોટ માંડી છે જે સમગ્ર અમદાવાદ જિલ્લા માટે ગૌરવની બાબત છે. આ નવા બસસ્ટેશનથી દરરોજ 15 હજાર મુસાફરોની સુખાકારીમાં વધારો થશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી કનુભાઇ પટેલ, જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અરુણ મહેશ બાબુ અને સાણંદ તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## દાહોદ




દાહોદ જિલ્લાનાં લીમડી ખાતે રૂ. ૨.૧૭ કરોડના ખર્ચે બનેલા બસસ્ટેશનના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, રાજય સરકાર હરહંમેશ છેવાડાના માનવીને લક્ષમાં રાખીને વિકાસકાર્યો કરે છે. દાહોદના લીમડી ખાતે નવનિર્મિત બસસ્ટેશનથી અહીંના મુસાફરો માટે મોટી સુવિધા ઉપલબ્ધ થશે. વિદ્યાર્થીઓ માટે અહીં રાહતદરના પાસ ઉપલબ્ધ છે જે તેમને અભ્યાસમાં આગળ વધવા સહાયરૂપ બનશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ સુ શ્રી શીતલ વાઘેલા, કલેક્ટર શ્રી વિજય ખરાડી, ગોધરા એસટી વિભાગના અધિકારી શ્રી ડિંડોર, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેશભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## વડોદરા



વડોદરા જિલ્લાના વાઘોડિયામાં રૂ.૨૨૬ લાખના ખર્ચે નિર્માણ થયેલ અદ્યતન બસસ્ટેશનના વર્ચ્યુઅલ લોકાર્પણ પ્રસંગે નર્મદા વિકાસ રાજય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય માનવીની સુવિધાસભર યાતાયાતનો શ્રેષ્ઠ વિકલ્પ એસ.ટી. નિગમ બની રહી છે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલ, અગ્રણીશ્રી અશ્વિનભાઈ પટેલ, કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કિરણ ઝવેરી, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મહીસાગર



મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે રૂા.૪.૪૦ કરોડના ખર્ચે નવનિર્મિત બસસ્ટેશનનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઇ લોકાર્પણ કર્યુ હતું. આ લોકાર્પણ પ્રસંગે લુણાવાડા ખાતે હાજર રહેલાં વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે આ નવા બસસ્ટેશનથી દૈનિક ૬૦૦ ટ્રીપોના સંચાલન સાથે ૧૦,૦૦૦ પ્રવાસીઓને લાભ મળશે. બસસ્ટેશનમાં બેઠક વ્યવસ્થા, કેન્ટીન, પાર્સલ રૂમ, વોટર રૂમ, વેઈટિંગ રૂમ, શૌચાલય, વિવિધ સ્ટોલ સહિત અનેક સગવડોથી સજ્જ નવનિર્મિત બસસ્ટેશન સંતરામપુર નગર, તાલુકા સહિત અન્ય વિસ્તારના યાત્રિકો માટે આશીર્વાદરુપ નિવડશે. આ પ્રસંગે દાહોદ સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય સર્વશ્રીઓ કુબેરભાઈ ડિંડોર,જીગ્નેશભાઈ સેવક, નિમિષાબહેન સુથાર, જિલ્લા કલેક્ટર શ્રી આર.બી.બારડ સહિત પદાધિકારીશ્રીઓ અધિકારીશ્રીઓ, એસટી વિભાગના અધિકારી- કર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દ્વારકા

વિકાસ એ રાજ્ય સરકારનો મંત્ર છે, કોરોના સંક્રમણના સમયમાં છેવાડાના માનવીને વધુમાં વધુ સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. દ્વારકા ખાતે રૂ.191 લાખના ખર્ચે તૈયાર થયેલા નવા ડેપો-વર્કશોપના ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણના સમયમાં છેવાડાના માનવીને વધુમાં વધુ સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. નાગરિકોને અવર-જવર માટે રાજ્ય સરકારે એસ.ટી. ડિવિઝનમાં વિવિધ સુવિધાઓ વિકસાવી છે. વધુમાં તેમણે "તાઉ-તે" વાવાઝોડાના સમયે સતત ખડેપગે રહી કામગીરી કરવા બદલ જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીના તેમજ એસ.ટી.વિભાગના ડી.ટી.ઓ.શ્રી વી.બી.ડાંગર તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# અરવલ્લીનાં ૬૦ તળાવો વાત્રકના પાણીથી ભરાશે



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ વિસ્તાર અરવલ્લી જિલ્લામાં વાત્રક જળાશયની ઉપરવાસમાં આવેલા મેઘરજ, માલપુર, મોડાસાને ખેતીવાડી માટે સિંચાઈની સુવિધા આપવા ૧૧૭ કરોડ રૂપિયાની ઉદવહન યોજનાને મંજૂરી આપી છે. આ યોજના અંતર્ગત મેઘરજનાં ૧૯, માલપુરનાં ૩૬ અને મોડાસાનાં ૫ તળાવ મળી કુલ ૪૮ ગામોનાં ૬૦ તળાવો વાત્રકના પાણીથી ઉદવહન સિંચાઈ મારફતે ભરવામાં આવશે એટલું જ નહિ સિંચાઈથી વંચિત એવા ૪૬૯૫ એકર વિસ્તારને સિંચાઈના પાણીની બારમાસી સુવિધા મળતી થશે. આ યોજનાથી મેઘરજ અને માલપુર તાલુકાના આદિજાતિ વિસ્તારના ખેડૂતને આર્થિક સધ્ધરતા પણ પ્રાપ્ત થશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ૫૪ તાલુકાના આદિજાતિ વિસ્તારોમાં વસવાટ કરતા વનબંધુઓને સિંચાઈના પાણી તથા પીવાના પાણીની ઉપલબ્ધિ માટે ચાર વર્ષમાં રૂપિયા 6642 કરોડના માતબર ખર્ચે નાની મોટી ૧૬૪૪ યોજનાઓ મારફત કુલ ૫,૪૩,૦૬૭ એકર જમીનમાં સિંચાઈની સવલત પૂરી પાડવાની નિર્ણાયકતા દર્શાવતા આદિજાતિ કલ્યાણની નેમ રાખી છે.

રાજ્યના ૧૪ જિલ્લાઓ સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહીસાગર, સુરત, ભરૂચ, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના ૫૪ તાલુકાઓમાં આદિજાતિ વિસ્તારો મોટાભાગે ઊંચાઈવાળા લેવલે કે ડુંગરાળ વિસ્તારમાં વસેલા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વિસ્તારોમાં સિંચાઈના પાણી માટેની સમસ્યા વારંવાર ઉપસ્થિત થતી હોવાથી તેના નિરાકરણ માટે સંવેદનશીલ અભિગમ અપનાવી વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૦ ના ચાર વર્ષ દરમ્યાન નાની સિંચાઈ યોજનાઓ હાઈલેવલ કેનાલ, નાના-મોટા ચેકડેમો, લિફ્ટ ઈરિગેશન સ્કીમ તથા ઉદવહન સિંચાઈ યોજનાનાં કામો મોટાપાયે હાથ ધરવા સંબંધિત વિભાગોને પ્રેરિત કર્યા છે.

તદનુસાર, મુખ્યત્વે ૧૩ મોટી ઉદવહન સિંચાઈ યોજનાઓ, ૩૪૪ લિફ્ટ ઈરિગેશન સ્કીમ ૨૩૮ નાની મોટી સિંચાઈ યોજનાઓ, ૪૩૨ નાના મોટા ચેકડેમો તેમજ ૬૧૭ અનુશ્રવણ તળાવોમાંથી વનબંધુ વિસ્તારોની ૫,૪૩,૦૬૭ એકર જમીનને સિંચાઈનો લાભ પહોંચાડવાની વિવિધ યોજનાઓ પ્રગતિમાં કે પૂર્ણતાના તબક્કે છે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આવા વનબંધુ વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા માટે હવે વધુ એક સંવેદનાપૂર્ણ અભિગમ દર્શાવીને મધ્ય ગુજરાતના અરવલ્લી જિલ્લાના મેઘરજ અને માલપુર તાલુકાને હરિયાળા બનાવવા રૂ. ૧૧૭.૧૩ કરોડની ઉદવહન સિંચાઈ યોજનાને મંજૂરી આપી છે.

અરવલ્લી જિલ્લામાં આવેલા વાત્રક જળાશયમાં પાણીની ઉપલબ્ધિ હોવા છતાં આ વિસ્તારમાં સિંચાઈ માટે પૂરતું પાણી આપી શકાતું ન હતું. મૂલતઃ આ વિસ્તાર ડુંગરાળ હોવાથી વરસાદી પાણી નદીમાં વહી જાય છે અને સિંચાઈ કે પીવાના પાણીની સમસ્યા રહે છે.

શ્રી વિજયભાઈ રૂપાણીના આ નિર્ણયને પરિણામે મેઘરજ માલપુર અને મોડાસા તાલુકાના કુલ મળીને ૪૮ ગામોને લિફ્ટ ઈરિગેશનથી સિંચાઈ અને પીવાના ઉપયોગ માટે પાણી મળતું થશે. એટલું જ નહીં ખેડૂતો કપાસ, તુવેર, ઘઉં, મકાઈ જેવા પાક માટે પૂરતું પાણી મેળવીને વધુ પાક ઉત્પાદનથી વધુ આવક રળી શકશે. આ ઉપરાંત ખેડૂતોને હવે ઉનાળામાં પણ પાક લેવાની સરળતા થશે અને પશુપક્ષીઓ તથા માનવ વસતીને પીવાનું પાણી પણ પર્યાપ્ત માત્રામાં મળતું થશે.

મુખ્યમંત્રીશ્રી દ્વારા સાબરકાંઠા જિલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત જલુંદ્રાથી કોજણ ડેમ થઈ હિંમતનગર તાલુકાના રાયગઢ સુધીની ઉદવહન સિંચાઈ યોજનાની રૂ.૨૩૪.૩૭ કરોડની મંજૂરી આપવામાં આવી છે, જેનાથી સાબરકાંઠા જિલ્લાના ૭૪૦૦ એકર વિસ્તારને સિંચાઈ સુવિધા પ્રાપ્ત થશે. ●



## હોટલ-રિસોર્ટ્સ-રેસ્ટોરન્ટ્સ અને વૉટરપાર્ક્સને એક વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાંથી મુક્તિ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં આવેલ હોટલ, રીસોર્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વૉટરપાર્ક્સને એક વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાંથી અને વીજબીલના ફિક્સચાર્જમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, તારીખ 1 એપ્રિલ 2021 થી 31 માર્ચ 2022 સુધીના સમય માટે હોટલ, રિસોર્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વૉટરપાર્ક્સને પ્રોપર્ટી ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ ઉપરાંત હોટલ, રિસોર્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વૉટરપાર્ક્સને વીજબીલમાં ફિક્સચાર્જમાંથી મુક્તિ આપી ખરેખર વીજ વપરાશ થયો હોય તેના પર જ વીજ બીલ આકારી ચાર્જ વસૂલ કરવામાં આવશે તેવો પણ નિર્ણય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં લેવામાં આવ્યો હતો.

કોરોના સંક્રમણના આ કાળમાં સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં લઇ મુખ્યમંત્રીશ્રીએ હોટલ, રિસોર્ટ્સ, રેસ્ટોરન્ટ્સ અને વૉટરપાર્ક્સને આ નિર્ણયથી મોટી આર્થિક રાહત આપી છે.

કોર કમિટીની આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે.કૈલાસનાથન, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



### રાજ્યની સાત યુનિવર્સિટીઓને
## ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’ની સૈદ્ધાંતિક મંજૂરી

આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ ક્ષેત્રે વિશેષ ઓળખ મળે તેવા હેતુથી ગુજરાતની પ્રતિષ્ઠિત સાત યુનિવર્સિટીઓને ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’ની સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને તેમજ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવે, ઉચ્ચ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી અંજુ શર્માની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયેલી શિક્ષણ વિભાગની ઉચ્ચકક્ષાની બેઠકમાં ગુજરાતમાં કાર્યરત નિરમા યુનિવર્સિટી, ચારૂસેટ યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, PDPU, CEPT તેમજ DAIICTને ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’ની સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો નિર્ણય કરાયો છે.

આ અંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સાત યુનિવર્સિટીઓને સેન્ટર ઓફ એક્સેલેન્સનો દરજ્જો મળવાથી વૈશ્વિક ફલક ઉપર પોતાનું વિશેષ પ્રદાન આપવા એક એક્શન પ્લાન તૈયાર કરાશે. આ નિર્ણયથી યુનિવર્સિટીઓમાં શિક્ષણની ગુણવત્તામાં વધારો થશે અને તેને વૈશ્વિક ટચ મળશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રકચર જેમાં હાઇટેક અને સ્ટુડન્ટ ફ્રેન્ડલી ક્લાસરૂમ, શ્રેષ્ઠ ફેકલ્ટીઝ, લેબોરેટરીઝ, લાઇબ્રેરી, હોસ્ટેલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

તેમણે જણાવ્યું હતું કે, ભારત અને વિદેશના વિદ્યાર્થીઓ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે આવે તે હેતુથી ‘સ્ટડી ઇન ગુજરાત’ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે જેના ઉપર વધુ ભાર મૂકવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, ગુજરાતની સાત યુનિવર્સિટીઓ ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’ના માધ્યમથી વિશ્વના શૈક્ષણિક જગતમાં પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કરશે. આ નિર્ણયથી ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ, રિસર્ચ, ઇનોવેશન અને સ્ટાર્ટઅપને વધુ બળ મળશે. આ ઉપરાંત વૈશ્વિક સ્તરે શિક્ષણનું આદાન-પ્રદાન થઈ શકશે. શિક્ષણ ક્ષેત્રે વિશ્વની બેસ્ટ પ્રેક્ટિસીસનો ગુજરાતના વિદ્યાર્થીઓને લાભ મળશે.

મુખ્યમંત્રીશ્રીએ નિર્દેશ કર્યો હતો કે, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં આ સાત યુનિવર્સિટીઓના વડાઓએ આગામી સમયમાં બેઠક કરીને દેશની ટોપ-૧૦ અને વિશ્વની ટોપ-૧૦ યુનિવર્સિટીઓનો અભ્યાસ કરીને ગુજરાતમાં ‘સેન્ટર ઓફ એક્સેલેન્સ’-COE અંતર્ગત એક્શન પ્લાન તૈયાર કરવામાં આવે.

સાત યુનિવર્સિટીઓ પોતાનો એક્શન પ્લાન તૈયાર કરીને આવતા બે સપ્તાહમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરશે.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, સાત યુનિવર્સિટીઓના વડા- વાઇસ ચાન્સેલરશ્રીઓ સહિત શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહી ચર્ચા- વિચારણા કરી હતી. ●

# ધર્મસ્વાતંત્ર્ય સુધારા અધિનિયમ-૨૦૨૧ અમલી

***ગુજરાતમાં લોભ-લાલચ, બળજબરી કે કોઈ પણ પ્રકારની હિંસાના પ્રભાવ હેઠળ કોઈપણ વ્યક્તિને ધર્મ પરિવર્તન ન કરાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા 'ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩'નો રાજ્યમાં અમલ થઈ રહ્યો છે.***

***મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ ગુજરાત ધર્મસ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩માં કરવામાં આવેલા સુધારાઓના સંદર્ભમાં હવે તા.૧૫ જૂન-૨૦૨૧થી રાજ્યમાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) અધિનિયમ-૨૦૨૧ અમલી કરવાનો નિર્ણય કર્યો છે.***

**રાજ્યમાં તા.૧૫ જૂન-૨૦૨૧થી અમલમાં આવેલા આ અધિનિયમની મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે:-**

- માત્ર ધર્મ પરિવર્તનના હેતુથી કરેલ લગ્ન અને/અથવા લગ્નના હેતુથી કરેલ ધર્મ પરિવર્તનના કિસ્સામાં થયેલ લગ્ન ફેમિલી કોર્ટ/ન્યાયક્ષેત્ર ધરાવતી કોર્ટ દ્વારા રદ કરવામાં આવશે.
- કોઈપણ વ્યક્તિ સીધી રીતે અથવા અન્યથા કોઈપણ વ્યક્તિને બળપૂર્વક અથવા લલચાવીને અથવા કપટયુક્ત સાધનો દ્વારા અથવા લગ્ન દ્વારા અથવા લગ્ન કરાવવા અથવા લગ્ન કરાવવામાં મદદ કરવા ધર્મ પરિવર્તન કરાવી શકશે નહીં.
- આ અંગે સાબિત કરવાનો ભાર (Burden of Proof) આરોપી, ધર્મ પરિવર્તન કરાવનાર તથા સહાયક પર રહેશે.
- ગુનો કરનાર/કરાવનાર/મદદ કરનાર/સલાહ આપનાર તમામ સમાન પ્રકારે દોષિત ગણાશે.
- આ જોગવાઈનું ઉલ્લંઘન કરનારને ૩ વર્ષથી ઓછી નહિ અને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ. ૨ લાખથી ઓછા નહિ તેમ દંડને પાત્ર થશે.
- પરંતુકમાં, સગીર, સ્ત્રી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની વ્યક્તિના સંબંધમાં સજાની જોગવાઈ ૪ થી ૭ વર્ષ સુધીની કેદ અને રૂ.૩ લાખથી ઓછા નહિ તેમ દંડને પાત્ર થશે.
- કોઈ નારાજ થયેલી વ્યક્તિ, તેના માતાપિતા, ભાઈ, બહેન અથવા લોહીની સગાઈથી, લગ્નથી અથવા દત્તક સ્વરૂપે હોય તેવી બીજી કોઈ વ્યક્તિ દ્વારા આવા ધર્મ પરિવર્તન તથા લગ્ન સામે FIR દાખલ કરાવી શકાશે.
- આ જોગવાઈઓનું પાલન ન કરનાર સંસ્થાનું રજિસ્ટ્રેશન રદ કરાશે તેમજ આવી સંસ્થાને ૩ વર્ષથી ઓછી નહીં અને ૧૦ વર્ષ સુધીની કેદ તથા રૂ. ૫ લાખ સુધીના દંડની સજાને પાત્ર થશે. આવી સંસ્થાને ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલી તારીખથી રાજ્ય સરકાર દ્વારા નાણાકીય મદદ/અનુદાન મળવાપાત્ર થશે નહીં.
- ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ-૨૦૦૩ની મહત્ત્વપૂર્ણ જોગવાઈઓમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવેલો હતો.
- આ કાયદા હેઠળના ગુના બિનજામીનપાત્ર તથા કોગ્નિઝેબલ ગુના ગણાશે તેમજ તેની તપાસ Deputy Superintendent of Policeથી ઊતરતા દરજ્જાના અધિકારી દ્વારા તપાસ કરી શકાશે નહિ.
- બળપૂર્વક, લલચાવીને, કપટયુક્ત સાધનો દ્વારા કરાતાં ધર્મ પરિવર્તન માટે ૩ વર્ષ સુધીની કેદ અને ૫૦ હજાર રૂપિયા સુધીનો દંડ
- સગીર, સ્ત્રી, અનુસૂચિતજાતિ, અનુસૂચિત આદિજાતિની વ્યક્તિના સંબંધમાં બળપૂર્વક, લલચાવીને, કપટયુક્ત સાધનો દ્વારા કરાતાં ધર્મ પરિવર્તન માટે ૪ વર્ષ સુધીની કેદ અને એક લાખ રૂપિયા સુધીનો દંડ.
- ધર્મ પરિવર્તનની ધાર્મિક વિધિ કરાવનારે સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટની પૂર્વ પરવાનગી મેળવવી. જિલ્લા મેજિસ્ટ્રેટે તપાસ પછી ૧ મહિનાની અંદર પરવાનગી આપવી/ઈન્કાર કરવો.
- ધાર્મિક વિધિ કરાવનારે સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટની પૂર્વ પરવાનગી ન મેળવી હોય તેવા કિસ્સામાં એક વર્ષ સુધીની કેદ અથવા ૧ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને
- ધર્મ પરિવર્તન કરનારે ધર્મ પરિવર્તનની વિધિની તારીખથી ૧૦ દિવસની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટને જાણ ન કરી હોય તેવા કિસ્સામાં એક વર્ષ સુધીની કેદ અથવા ૧ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને.
- ગુનાની કોઈપણ કાર્યવાહી જિલ્લા મેજિસ્ટ્રેટ/સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી વિના શરૂ કરી શકાશે નહી.
- આ કાયદા હેઠળના ગુના પોલીસ અધિકાર હેઠળના ગુના ગણાશે તેમજ તેની તપાસ Police Inspector થી ઊતરતા દરજ્જાના અધિકારી દ્વારા તપાસ કરી શકાશે નહિ.

આમ, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં લવજેહાદ જેવી પ્રવૃત્તિઓ-ગતિવિધિઓ અને માત્ર ધર્મ પરિવર્તનના હેતુથી કરેલા લગ્ન કે લગ્નના હેતુથી કરેલ ધર્મ પરિવર્તનના કિસ્સાઓ સહિતની બાબતો માટે હવે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) અધિનિયમ-૨૦૨૧નો તા.૧૫ મી જૂન-૨૦૨૧થી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. ●

# કોરોનાના કપરા કાળમાં રાજ્યના ખેડૂતોને પાક ધિરાણની રકમ ચૂકવવામાં રાહત



કોરોનાના કપરાકાળમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ખેડૂતોને પાક ધિરાણની રકમ ચૂકવવામાં રાહત આપતો મહત્ત્વપૂર્ણ ખેડૂત હિતલક્ષી નિર્ણય લીધો છે.

રાજ્યની નેશનલાઈઝ્ડ, રિજિયોનલ રૂરલ બેંકો કે સહકારી, ખાનગી બેંકો પૈકી કોઈપણ બેન્કમાંથી ખેડૂતો દ્વારા લીધેલ ટૂંકી મુદતનું પાક ધિરાણ ભરપાઈ કરવાની મુદત તા. ૩૦ જૂન સુધી લંબાવીને રાજ્યના ધરતીપુત્રોને મોટી આર્થિક રાહત આપતો આ સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એવો નિર્ણય પણ કર્યો છે કે રાજ્યના આવા તમામ ખેડૂતો માટે રાજ્ય સરકારના ૪ ટકા વ્યાજ રાહતની રકમ રાજ્ય સરકાર ચૂકવશે. આ કિસાન હિતકારી નિર્ણયના પરિણામે ખેડૂતો પરના વ્યાજ રાહતનો વધારાનો અંદાજિત રૂ. ૨૪૧.૫૦ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આ અંગેની યાદીમાં વધુમાં જણાવાયું છે કે નાબાર્ડની ક્રેડિટ પૉલિસી મુજબ રાજ્યમાં ખેડૂતોને ટૂંકી મુદતનું પાક ધિરાણ, ધિરાણ સંસ્થાઓ મારફત ૭ ટકાના દરે પૂરું પાડવામાં આવે છે જે પૈકી સમયસર ધિરાણ પરત ભરપાઈ કરતાં ખેડૂતોને ૩ ટકા વ્યાજ રાહત ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. જ્યારે ૪ ટકા વ્યાજ રાહત ગુજરાત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. પરિણામે ગુજરાત રાજ્યના આવા ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે પાક ધિરાણ ઉપલબ્ધ થાય છે.

Covid-19ના સેકન્ડ વેવમાં માર્ચ-૨૦૨૧થી મહામારીના કેસોમાં વધારો થયેલ છે. જેના પરિણામે ચાલુ વર્ષે ખેડૂતો દ્વારા તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધીમાં ધિરાણ પરત ભરપાઈ ના કરી શકે તેવી પરિસ્થિતિ ઉદ્‌ભવી છે. આ સંજોગોમાં તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીનું પાક ધિરાણ લીધેલું હોય તેવા રાજ્યના તમામ ખેડૂતો માટે પાક ધિરાણની રકમ પરત ભરપાઈ કરવાની મુદત તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધી વધારવા અંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આના પરિણામે રાજ્યના કોઈપણ ખેડૂત દ્વારા નેશનલાઈઝ્ડ, રિજિયોનલ રૂરલ બેંક, સહકારી બેન્ક કે ખાનગી બેન્ક પૈકી કોઈપણ બેન્કમાંથી તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં પાક ધિરાણ લીધેલું હશે તેવા પાક ધિરાણની રકમ પરત ભરપાઈ કરવાની મુદત તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધી વધારવામાં આવી છે.

તા. ૦૧-૦૪-૨૦૨૧ થી તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધીમાં લહેણી થયેલ પર ધિરાણની રકમ અથવા લહેણી થનાર રકમ તા. ૩૦-૦૬-૨૦૨૧ સુધીમાં અથવા ખેડૂતો દ્વારા ખરેખર પાક ધિરાણ પરત ભરપાઈ કરે તે બેમાંથી જે વહેલું હોય તે તારીખ સુધીમાં પાક ધિરાણ પરત ભરપાઈ કરે તેવા તમામ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા મળતી ૪ ટકા વ્યાજ રાહતની રકમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવા અંગે નિર્ણય કરવામાં આવ્યો છે. ●

## રાજ્યની રજિસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળને

# જૂન - જુલાઇ માટે પશુ દીઠ રૂ. ૨૫ દૈનિક સહાય અપાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના વાઈરસ સંક્રમણની બીજી લહેરને પરિણામે સર્જાયેલી સ્થિતિને કારણે રાજ્યના મૂંગા-અબોલ પશુજીવોને ઘાસચારો-પશુ આહાર મેળવવામાં મુશ્કેલી ન પડે તેવી સંવેદના સાથે રાજ્યની રજિસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળનાં નોંધાયેલાં પશુઓ માટે પશુ દીઠ દૈનિક રૂ. ૨૫ સહાય રાજ્ય સરકાર તરફથી આપવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યની રજિસ્ટર્ડ ગૌશાળા, પાંજરાપોળનાં આશરે ૪.૫૦ લાખ જેટલા પશુઓ માટે જૂન-જુલાઈ એમ બે મહિના સુધી પશુ દીઠ રોજના રૂ. ૨૫ની સહાય રાજ્ય સરકાર આપશે તેવો નિર્ણય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ અને વરિષ્ઠ સચિવશ્રીઓની ઉપસ્થિતિમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ સહાય આપવાને પરિણામે રાજ્ય સરકાર અંદાજે રૂ. ૭૦ કરોડનો વધારાનો બોજ વહન કરશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે કોરોનાની પહેલી લહેર દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ આવી રૂ. ૨૫ની દૈનિક પશુસહાય એપ્રિલ-૨૦૨૦ અને મે-૨૦૨૦ મહિનામાં પણ પાંજરાપોળ ગૌશાળાઓ માટે જાહેર કરેલી હતી અને જિલ્લા કલેકટરતંત્ર દ્વારા તે ગૌશાળા-પાંજરાપોળને પહોંચાડવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પશુઓ-અબોલ જીવોને ઘાસચારો મળી રહે તે માટેની સંવેદના દર્શાવી આ સહાય આ વર્ષે જૂન-૨૦૨૧ અને જુલાઈ-૨૦૨૧ એમ બે મહિના માટે આપવાનો નિર્ણય કર્યો છે.●

# "મા-અમૃતમ્ વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને વ્યક્તિગત ઓળખપત્ર અપાશે



રાજ્યના નાગરિકોને આકસ્મિક સંજોગોમાં તથા ગંભીર બીમારીઓ સામે ત્વરિત સારવાર પૂરી પાડવા માટે રાજ્ય સરકારે "મા-અમૃતમ્ વાત્સલ્ય" યોજના કાર્યરત કરી છે જેમા લાભાર્થીઓને આખા પરિવારદીઠ એક કાર્ડના બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખપત્ર આપવાનો આરોગ્ય વિભાગ દ્વારા મહત્ત્વનો નિર્ણય કરાયો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતુ કે, મા/મા વાત્સલ્ય કાર્ડ નાગરિકોને હવે સરકારી હોસ્પિટલોમાંથી બનાવી આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા"આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના", "મા" યોજના અને "મા વાત્સલ્ય" યોજના અંતર્ગત નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક રૂપિયા પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે છે. મા-મા વાત્સલ્ય કાર્ડ ધરાવતા લાભાર્થીઓ યોજના અંતર્ગત જોડાયેલી, માન્યતા મેળવેલી કોઈપણ સરકારી/ટ્રસ્ટ સંચાલિત અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકે છે. ભારત સરકારની જોગવાઈઓ મુજબ સમગ્ર રાજ્યમાં "મા-અમૃતમ્" અને "મા-અમૃતમ્ વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને અગાઉ આખા પરિવાર દીઠ એક કાર્ડ આપવામાં આવતું હતું. તેના બદલે હવે દરેક લાભાર્થીને વ્યક્તિગત ઓળખકાર્ડ આપવામાં આવશે. દા.ત. એક પરિવારમાં પાંચ વ્યક્તિ હોય તો આ પહેલાં પાંચ વ્યક્તિ વચ્ચે એક જ કાર્ડ હતું. હવે પરિવારના પાંચ જણને અલગ-અલગ વ્યક્તિગત કાર્ડ આપવામાં આવશે જેથી સારવાર મેળવવામાં સરળતા રહેશે.

તેમણે ઉમેર્યું કે, હાલમાં રાજ્યની સરકારી હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નવા કાર્ડ કાઢવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. તેથી બધા લાભાર્થીઓ નવા કાર્ડ આ હોસ્પિટલોમાંથી કઢાવી શકશે. જ્યાં સુધી નવું કાર્ડ કાઢવામાં ના આવે ત્યાં સુધી જૂના કાર્ડ પરનો લાભ પહેલાંની જેમ જ ચાલુ રહેશે. જેથી કોઈની સારવાર અટકશે નહીં. "મા" યોજનાના દરેક લાભાર્થીએ હવે નવું કાર્ડ તાત્કાલિક મેળવી લેવા અનુરોધ છે જેથી જરૂરિયાત પ્રમાણે પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે મેળવી શકે તેમ તેમણે ઉમેર્યુ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજ્ય સરકારે જે નાગરિકોના મા-કાર્ડની મુદત તા.૩૧.૦૩.૨૦૨૧ના રોજ પૂરી થઇ છે તેવા નાગરિકો માટે હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તથા આવકના દાખલા કઢાવવાની સાંપ્રત મુશ્કેલીને ધ્યાને લઇ, મા-કાર્ડની મુદત વધુ ત્રણ મહિના એટલે કે, તા.૩૦.૦૬.૨૦૨૧ સુધી લંબાવવામાં આવી હતી. કોરોનાની હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને રાખી આ મુદત ૩૧ મી જુલાઇ, ૨૦૨૧ સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ●

# રાજ્યના પાંચ સરકારી જિલ્લા ગ્રંથાલયને સ્માર્ટ લાયબ્રેરી તરીકે વિકસાવાશે

રાજ્યના વાંચન-સાહિત્ય પ્રેમીઓ, યુવાઓ, વિદ્યાર્થીઓને સમયાનુકૂલ વાંચન-સંદર્ભ સાહિત્ય સાથે ગ્રંથાલયોમાં અદ્યતન સુવિધાઓ પૂરી પાડવાના ઉદેશ્યથી પાંચ જિલ્લા ગ્રંથાલયોને સ્માર્ટ લાઇબ્રેરી તરીકે વિકસાવવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ હેતુસર મહત્ત્વનો નિર્ણય લઇને રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા અને જૂનાગઢના સરકારી જિલ્લા ગ્રંથાલયો પ્રત્યેક માટે રૂ. ૧ કરોડ પ્રમાણે કુલ રૂ. પાંચ કરોડના ખર્ચે સ્માર્ટ લાઇબ્રેરી તરીકેનો અદ્યતન ઓપ આપવાની મંજૂરી આપી છે.



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના આ નિર્ણય અનુસાર આ પાંચ ગ્રંથાલયોમાં વાંચન તેમજ અભ્યાસ માટે આવનારા યુવાઓ, વાંચન-સાહિત્ય પ્રેમીઓ માટે આ તમામ ગ્રંથાલયોમાં વાઇફાઇ નેટવર્ક, આર.એફ.આઇ.ડી સિસ્ટિમ, કમ્પ્યૂટર હાર્ડવેર, સોફટવેર, ઓડિયો વિઝ્યુઅલ સિસ્ટિમની સુવિધા અને સી.સી.ટીવી કેમેરા ઉપલબ્ધ બનાવાશે. આ ગ્રંથાલયોમાં હાલ રહેલી વાંચન સામગ્રી, પુસ્તકો સંદર્ભગ્રંથો સાથે સમયાનુરૂપ નવું વાંચન અને સંદર્ભ સાહિત્ય પણ આ સ્માર્ટ લાઇબ્રેરીઓમાં મળી રહે તેની વ્યવસ્થાઓ માટે પરવાનગી આપી છે.

એટલું જ નહિ, આવા ગ્રંથાલયોમાં વાંચન-અભ્યાસ માટે આવનારા લોકો-યુવા વિદ્યાર્થીઓ માટે અદ્યતન ફર્નિચર, આર.ઓ પ્લાન્ટ, ફાયર સિસ્ટિમ અને રિફ્રેશમેન્ટ ઝોન પણ વિકસાવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રીશ્રીએ આપી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના સરકારી ગ્રંથાલયોને અદ્યતન સુવિધાસભર બનાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા રૂપે આ પાંચ જિલ્લા ગ્રંથાલયોને આધુનિક સ્માર્ટ લાઇબ્રેરી તરીકે વિકસાવવાનો અભિગમ અપનાવ્યો છે. ●

## અભ્યાસ અર્થે વિદેશ જતા વિદ્યાર્થીઓને વેક્સિનેશનમાં વિશેષ અગ્રતા અપાશે



અભ્યાસ અર્થે વિદેશ જતા ગુજરાતના વિદ્યાર્થીઓને કૉવિડ વૅક્સિનેશનમાં અગ્રતા અપાશે. વિદ્યાર્થીઓના હિતમાં રાજ્ય સરકારે આ નિર્ણય અંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આગામી મહિનાઓમાં ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે વિદેશ જઈ રહ્યા છે. આવા વિદ્યાર્થીઓને વિદેશ પ્રવાસમાં કોઈ અડચણ ઊભી ન થાય એ માટે વિદ્યાર્થીઓને વૅક્સિનેશનમાં વિશેષ અગ્રતા અપાશે. આ માટે સમગ્ર રાજ્યમાં જિલ્લા કલેક્ટર્સને અને મહાનગરપાલિકા વિસ્તારોમાં મ્યુનિસિપલ કમિશનર્સને જવાબદારી સોંપવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષપદે ગાંધીનગરમાં મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્ય સરકારે આ સંવેદનશીલ નિર્ણય કરવામાં આવ્યો હતો. અભ્યાસ માટે આગામી મહિનાઓમાં વિદેશ જઇ રહેલા જિલ્લાના વિદ્યાર્થીઓએ અગ્રતાના ધોરણે વૅક્સિન લેવા પોતાના આઈ-20 ફોર્મ અથવા DS-160 ફૉર્મ અથવા તો વિદેશની જે તે યુનિવર્સિટી કે કોલેજનો એડમિશનના કન્ફર્મેશન લેટર સાથે રૂબરૂ કલેકટરનો સંપર્ક કરવાનો રહેશે.

જ્યારે સુરત, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓએ આ પત્રો સાથે મ્યુનિસિપલ કમિશનરનો સંપર્ક કરવાનો રહેશે.

અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (વેસ્ટ ઝોન) નો સંપર્ક કરવાનો રહેશે. અભ્યાસ માટે વિદેશ જઇ રહેલા વિદ્યાર્થીઓને વૅક્સિનને કારણે કોઈ તકલીફ ન પડે એ માટે રાજ્ય સરકારે પૂરતી તૈયારી રાખી છે. સમગ્ર રાજ્યમાં આવા વિદ્યાર્થીઓને અગ્રતાના ધોરણે વૅક્સિન અપાશે. ●

## કોરોનાની બીજી લહેર નબળી પડતાં, ગુજરાતના શહેરોમાં નિયંત્રણો હળવા કરાયા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી કોર કમિટીની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં તા. ૧૧ જૂન ૨૦૨૧ના સવારે ૬ વાગ્યાથી કેટલાક નિયંત્રણો હળવા કરવામાં આવશે. આ નિયંત્રણો તારીખ ૧૧ જૂનથી ૨૬ જૂન સવારે ૬ વાગ્યા સુધી હળવા કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ કોર કમિટીની બેઠકમાં કરેલા અન્ય નિર્ણયો અનુસાર રેસ્ટોરન્ટ અને હોટલ આ સમયગાળા એટલે કે ૧૧ જૂન થી ૨૬ જૂનના સમય દરમિયાન સવારે ૯ થી સાંજે ૭ સુધી તેની બેસવાની ક્ષમતા ના ૫૦ % સાથે ચાલુ રાખી શકાશે. તેમજ રાત્રે ૯ સુધી અને હોમ ડિલિવરી રાત્રે ૧૨ વાગ્યા સુધી થઈ શકશે. રાત્રી કર્ફ્યુનો અમલ તારીખ 11 જૂન રાત્રે ૯ થી તારીખ ૨૬ જૂન ૨૦૨૧ ના સવારે ૬ વાગ્યા સુધીના દિવસો દરમિયાન દરરોજ રાત્રે ૯ થી સવારે ૬ વાગ્યા સુધી કરવાનો રહેશે.

તમામ દુકાનો, લારી-ગલ્લા, શોપિંગ કોમ્પલેક્ષ, માર્કેટયાર્ડ, હેર કટીંગ સલૂન આ સમયગાળા દરમિયાન સવારે ૯ થી સાંજના ૭ સુધી ચાલુ રાખી શકાશે.વાંચનાલય લાઈબ્રેરી અને જીમ્નેશિયમ ૫૦ ટકા કેપેસિટી સાથે આ સમયગાળા દરમિયાન ચાલુ રાખી શકાશે અને એસ,.ઓ.પી.નું પાલન આવશ્યક રહેશે.

રાજ્યના જે વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે જરૂરી પરીક્ષાઓ IELTS, TOEFLવગેરે આપવાના હોય તેવા વિદ્યાર્થીના હિતને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રીશ્રીએ આ પરીક્ષાઓ એસ.ઓ.પી.ના પાલન સાથે યોજવાની પણ છૂટ આપી છે. રાજ્યમાં રાજકીય, સામાજિક (બેસણું) ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો વધુમાં વધુ ૫૦ વ્યક્તિની મર્યાદામાં એસ.ઓ.પી.ના પાલન સાથે આ સમયગાળા દરમિયાન રાખી શકાશે. જ્યારે શહેરી બસ સેવાઓ અને એસટી બસ સર્વિસ 60% પેસેન્જર ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

રાજ્યના તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે દર્શનાર્થે ખુલ્લાં રહેશે, પરંતુ એક સમયે એક સાથે ૫૦થી વધુ દર્શનાર્થીઓ એકત્રીત ન થાય તેમજ એસ.ઓ.પી.નું પાલન અવશ્યપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ અને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી કૈલાસનાથન, ગૃહ ના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, મુખ્ય મંત્રીશ્રી ના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે દાસ સહિત વરિષ્ઠ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

## નર્સિંગ કર્મચારીઓને રૂ.૩૦૦૦નું નર્સિંગ એલાઉન્સ મળશે



નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યનાં તમામ નર્સિંગ કર્મચારીઓના નર્સિંગ એલાઉન્સમાં રૂપિયા ૧૭૦૦ નો એટલે કે, ૧૩૦ ટકા જેટલો માતબર વધારો કરી રૂપિયા ૩૦૦૦નું નર્સિંગ એલાઉન્સ આગામી તારીખ ૧ લી જુલાઇ ૨૦૨૧થી આપવાનો આરોગ્ય વિભાગ દ્વારા નિર્ણય કરાયો છે જેનો લાભ ૧૫૦૦૦ થી વધુ નર્સિંગ કર્મચારીઓને થશે. ગાંધીનગર ખાતે યુનાઈટેડ નર્સિંગ ફોરમની માંગણીઓ સંદર્ભે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, નાણાં વિભાગના સચિવ શ્રી મિલિંદ તોરવણે અને ફોરમના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠકમાં ફોરમનાં પ્રશ્નો સંદર્ભે વિસ્તૃત ચર્ચા-વિચારણા થઇ હતી. ફોરમના પ્રતિનિધિઓએ એલાઉન્સ વધારા સહિતના અન્ય પ્રશ્નોના નિકાલ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજ્યના નાગરિકોને ત્વરિત આરોગ્ય સવલતો મળી રહે અને આરોગ્ય વિભાગમાં વધુ માનવબળ જોડાય તે માટે ૨૦૦૦ જેટલી સ્ટાફ નર્સોની ભરતી કરવાની મંજૂરી આરોગ્ય વિભાગ દ્વારા આપી દેવાઇ છે જેની પરીક્ષા લેવાશે, પરીક્ષાનું પરિણામ આવ્યા બાદ તમામ વહીવટી કામગીરી પૂર્ણ કરી સત્વરે આદેશો કરવામાં આવશે. ●

## રાજ્યમાં ધો.૧૨ની પરીક્ષા આ વર્ષ માટે રદ કરવાનો નિર્ણય



ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાતી ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષા આ વર્ષ માટે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ નિર્ણયની ભૂમિકા આપતાં જણાવ્યું કે, કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિદ્યાર્થીઓના વ્યાપક આરોગ્ય હિતમાં ધોરણ-૧૨ CBSE પરીક્ષાઓ આ વર્ષે નહીં યોજવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ સંદર્ભમાં વિશદ ચર્ચા-વિચારણા કરીને રાજ્ય સરકારે પ્રધાનમંત્રીશ્રીના આ નિર્ણયના સમર્થનમાં ગુજરાતમાં પણ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ ની આ વર્ષે યોજાનારી પરીક્ષાઓ રદ કરવાનો એટલે કે નહિ યોજવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું હતું કે, આ બોર્ડની પરીક્ષાઓ અંગેની હવે પછીની આગળની કાર્યવાહી ભારત સરકારની ગાઇડ લાઇન્સ - માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકાર કરશે. ●

## રાજ્યમાં ફાયર સેફ્ટી NOC અંગે મહત્ત્વપૂર્ણ નિર્ણય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં રાજ્યમાં ૯ મીટરથી ઓછી ઊંચાઇ ધરાવતા હોય અને બેઝમેન્ટ ન હોય તેવાં મકાનોમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓએ હવે ફાયર NOC લેવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરંતુ આવી શૈક્ષણિક સંસ્થાઓ નિર્દિષ્ટ નિયમાનુસારની ફાયર સેફ્ટી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને સેલ્ફ એટેસ્ટેડ સ્વપ્રમાણિત- રીતે ફાયર NOC જાતે મેળવી શકશે આ સ્વપ્રમાણિત- સેલ્ફ એટેસ્ટેડ ફાયર NOC કર્યાની જાણ સંબંધિત નગર, શહેર કે જિલ્લામાં શિક્ષણ વિભાગના અધિકારીને કરવાની રહેશે.

આ બેઠકમાં અન્ય એક એવો નિર્ણય પણ લેવામાં આવ્યો છે કે નગરપાલિકા વિસ્તારોમાં ફાયર NOC આપવાની સત્તા અને અધિકારો અગ્નિશમન નિયામકના સ્થાને સંબંધિત નગરપાલિકાના ફાયર ઓફિસરોને આપવામાં આવશે. આ નિર્ણયને પરિણામે રાજ્યના નગરોમાં ફાયર NOC લોકોને ત્વરાએ મળી શકશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ



રાજ્યમાં અગ્નિશમન સેવાઓનો વ્યાપ વધે અને નાગરિકોને કામકાજમાં સરળતા મળી રહે તે હેતુસર એક વધુ ફાયર રિજિયનનો ઉમેરો કરવાનો પણ નિર્ણય કર્યો છે.

હવે રાજ્યમાં આઠ મહાનગરો ઉપરાંત રિજિયોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટિઝ કચેરીના કાર્યક્ષેત્ર મુજબ અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર, રાજકોટ અને ભાવનગર એમ છ ફાયર રિજિયન મળી કુલ ૧૪ ફાયર રિજિયન કાર્યરત થશે આ ફાયર રિજિયનના ફાયર ઓફિસરોએ આઇ.એ.એસ. કક્ષાના સિનિયર ઓફિસરો જે તે પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવે છે તેમના નિયંત્રણ હેઠળ ફરજો બજાવવાની રહેશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ એવો પણ નિર્ણય કર્યો છે કે, શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોમાં સમાવિષ્ટ વિસ્તારો માટે મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર ફાયર NOC આપવાની કામગીરી કરશે. ●

# અસંગઠિત ક્ષેત્ર-બાંધકામ શ્રમિકોની નોંધણી હવે ઓનલાઇન




રાજ્યમાં કુલ શ્રમયોગીઓ પૈકી અસંગઠિત શ્રમયોગીની સંખ્યા અંદાજિત ૮૨ ટકા છે ત્યારે આ અસંગઠિત શ્રમયોગીઓને રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા ચાલતી કલ્યાણકારી યોજનાનો લાભ મળે તે જરૂરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના આવા અસંગઠિત ક્ષેત્રના અને બાંધકામ શ્રમિકોની ઓનલાઇન નોંધણી માટેના ઇ-નિર્માણ પોર્ટલ અને મોબાઇલ એપ્લિકેશનનું ઇ-લોન્ચિંગ ગાંધીનગરથી શ્રમ-રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરની ઉપસ્થિતિમાં કર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યની વિકાસ યાત્રાના પાયામાં રહેલા શ્રમિકો ખાસ કરીને અસંગઠિત ક્ષેત્ર- અન ઓર્ગેનાઇઝ્ડ સેક્ટરના શ્રમિકોના કલ્યાણ માટે આધાર લિંન્કડ યુ-વીન સ્માર્ટ કાર્ડ અંતર્ગત આવા ૧૦ લાખ શ્રમિકોની નોંધણી કરી વિવિધ લાભો તેમને મળે તેવી નેમ વ્યકત કરી હતી. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આવા અન ઓર્ગેનાઇઝ્ડ સેકટરના શ્રમિકો બાંધકામ શ્રમિકો સહિત ૮૨ ટકા નાના-શ્રમિકોના પરિશ્રમના યોગદાનથી જ રાષ્ટ્ર-રાજ્યનો વિકાસ સંભવ બન્યો છે.

અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની ઓનલાઇન નોંધણી કરવાની પહેલ કરનારૂં ગુજરાત પ્રથમ રાજ્ય છે. આ કામગીરી પણ ઇન-હાઉસ GIPL દ્વારા કરવામાં આવી છે તે માટે તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપભાઇ ઠાકોરે જણાવ્યુ હતું કે, તમામ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી ઝડપથી થાય તે માટે ઇ-નિર્માણ પોર્ટલ તેમજ મોબાઇલ એપનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી શ્રમયોગીને પોતાના કામનો સમય બગાડીને અથવા રજા પાડીને સરકારી કચેરીમાં નોંધણી કરાવવા જવું પડતું હતું. હવે તેઓ આ ઇ-પોર્ટલ અને મોબાઇલ એપ તેમજ કોમન સર્વિસ સેન્ટરના માધ્યમથી નોંધણી કરાવી શકશે



હવેથી શ્રમિકોના વસવાટસ્થળ અને કાર્યસ્થળ પર જઇ શ્રમિકોની નોંધણી કરવામાં આવશે. આ માટે ગુજરાતમાં ૨૧,૨૯૧ કોમન સર્વિસ સેન્ટર પર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે તેની વિગતો મંત્રીશ્રીએ આપી હતી. શ્રમયોગીઓએ નોંધણી માટે આધાર નંબર, બેંક એકાઉન્ટ, રેશનકાર્ડ, આવકનું પ્રમાણપત્ર જેવા જૂજ પુરાવા આપવાના રહેશે. રાજ્યમાં વર્ષ ૨૦૧૫માં આવા અસંગઠિત શ્રમયોગીની નોંધણી કરવામાં આવી હતી જેમાં કુલ ૯.૨૦ લાખ યુ-વીન કાર્ડ આપવામાં આવ્યાં છે.


અસંગઠિત શ્રમયોગીઓ પૈકી બાંધકામ શ્રમિકો માટે ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનામાં અપાતી સહાય અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, પ્રસૂતિ સહાય યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકની પત્નીને અગાઉ રૂ. ૫૦૦૦ સહાય તેમજ ૨૦૦૦ વધુ ઉચ્ચકની રકમ આપવામાં આવતી હતી. પણ હવે મુખ્યમંત્રીશ્રીના સંવેદનાપૂર્ણ અભિગમથી આ સહાયમાં રૂપિયા ૨૦ હજારની વધારાની મંજૂરીથી હવે કુલ રૂ. ૨૭,૫૦૦ સહાય આપવામાં આવે છે.

આ મોબાઇલ એપ અને ઓનલાઇન નોંધણી માટેના ઇ-નિર્માણ પોર્ટલને યુઝર ફ્રેન્ડલી બનાવવામાં સહયોગ આપનારી કોમન સર્વિસ સેન્ટર અને GIPL સાથે શ્રમ નિયામક તથા બાંધકામ શ્રમયોગી બોર્ડ દ્વારા કરવામાં આવેલા MoUનું આદાન-પ્રદાન પણ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા, શ્રમ નિયામક શ્રી આલોક પાંડે, બાંધકામ બોર્ડના સચિવ શ્રી બી.એમ પ્રજાપતિ, ગુજરાત ઇન્ફો પેટ્રો.લિ.ના સી.ઇ.ઓ. શ્રી મહેશભાઇ ગોહિલ, કોમન સર્વિસ સેન્ટરના સી.ઇ.ઓ. શ્રી રાકેશ કુમાર તેમજ શ્રમ અને રોજગાર વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ તથા જિલ્લા કક્ષાએ શ્રમ અધિકારીઓ કલેકટરો વીડિયો લિન્કથી ઉપસ્થિત રહ્યા હતા. ●

## કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0

# રાજ્યભરની શાળાઓનું એક જગ્યાએથી મોનિટરિંગ



ગુજરાત સરકારે ટેક્નોલોજીને મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સનો મંત્ર અપનાવી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વહીવટી ક્ષેત્રે પારદર્શિતા લાવી છે. શિક્ષણ એ અતિ મહત્ત્વપૂર્ણ બાબત છે. શિક્ષણ થકી માનવી વ્યક્તિગત તથા સમગ્ર સમાજનો વિકાસ સાધી શકે છે. શિક્ષણની આવી જરૂરિયાતને ધ્યાને રાખીને રાજ્ય સરકારે શિક્ષણ ક્ષેત્રને પ્રાથમિકતા આપી અનેક વિવિધ પ્રકલ્પો-પહેલ શરૂ કરી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના છેવાડાના ગામના વર્ગખંડના બાળક સુધીના વિદ્યાર્થીઓના અભ્યાસ, હાજરી, પરીક્ષા અને શિક્ષણ વ્યવસ્થાના રિયલ ટાઇમ મોનિટરિંગની ગુજરાતની અભિનવ પહેલ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર-2.0નું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યુ હતું.

સમગ્ર દેશમાં ગુજરાતે પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સુધી ક્વોલિટી એજ્યુકેશન, વિદ્યાર્થી હાજરી, શિક્ષક સજ્જતાને ટેક્નોલોજીના માધ્યમથી મોનિટરિંગ કરવા સહિતની વ્યવસ્થાઓ આ કમાન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 દ્વારા વિકસાવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 ના ભવન લોકાર્પણ સાથે વીડિયો વોલ મારફતે શિક્ષણ વિભાગના ફિલ્ડ સ્ટાફ સાથે સીધો સંવાદ સાધી આ પ્રોજેક્ટસ અંગેના પ્રતિભાવો-ફિડબેક મેળવ્યા હતા. તેમણે આણંદ જિલ્લાની કાજીપુરા પ્રાથમિક શાળાના શિક્ષક સાથે ઓનલાઇન સંવાદ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શનમાં રાજ્યમાં કોરોનાના આ કાળમાં 'શાળા બંધ-શિક્ષણ નહિ'ના ધ્યેય મંત્ર સાથે વિદ્યાર્થીઓને ઘરે બેઠાં અભ્યાસ હોમ લર્નિંગ માટેના અભિનવ પ્રોજેકટ-ગુજરાત સ્ટુડન્ટ્સ હોલિસ્ટિક એડપ્ટિવ લર્નિંગ એપનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અન્વયે ધોરણ-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઇ-કન્ટેન્ટ અને લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટિમ તૈયાર કરવામાં આવ્યાં છે.

સ્માર્ટફોન-ટેબ્લેટ ધરાવતા હોય તેવા ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ હોમલર્નિંગ અંતર્ગત લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટિમ G-SHALA (ગુજરાત સ્ટુડન્ટ્સ હોલિસ્ટિક એડપ્ટિવ લર્નિંગ એપ) એપ્લિકેશન અને ઇ-કન્ટેન્ટ થકી શિક્ષણ મેળવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઇ-કન્ટેન્ટમાં એનિમેટેડ વીડિયો, પ્રયોગોના સિમ્યુલેશન્સ, સ્વ અધ્યયન અને સ્વ મૂલ્યાંકન મોડ્યૂલ અને સંદર્ભ-પૂરક સાહિત્ય ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ સુવિધાઓને વિદ્યાર્થીઓ કોઈપણ ડિવાઈસ કે પ્લેટફોર્મથી એક્સસ કરી શક્શે.

ગુજરાતનાં વિદ્યાર્થીઓ-બાળકોના ઉજ્જવળ ભાવિના હિતને કેન્દ્રસ્થાને રાખવાના મુખ્યમંત્રીશ્રીના દૃષ્ટિવંત આયોજન અનુરૂપ ''જ્ઞાનસેતુ-બ્રિજકોર્સ કલાસ રેડીનેસ'' કાર્યક્રમ પણ શિક્ષણ વિભાગે ધોરણ-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે એક માસ એટલે કે ૧૦ જૂનથી ૧૦ જુલાઇ સુધીના સમય માટે શરૂ કર્યો છે. તેનો પણ વર્ચ્યુઅલ પ્રારંભ મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યો હતો. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેન દવે તેમજ શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ સર્વ શિક્ષા અભિયાનના મિશન ડિરેકટર શ્રીમતી ભારતી અને શિક્ષણના વરિષ્ઠ અધિકારીઓ આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સાથે જોડાયા હતા. ●

### કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 વિશે

***મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં શિક્ષણ વિભાગે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા પર વિશેષ FOCUS કરીને મિશન વિદ્યા, શિક્ષક-વિદ્યાર્થીની ઓનલાઇન હાજરી, હોમ લર્નિંગ, પિરિયોડિક એસેસમેન્ટ ટેસ્ટ જેવા નાવીન્યપૂર્ણ પ્રોજેક્ટ છેલ્લાં બે વર્ષથી અપનાવેલા છે. આ નવીનતમ પ્રોજેકટસ અને શિક્ષણની અન્ય યોજનાઓના મોનિટરિંગ માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત થયેલું છે.***

***રાજ્યની ૫૪૦૦૦ જેટલી પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, ૩ લાખથી વધારે શિક્ષકો અને ૧ કરોડ ઉપરાંતના વિદ્યાર્થીઓના વિશાળ માળખાની સુઆયોજિત દેખરેખ માટે હવે, આ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના નવા બિલ્ડિંગને અતિ આધુનિક ટેકનોલોજી-સુવિધાથી સજ્જ કરવામાં આવ્યું છે. આ નવીન કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 2.0 માં આવતા ડેટાને મશીન લર્નિંગ, વિઝ્યુઅલ પાવર cQube ટૂલથી એનેલાઈઝ કરાશે.***



## 'હારશે કોરોના -જીતશે ગુજરાત' ધ્યેય મંત્ર સાથે

# કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે રાજ્ય સરકારનો એક્શન પ્લાન

ગુજરાત કોવિડ-19 કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો મક્કમતાથી સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ છે. રાજ્ય સરકાર આ હેતુસર એક વિસ્તૃત અને નક્કર એકશન પ્લાન ઘડી ''હારશે કોરોના-જીતશે ગુજરાત''ના મંત્ર સાથે કોરોનાની આવનારી સંભવિત ત્રીજી લહેર સામે પણ વિજય હાંસલ કરશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામેના રાજ્ય સરકારના એકશન પ્લાનની જાહેરાત કરતાં આ નિર્ધાર વ્યકત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, મુખ્ય સચિવ શ્રી અનિલ મૂકીમ તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન અને આરોગ્યના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ આ એકશન પ્લાન-રણનીતિ પ્રચાર માધ્યમો સમક્ષ જાહેર કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, કેસોની સંખ્યા ઘટી છે પરંતુ કોરોના વાયરસ હજી ગયો નથી. કોરોના સામેની સમજ અને શિસ્તમાં જરા પણ ઢિલાશ પાલવે તેમ નથી. આપણે દવાઇ ભી, કડાઇ ભી અને જાન ભી હૈ, જહાન ભી હૈ ના પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પ સાથે રોજિંદી પ્રવૃત્તિઓ સંપૂર્ણ સતર્કતા-સાવચેતીથી ચાલુ રાખવાની છે. એટલું જ નહિ, વિશ્વના અને આપણા દેશના તજજ્ઞો કોવિડ મહામારીની ત્રીજી વેવ-લહેર આવવાની સંભાવના વ્યકત કરી રહ્યા છે ત્યારે ગુજરાત આ ત્રીજી લહેરનો ઓછામાં ઓછો ભોગ બને અને તેની અસરોને વ્યૂહાત્મક રીતે ખાળી શકાય તેવા હેતુથી રાજ્ય સરકારે એક વિસ્તૃત અને સર્વગ્રાહી, એકશન પ્લાન ઘડયા છે. આવો આગોતરો એકશન પ્લાન ઘડનારૂં ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે.


તદઅનુસાર, ત્રીજા વેવને આવતો જ અટકાવવો તેમજ તીવ્રતા-ઈન્ટેસિટી ઘટાડવી સાથોસાથ જો સંભવિત ત્રીજા વેવમાં કેસોની સંખ્યા વધી જાય તો તેને પહોંચી વળવા આરોગ્ય તંત્રનું ક્ષમતા વર્ધન કરવું એવી બેવડી રણનીતિ સાથે રાજ્ય સરકાર આગળ વધવા પ્રતિબદ્ધ છે. ●

***મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની રાહબરીમાં સરકારે બીજી લહેરની સાપેક્ષે સંભવિત ત્રીજી લહેરની સામે રાજ્યની આરોગ્ય વ્યવસ્થા-સુવિધાઓમાં વધારો કરવાની કાર્યયોજના નિર્ધારિત કરવામાં આવી છે :-***

- ઓક્સિજન બેડની સંખ્યા ૬૧,૦૦૦ વધારી ૧,૧૦,૦૦૦ કરાશે.
- આઇ.સી.યુ. બેડની સંખ્યા ૧૫ હજારથી વધારીને ૩૦ હજાર કરવામાં આવશે.
- ઓક્સિજન કોન્સન્ટ્રેટરની સંખ્યા ૭૦૦થી વધારે ૧૦,૦૦૦ કરવામાં આવશે.
- સ્પેશિયાલિસ્ટ તબીબોની સંખ્યા ૨૩૫૦ વધારી ૪૦૦૦, એમ.બી. બી.એસ. તબીબની સંખ્યા ૫૨૦૦થી વધારી ૧૦,૦૦૦ નર્સની સંખ્યા ૧૨ હજારથી વધારી ૨૨,૦૦૦ વર્ગ-૪ના કર્મચારીઓની સંખ્યા ૮ હજારથી વધારી ૧૫ હજાર અને એટેન્ડન્ટની સંખ્યા ૪૦૦૦થી વધારે ૧૦ હજાર કરવાનો નિર્ણય કર્યો છે.
- મુખ્યમંત્રીશ્રીએ સંભવિત ત્રીજી લહેર માટે ટેસ્ટીંગ, ટ્રેસિંગ, ટ્રિટમેન્ટની ટ્રીપલ ટી સ્ટ્રેટેજી રૂપે સર્વેલન્સ યુનિટની સંખ્યામાં ૧૪ હજારથી વધારો કરી ૨૧ હજાર અને સર્વેલન્સની ટીમની સંખ્યામાં ૨૧ હજારનો વધારો કરી ૬૦ હજાર કરવાનો નિર્ધાર કર્યો છે.
- આ સાથે રાજ્યમાં RTPCR ટેસ્ટની સંખ્યા રોજના ૭૫ હજારથી વધારી ૧.૨૫ લાખ કરાશે
- RTPCR લેબની સંખ્યા ૧૦૪ થી વધારી ૧૫૫ કરવામાં આવશે.
- મુખ્યમંત્રીશ્રીએ ધન્વંતરી રથની સંખ્યા ૧૫૦૦થી વધારી ૩૦૦૦ અને સંજીવની રથની સંખ્યા ૧૪૦૦થી વધારી ૩૦૦૦ કરવાનું પણ આ રણનીતિ કાર્યયોજનામાં સૂચવ્યું છે.
- ધન્વંતરી રથ અત્યારના રોજના ૧.૧૦ લાખ કેસની સાપેક્ષે ૨.૨૫ લાખ કેસ હેન્ડલ કરશે તથા સંજીવની રથ ૨૮ હજારની સાપેક્ષે ૬૦ હજાર કેસ ટ્રીટ કરશે.
- કોવિડ-19 કેસોનું તેમજ સારવારનું સીધું નિયંત્રણ અને મોનિટરિંગ મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી થઇ શકે તે હેતુસર જિલ્લા સ્તરે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત કરાશે.
- ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સહયોગથી રાજયમાં એપિડેમિક ઇન્ટેલિજન્સ યુનિટની સ્થાપના કરવામાં આવશે જે રાજ્યના વિવિધ જિલ્લાના વિસ્તારોમાં કોવિડ કેસિસમાં વધારા-ઘટાડાનું પૂર્વાનુમાન કરવામાં મદદરૂપ થશે.
- હોમ આઇસોલેશનમાં રહેલા દર્દી માટે ટેલી મેડિસિન વ્યવસ્થા ઊભી કરી નિવૃત તબીબો દ્વારા ઇ-સંજીવની એપ થકી માર્ગદર્શન આપવામાં આવશે. ●

# વડતાલમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ







કોરોનાથી નાગરિકોને બચાવવા સરકાર પૂરા પ્રયાસથી કાર્ય કરી રહી છે. જેના પરિણામે દિવસેને દિવસે કોરોના સંક્રમિતોના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોના દર્દીઓને સારી અને ઝડપી સારવાર મળી રહે તે માટે રાજ્યના બધા વિસ્તારની હોસ્પિટલમાં સુવિધામાં વધારો કરવામાં આવી રહ્યો છે. સરકારની સાથે સામાજિક, ધાર્મિક સંસ્થાઓ પણ આ કાર્યમાં સરકાર સાથે જોડાઈને સેવાનું કાર્ય કરી રહી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ શ્રી સ્વામિનારાયણ મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ- વડતાલ ખાતેના નવીન ઓક્સિજન પ્લાન્ટનું ગાંધીનગરથી ઇ-લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, લિક્વિડ ઓક્સિજનની મર્યાદાઓ સામે હવે હવામાંથી સીધો ઓક્સિજન મેળવવાના પ્લાન્ટસ રાજ્યમાં સ્થાપીને ૩૦૦ ટન PSA ઓક્સિજન મેળવી પગભર બનવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. રાજ્ય સરકાર દ્વારા ઓક્સિજન ઉત્પાદનના કાર્યમાં વડતાલ સહિત અન્ય ધાર્મિક - સામાજિક સેવાભાવી સંસ્થાઓ, અમૂલ, બનાસ ડેરી ઉપરાંત એન.આર.આઇ પણ સમયની માંગને અનુસરીને જોડાયાં છે તે અભિનંદનને પાત્ર છે. કોરોનાકાળમાં વડતાલ મંદિર દ્વારા ઓક્સિજન પ્લાન્ટ અર્પણ કરીને આ સેવા પરંપરા વધુ ઉજ્જવળ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હોસ્પિટલમાં વધુ એક ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવાની અપીલ કરી હતી. તેના પ્રતિસાદરૂપે આ જ હોસ્પિટલ ખાતે બીજા ૫૦ બેડના ઓક્સિજન પ્લાન્ટની જાહેરાત કરવામાં આવી હતી. બીજા ઓક્સિજન પ્લાન્ટ માટે હોસ્પિટલના પ્રમુખ શ્રી ધનજીભાઈ દ્વારા રૂપિયા ૧૫ લાખ, મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ દ્વારા ૧૦ લાખ તથા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ દ્વારા રૂપિયા ૩૫ લાખની અદ્યતન એમ્બ્યુલન્સ ફાળવવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ ઇ- લોકાર્પણ પ્રસંગે વડતાલ ખાતે શ્રી રાકેશ પ્રસાદજી મહારાજ, ધારાસભ્ય શ્રી અર્જુન સિંહ ચૌહાણ સહિત પૂજ્ય સંતોશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# રાજકોટમાં ડાયાબિટીસ પ્રિવેન્શન અને લાઇફસ્ટાઇલ મેનેજમેન્ટ સેન્ટર જનસમર્પિત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ સ્થિત રોટરી મિડટાઉન લલિતાલય ડાયાબિટીસ પ્રિવેન્શન અને લાઈફસ્ટાઈલ મેનેજમેન્ટ સેન્ટરનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં પાંચમી જૂનના રોજ ઉજવવામાં આવતા ''વિશ્વ પર્યાવરણ દિન'' નિમિત્તે પર્યાવરણની સુરક્ષા સાથે પ્રદૂષણમુક્ત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકાર સંપૂર્ણતયા સંકલ્પબદ્ધ છે. હાલના કોરોનાકાળમાં કોવિડ સેન્ટરોમાં કોરોના વોરિયર્સ તરીકે કાર્યરત નર્સ હેલ્થ વર્કર પાસે વૃક્ષારોપણ કરાવીને રાજ્ય સરકારે આ બાબતની પ્રતિબદ્ધતાનો પુરાવો પૂરો પાડ્યો છે.

કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે નાગરિકોને રક્ષણ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર દૂરંદેશી આયોજન અને આંતરમાળખાકીય સુવિધા સાથે આગળ વધી રહી છે. કોરોનાના ડાયાબિટીસવાળા દર્દીઓમાં જોવા મળતી મ્યુકર માઇકોસિસના ઉપદ્રવને નાથવા માટે રાજકોટ શહેરમાં કરાયેલી જિલ્લા વહીવટીતંત્ર તથા રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્યલક્ષી કામગીરીને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવી હતી.

કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના પ્રેસિડેન્ટ શ્રી દિનેશભાઈ જીવરાજાનીએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની પ્રવૃત્તિઓનો ટૂંકો ચિતાર રજૂ કર્યો હતો

આ કાર્યક્રમમાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખભાઈ ભંડેરી, સંસદસભ્યશ્રી રામભાઈ મોકરીયા, મેયર ડૉ. પ્રદીપભાઈ ડવ, ડેપ્યુટી મેયર ડૉ. દર્શિતાબહેન શાહ, શહેરના જાણીતા ડૉકટર્સ તથા સંસ્થાના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

કિશોરભાઇ જિકાદરા

# સમાજ શ્રેષ્ઠીઓના યોગદાનથી સમાજ કલ્યાણકારી અને પ્રગતિશીલ બને -રાજ્યપાલશ્રી

સમાજ શ્રેષ્ઠીઓના યોગદાનથી જ સમાજ કલ્યાણકારી અને પ્રગતિશીલ બને છે. વડોદરા ખાતે વ્રજધામ આધ્યાત્મિક સંકુલ અને વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશનના સહયોગથી કોવિડ કેર ડ્રાઇવ અંતર્ગત વિવિધ સેવા પ્રકલ્પોને તાજેતરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે લોકાર્પિત કર્યા હતા.



રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે સાવલી, વડોદરા સ્થિત મંજુસર, જી.આઇ.ડી.સી.માં ઓક્સિજન પ્લાટનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત ૨૫ ઓક્સિજન કન્સન્ટ્રેટર્સ, ૧૫ બાયપેપ મશીન, ૬ વેન્ટિલેટર્સનું પણ તેમણે લોકાર્પણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે, વિશ્વ કલ્યાણની વિચારધારા આપણી સંસ્કૃતિનો આધાર છે અને વૈષ્ણવ સંપ્રદાયે કોરોનાના કપરા કાળમાં જનસેવાને જ સાચી સેવા માનીને આપણી વિશ્વ કલ્યાણની ભાવનાને ચરિતાર્થ કરી છે. રાજ્યપાલશ્રીએ ધનની ત્રણ ગતિ દાન-ભોગ અને નાશ પૈકી દાનને શ્રેષ્ઠ ગતિ ગણાવી હતી અને દાનશ્રેષ્ઠીઓને સમાજના ઘરેણાંરૂપ ગણાવ્યા હતા. રાજ્યપાલશ્રીએ કોરોનાના કષ્ટદાયક સમયમાં વૈષ્ણવ સંપ્રદાયના યોગદાનને ખરા અર્થમાં પ્રેરણાદાયી ગણાવ્યું હતું.

આ પ્રસંગે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજીએ જણાવ્યું હતું કે, વ્રજધામ આધ્યાત્મિક સંકુલ અને વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા ગુજરાતમાં અંદાજે ૬ કરોડ રૂપિયાના ખર્ચે ૨૯ ઓક્સિજન પ્લાંટ ઊભા કરવાથી લઇને હોસ્પિટલોને વેન્ટીલેટર્સ, બાયપેપ મશીન, ઓક્સિજન કન્સ્ટ્રેટર્સ આપવા તેમજ કોરોના વોરિયર્સને કિટ વિતરણ અને મુખ્યમંત્રી તેમજ પ્રધાનમંત્રી રાહત ફંડમાં યોગદાન આપવા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ વૈષ્ણવજનોના સહયોગથી હાથ ધરાઇ છે.

રાજભવન દ્વારા ચાલી રહેલા કોરોના સેવાયજ્ઞને તેમણે સમાજ કલ્યાણના યજ્ઞ તરીકે ગણાવી ધર્માચાર્યો સાથેની રાજ્યપાલશ્રીની ચિંતન બેઠકમાં આ સેવાયજ્ઞમાં કોરોના વૉરિયર્સ માટે ૫૪૪ કિટના યોગદાનની ઘોષણા કરી હતી તેની માહિતી પણ આપી હતી. વૈષ્ણવાચાર્યશ્રીએ સમાજ શ્રેષ્ઠીઓને સહયોગ માટે આગળ આવવા અપીલ પણ કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કેતનભાઇ ઇનામદાર, વડોદરા મેયર શ્રી કેયુરભાઇ રોકડિયા અગ્રણી શ્રી વિજયભાઇ શાહ, મ્યુનિસિપલ કમિશનર શ્રી પી. સ્વરૂપ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગીર-સોમનાથમાં વાવાઝોડા સંદર્ભે અપાતી સહાયની સમીક્ષા

ગીર-સોમનાથ જિલ્લામાં તાઉતે વાવાઝોડાથી થયેલી નુકસાની અને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સહાય જિલ્લા તંત્ર દ્વારા ચૂકવાઇ રહી છે. તે અંગેની તમામ કામગીરીની સમીક્ષા અન્ન, નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ કરી હતી.

આ બેઠકમાં તાઉતે વાવાઝોડાથી ખાસ કરીને વધારે અસરગ્રસ્ત થયેલા ઉના અને ગીરગઢડા તાલુકામાં લાભાર્થીઓને ચૂકવાઇ રહેલી વિવિધ સહાયની રકમ, પૂર્ણ થયેલા સર્વે તેમજ વીજપુરવઠો પૂર્વવત્ કરવાની ચાલતી કામગીરી અને જ્યાં વીજળી નથી ત્યા વૈકલ્પિક વ્યવસ્થાથી થતી પાણી વિતરણની કામગીરી સહિત વહીવટી તંત્રની તમામ કામગીરીની માહિતી આપવામાં આવી હતી.

આ તકે મંત્રીશ્રીએ બેઠકમાં ઉપસ્થિત સાંસદ શ્રી રાજેશભાઇ ચુડાસમા અને ગીર-સોમનાથ જિલ્લાના અન્ય આગેવાનોના પણ લોક ઉપયોગી અને હાલની તંત્રની રાહત બચાવની કામગીરીમાં ઝડપ આવે અને લોકોને લાભ મળે તે અંગેના કેટલાંક અગત્યનાં સૂચનો ધ્યાને લીધાં હતાં અને માર્ગદર્શન આપ્યું હતું. ●



## સુરત જિલ્લામાં વિકાસકાર્યો સાથે આરોગ્ય વિષયક સુવિધા



સુરત જિલ્લામાં રસ્તાના ખાતમુહૂર્તથી માંડીને મજબૂતીકરણ તથા આરોગ્ય સુવિધાઓ વધારવાનાં કાર્યો કોરોના સંક્રમણ વચ્ચે પણ કરવામાં આવી રહ્યાં છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે બારડોલી અને પલસાણા તાલુકાનાં ગામોમાં રૂ.૨૦ કરોડના ખર્ચે રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. જેમાં બારડોલીથી પલસાણા સુધીનો રોડ, એના ગામથી તુંડી અને કારેલી સુધીનો રોડ તેમજ અરેક-સિસોદરા-પૂણી-સરભોણ સુધીનો રોડનું વાઈડનિંગ કરી મજબૂતીકરણ કરવાંના કાર્યનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ અવસરે મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, બારડોલી અને પલસાણા તાલુકાના ગામોમાં પાકા રસ્તાઓના સ્ટ્રકચર વાઈડનિંગ કરી મજબૂતીકરણના કારણે યાતાયાત વધુ સુવિધાજનક બનશે. આ સાથે નગર અને ગ્રામજનોની માંગણી પણ સંતોષાઈ છે

મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે ધારાસભ્યની ગ્રાંટમાંથી પલસાણા તાલુકાના ચલથાણ ખાતે ઉત્તમ આરોગ્ય સેવા મળે એ માટે રૂ.૨૮,૭૭,૬૪૫નું અનુદાન આપ્યું છે. આ અનુદાનનો ઉપયોગ ડિજિટલ એક્સ-રે મશીન, પોર્ટેબલ વેન્ટિલેટર, ડિફિબીલેટેર મશીન, લેરિંગોસ્કોપ સેટ, ડિસ્પોઝલ બ્લેડસની સુવિધા ઊભી કરાશે. મંત્રીશ્રીએ આ માટેના અનુદાનનો પત્ર હોસ્પિટલના ટ્રસ્ટીઓને અર્પણ કર્યો હતો. ●

## જસદણ તાલુકામાં વિકાસકામોનું નિરીક્ષણ



ગુજરાત રાજયમાં હાલમાં જ પસાર થયેલા તાઉતે વાવાઝોડા અને હાલની કોરોના મહામારીના સમયમાં લોકોને વિપદામાં પડતી મુશ્કેલીઓનું જાત નિરીક્ષણ કરી તેનો ઉકેલ લાવવા રાજયના પાણીપુરવઠા અને પશુપાલન ખાતાના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા સતત જનસંપર્કમાં રહે છે.

મંત્રી શ્રી બાવળિયાએ જસદણ તાલુકાના ચિતલીયા, નાની લાખાવડ, કોઠી, ખડવાવડી, ગઢીયા(જામ), આધીયા સહિત વિવિધ ગામોની જાત મુલાકાત લીધી હતી. આ તકે તેઓએ વાવાઝોડા સંદર્ભે થયેલી નુકસાની, કોરોના અંગેના આરોગ્યલક્ષી પશ્નો, રસીકરણ સહિતની બાબતોની વિસ્તૃત ચર્ચા કરી આગામી દિવસોમાં આ પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવે એ માટે સંલગ્ન અધિકારીઓને સ્થળ પરથી જ સૂચના આપી હતી.

મંત્રીશ્રી બાવળિયાએ કોરોનાને અટકાવવા રસીકરણ પર ભાર મૂકતા રાજય સરકાર છેવાડાનાં ગામોમાં વસતા લોકોની સુખાકારી માટે સતત ચિંતિત હોવાનું જણાવ્યું હતું. તેઓએ ઉમેર્યુ હતું કે કોરોનાની વિકટ પરિસ્થિતિ હોવા છતાં રાજય સરકાર દ્વારા વિકાસનાં કામો સતત ચાલુ રાખી દરેક ગામનો પીવાના પાણી, રસ્તા, કેનાલ, વીજળી, ગટર સહિતનાં તમામ કામોથી સર્વાંગી વિકાસ થાય તે માટે સતત કાર્યરત છે.●

## મોરબીમાં પ્રવાસનને પ્રોત્સાહિત કરતાં કામોનું ભૂમિપૂજન



માળિયા તાલુકાના વવાણિયા ગામે પ્રવાસન નિગમ દ્વારા ડેસ્ટિનેશન ડેવલોપમેન્ટ ઓફ શ્રીમદ રાજચંદ્ર અંતર્ગત રામબાઈ મંદિરમાં રૂ.૭૨૯ લાખના કામોનું ભૂમિપૂજન પ્રવાસન મંત્રી શ્રી જવાહર ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. રામબાઈ મંદિર ખાતે આ કામો અંતર્ગત ભોજનાલય, રસોડું, કોઠારરૂમ, ૨૫૦ માણસ બેસી શકે તેવા સત્સંગ હોલના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પ્રવાસન વિભાગ દ્વારા આ વિસ્તારની જરૂરિયાતને ધ્યાને લઈને વિકાસ માટે પસંદગી કરી છે.

કાર્યક્રમમાં મોરબી માળિયા વિસ્તારના ધારાસભ્ય શ્રી બ્રિજેશભાઈ મેરજાએ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી વવાણિયા પી.એચ.સી.ને એમ્બ્યુલન્સ ફાળવણી કરવાની જાહેરાત કરી હતી. મંત્રીશ્રીએ કાર્યક્રમ બાદ શ્રીમદ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લીધી હતી. ●

# ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં કેરીનું મબલખ ઉત્પાદન મેળવતા શિક્ષક

✐ મહેન્દ્ર વેકરિયા

આજના આધુનિક યુગમાં ઝેરમુક્ત ખોરાક માટે પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. આજની ઝડપી જીવનશૈલીમાં લોકો ખાનપાનની બાબતે જાગૃત થઈ રહ્યા છે, ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવીને રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી મુક્તિ મેળવવા માટે મોટી સંખ્યામાં જાગૃત થઈ રહ્યા છે, ત્યારે સુરત જિલ્લાના મહુવા તાલુકાના ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી અપનાવીને પ્રકૃતિ તરફ પ્રયાણ કરી રહ્યા છે. તેમાં પણ શિક્ષિત ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીથી અદભૂત સફળતા મેળવી અન્ય ખેડૂતોને પ્રેરણા આપી રહ્યા છે.

મહુવા તાલુકાના સણવલ્લા ગામના રહેવાસી અને વ્યવસાયે શિક્ષક ભરતભાઈ પટેલે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવીને ૧૦ વીઘા જમીનમાં ૩૫૦ મણ કેરીનું મબલખ ઉત્પાદન મેળવ્યું છે. તેઓ વાડીએથી જ ગ્રાહકોને કેરીઓનું સીધું વેચાણ કરે છે.

તેઓ પોતાની વાડીમાં રાજાપુરી, કેસર, તોતાપુરી, દાડમ, લંગડો, આમ્રપાલી જેવી વિવિધ પ્રકારની કેરીનું ઉત્પાદન લે છે, અને ગુણવત્તાયુક્ત કેરીની ખેતીમાં ગૌમૂત્ર આધારિત જવારણનો ઉપયોગ કરીને આવકમાં વૃદ્ધિ કરી છે. શિક્ષકની ફરજની સાથે આજે તેમની 'નંદનવન ગીર ગૌ-શાળા'માં ૧૮ જેટલા નાના-મોટા ગૌવંશ થકી ગાય આધારિત ખેતી કરી રહ્યા છે. ઉપરાંત, ખેતી પાકોનું મૂલ્યવર્ધન કરીને પણ વધારાની આવક મેળવી રહ્યા છે. જેમાં તેમના બન્ને યુવાન દીકરાઓ ખભેખભા મિલાવીને તેમના પિતાને મદદરૂપ થઇ રહ્યા છે.





પ્રાકૃતિક ખેતી અંગેની પ્રેરણા અને અનુભવો અંગે વાત કરતાં ભરતભાઈ કહે છે કે, છ વર્ષ પહેલાં ભરૂચ ખાતે ગ્રામ વિકાસ શિબિરમાં પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મળી. ગાય આધારિત ખેતી પદ્ધતિ દ્વારા આંબાના પાકમાં કેરીનું મબલખ ઉત્પાદન કરી શકાય તે અંગે પ્રકાશ પાડતાં તેઓ કહે છે કે, મે-જૂનમાં કેરીનો ઉતારો આવ્યા બાદ આંબાના ઝાડની ઊંચાઈ પ્રમાણે છાંયડાના એક મીટર અંદરના ઘેરાવામાં ગૌમૂત્ર, ગોબર, છાશ અને ઘનજીવામૃત નાખવાથી ચોમાસા દરમિયાન કીટકો થડમાં આવે ત્યારે રોગ નિયંત્રણનું ઉત્તમ કામ કરે છે.

ગૌમૂત્ર તથા ખાટી છાશમાંથી બનાવવામાં આવતા જવારણ નામના પ્રાકૃતિક કીટનાશક વિશે વિગતો આપતાં કહે છે કે, એક ડ્રમમાં વિવિધ ફળોનો રસ લઈને તેમાં ગૌમૂત્ર તેમજ છાશ ભેળવીને આઠ મહિના સુધી રાખવામાં આવે છે. આ રીતે તૈયાર થયેલા જવારણનો આંબામાં જ્યારે મોર બેસે ત્યારે છંટકાવ કરવામાં આવે છે, જેથી મધમાખી, પતંગિયા જેવા મિત્રકીટકો આકર્ષાય છે. જેથી ફલાવરિંગનું કામ સરળ થાય છે. તેઓ જૈવિક રીતે નિયંત્રણ કેવી રીતે થાય તે અંગે દર રવિવારે શિબિર યોજે છે.


ભરતભાઈ જણાવે છે કે, કચ્છ જિલ્લાના કુકમા અને મહારાષ્ટ્રના ગૌ-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર નાગપુર ખાતે મારા દીકરા હર્ષકુમાર સાથે જઈને પ્રાકૃતિક ખેતીમાં વિવિધ જૈવ નિયંત્રણના કીટનાશકો બનાવવાની તાલીમ લીધી. જેમાં ઘનજીવામૃત, અગ્નિઅસ્ત્ર, ઉધઈ નિયંત્રણ, બ્રહ્માસ્ત્ર જેવા કીટનાશકોનો ઉપયોગ કરીને ભીંડા, કપાસ જેવા પાકો પર પ્રયોગ કરીએ છીએ.

ભરતભાઈના બન્ને દીકરા જિજ્ઞાંશુ અને હર્ષકુમાર પણ પ્રાકૃતિક ખેતી અપનાવીને આજની યુવાપેઢીના યુવાનોને માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓએ ઓર્ગેનિક ખેતી અંગે ગુજરાત ઓર્ગેનિક પ્રોડકશન સર્ટિફિકેટ પણ મેળવ્યું છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સુરત-નવસારી દ્વારા ભરતભાઈને હલધર ઓર્ગેનિક ફાર્મર એવોર્ડ તથા સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ દ્વારા સન્માનિત કરાયા છે.

ભરતભાઈ કહે છે કે, તેમની નંદનવન ગીર ગૌ-શાળામાં આગાખાન સંસ્થાના સહયોગથી એક હજારથી વધુ ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટેની તાલીમ આપવામાં આવી છે. આંબાની ખેતીની સાથે ભરતભાઈ ગાય આધારિત ખેતપદ્ધતિ થકી પોતાની વાડીમાં ભીંડા, શેરડી, જમરૂખ જેવા પાકોનું પણ ઉત્પાદન લઈ રહ્યા છે. આ ઉપરાંત જીવામૃતનું વેચાણ કરીને પણ પૂરક આવક મેળવી રહ્યા છે. ●

# પ્રાકૃતિક ખેતી થકી ખારેકનું મબલખ ઉત્પાદન કરતા ડો. રમેશભાઈ





✎ નરેશ મહેતા

પ્રાકૃતિક ખેતીથી સૌરાષ્ટ્રના કૃષિ જગતની તાસીર બદલાઈ રહી છે. સૌરાષ્ટ્રના પ્રગતિશીલ ખેડૂતોના નવા પ્રયોગ અને પ્રાકૃતિક ખેતીના પરિણામો નાના અને સીમાંત ખેડૂતો માટે ઉત્પાદન ખર્ચમાં મોટો ઘટાડો કરીને રોજગારીની નવી દિશા આપી રહ્યા છે. રાજકોટના પ્રગતિશીલ ખેડૂત કે જેઓ વ્યવસાયે ડૉક્ટર એવા રમેશભાઈ પીપળિયા પ્રાકૃતિક ખેતી કરવાના શોખથી પ્રેક્ટિસ મૂકીને તેઓએ રાજકોટ નજીક જશવંતપુર ગામે તેના ૨૦ વીઘા ફાર્મમાં ૧૨થી ૧૫ ગીર ગાય વસાવી સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરી બીજા ખેડૂતોને પ્રેરણા મળે તેવા આવિષ્કારો કર્યા છે.

પ્રગતિશીલ ખેડૂત ડૉ.રમેશભાઈ પીપળિયાએ તેમની પ્રાકૃતિક ખેતી અંગે જણાવ્યું કે તેઓએ સાત વર્ષ પહેલાં જશવંતપુર ગામે ૨૦ વીઘાની જમીનમાંથી ૧૦ વીઘા જમીનમાં જમીનમાં ટિશ્યૂકલ્ચર પદ્ધતિથી ખારેકનું વાવેતર કર્યું હતું. તેઓ ચાર વર્ષથી ખારેકનું ઉત્પાદન મેળવે છે. વધુ વિગત જણાવતાં તેઓએ છે કે ગાય આધારિત અને સંપૂર્ણ નેચરલ ખાતરનો ઉપયોગ કરવાથી બીજી કોઇ દવાનો ઉપયોગ કરવો પડતો નથી. એક એકર જમીનમાં ખારેકના ૬૦ ઝાડ ઊભાં છે અને દરેક ઝાડ પર માર્ચ મહિનાથી ખારેક આવવાનું શરૂ થાય છે અને જૂન-જુલાઈમાં ખારેક પાકી જતાં તેનો ઉતારો લેવામાં આવે છે. હાલ એક ઝાડ પર ૫૦થી ૬૦ કિલો ખારેકનો ઉતારો છે. આ રીતે દસ વીઘા જમીનમાં કુલ ૧૪ હજાર કિલો ખારેકના ઉત્પાદનનો અંદાજ છે. અન્ય પાકના પ્રમાણમાં તેઓને ખારેકમાં મબલખ ઉત્પાદન મળ્યું છે.એક ઝાડ દીઠ રૂ.૫ થી ૭ સાત હજારની આવક થાય છે.

ખારેકની આવક સાતત્યપૂર્ણ રહે છે અને હવામાનની કોઈ ખાસ અસર થતી નથી તેમ જણાવતા રમેશભાઈ કહે છે કે જો નાનો ખેડૂત તેની ટૂંકી જમીનમાં ખારેક વાવે તો એક બે વીઘા જમીનમાં પણ દોઢ બે લાખનું ઉત્પાદન આરામથી મેળવી શકે છે. કારણ કે પ્રાકૃતિક ખેતી અને સ્ટાન્ડર્ડ કંપનીના ટિશ્યૂકલ્ચર પાકથી બધી જ ખારેકમાં મીઠાશ જળવાઈ રહે છે અને ખેડૂત પોતે મહેનત કરી રિટેલ વેચાણ કરે તો વધારે ફાયદો થાય છે. આ ઉપરાંત ખારેકનાં બે ઝાડ વચ્ચે વધારે અંતર રહેતું હોવાથી આંતર ખેતીથી પણ પૂરક આવક મેળવી શકાય છે. ઇઝરાયેલી પદ્ધતિથી ખારેકના ઝાડ વચ્ચે હવે આંબાના વાવેતરના પ્રયોગો પણ સફળ થયા છે. ડૉ. રમેશભાઈ પીપળીયા જણાવે છે કે સૌરાષ્ટ્રમાં હવે પાણી અને વીજળીનો વિસ્તાર વધ્યો છે એટલે બાગાયતી પ્રાકૃતિક ખેતી પણ ખેડૂતો માટે નિયમિત અને કાયમી રોજગારીનું માધ્યમ બની શકે છે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ ગુજરાત સરકારના ખેતીવાડી વિભાગ દ્વારા પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ખારેકની ખેતીમાં એક રોપા દીઠ નોંધપાત્ર સબસિડી પણ મળે છે અને ૩૩ ટકા જેટલા ખર્ચમાં પણ રાહત મળે છે, તેમ જણાવી તેઓએ ખારેકની ખેતીમાં બહુ પાણીની પણ જરૂર રહેતી નથી, તેમણે ઉમેર્યું હતું.

રાજકોટના બાગાયત અધિકારીએ જણાવ્યું હતું કે, હાલ ખારેકના વાવેતર માટે એક રોપા દીઠ રૂ.૧૨૫૦ મહત્તમ એક હેક્ટર સુધી સબસિડી સહાય આપવામાં આવે છે. રાજકોટના આ પ્રગતિશીલ ખેડૂત તેના રાધિકા ફાર્મમાં ૧૨થી ૧૫ ગીરગાય પણ રાખે છે અને આ ગાય શુદ્ધ અને સાત્ત્વિક દૂધ તો આપે છે પરંતુ તેના ગોબર અને ગૌ-મૂત્ર થી દેશી ખાતર બનાવી ખેતીમાં ઉપયોગ કરે છે. તેઓએ જંતુનાશક દવાના ઉપયોગ વગર તેમજ દૂધનો છંટકાવ કરી શાકભાજીના પાક પર રોગના નિયંત્રણ પર પણ સફળ પ્રયોગ કર્યો છે. ●

# કોરોના કાળમાં ૭૧ વર્ષના નર્સ જૈમિનીબહેન દ્વારા થતી દર્દીનારાયણની સેવા

દર્શન ત્રિવેદી

નામ એમનું છે જૈમીનીબહેન જોશી. ઉંમર છે ૭૧ વર્ષ. અહીંની ઝાયડ્સ હોસ્પિટલના આ સૌથી મોટી ઉંમરના મેટ્રન છે. વૃદ્ધાવસ્થાના એક પડાવ સુધી પહોંચી ગયા બાદ પણ તેમણે દર્દીનારાયણની સેવાનું કાર્ય શરૂ રાખ્યું છે અને આ સેવાકાર્ય કોરોનાકાળમાં પણ છોડ્યું નથી. બલકે યુવાનોને પણ શરમાવે એવા ઉત્સાહથી તેઓ પોતાની ફરજ બજાવી રહ્યા છે. જૈમિનીબહેનના પિતા મોહનલાલ જીવરામ જોશી દાહોદમાં પેઇન્ટિંગનું કામ કરતા હતા. આઠમા ધોરણમાં અભ્યાસ કરતા હતા તે દરમિયાન જ પિતાનું કેન્સરની બીમારી સબબ અવસાન થયા બાદ ટૂંકા સમયમાં માતા લલિતાબહેન જોશીનું પણ હાર્ટ એટેકના કારણે મૃત્યુ થયું. નવ ભાઇભાંડુમાં જૈમિનીબહેન ત્રીજા નંબરના. ઘરમાં આવી બીમારી જોઇને તેમને દર્દીઓની સેવા કરવાની પ્રબળ ઇચ્છા થઇ.

એને કારણે ઓલ્ડ એસ.એસ.સી. પાસ કરીને જામનગર સ્થિત ઇરવિન કોલેજમાં પરિચારિકાનો અભ્યાસ વર્ષ ૧૯૭૦માં કર્યો. ત્યાં જ ખાનગી દવાખાનામાં ત્રણ વર્ષ સુધી નોકરી કર્યા બાદ રાજ્ય સરકારની સેવામાં ૧૯૭૯માં જોડાયા. દાહોદમાં વિવિધ સરકારી દવાખાનામાં સારી રીતે ફરજ બજાવી. રાજ્ય સરકારની આ સેવા દરમિયાન તેઓને હજારો દર્દીઓને સાજા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.




રડતા રડતા દવાખાનામાં આવેલા દર્દીઓને ચહેરા ઉપર સ્મિત સાથે ઘરે મોકલ્યા. ખાસ કરીને દાહોદ જેવા આદિવાસીવાસી બાહુલ્ય વિસ્તારમાં જે તે સમયે આરોગ્ય વિષયક સેવાઓ અલ્પ હતી, તેવા સમયે જૈમિનીબહેનની લીમખેડા તાલુકામાં સેવા અનન્ય રહી. હજુ પણ અનેક લોકો સાથે તેમનો નાતો જળવાઇ રહ્યો છે.

તેમની તંદુરસ્તી પણ ગજબની છે. તેઓ આજે પણ ભાગ્યે જ લિફ્ટનો ઉપયોગ કરે છે. ફરજ દરમિયાન સ્ફૂર્તિથી સતત ચાલે છે. અને માત્ર એક જ ટાઇમ જમે છે. નખમાંય રોગ નથી. છે ને રસપ્રદ વાત ! કોરોનાકાળમાં આવા અનેક આરોગ્યસેનાનીઓ છે જે માનવ જિંદગી બચાવવા માટે દિનરાત તનતોડ મહેનત કરી રહ્યા છે. તેમની સેવાને બિરદાવી ઘટે ! ●

## થાકીશું તો કોરોનાને હરાવીશું કેવી રીતે...? - ચિરાગ પટેલ

"થાકીશું તો કોરોનાને હરાવીશું કેવી રીતે" આ શબ્દો છે ઊંઝા તાલુકા આરોગ્ય કચેરીમાં ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા ચિરાગ પટેલના. ઊંઝા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.શુક્લાના માર્ગદર્શનમાં છેલ્લા દોઢ વર્ષથી કોરોના સંબધિત કામગીરી કરતા શ્રી ચિરાગ પટેલના પરિવારમાં તેમની માતા લતાબહેન અને ધર્મપત્ની અર્ચનાબહેન પણ કોરોના સંબંધિત કામગીરી કરી રહ્યાં છે.

શ્રી ચિરાગ પટેલ અને તાલુકાની ટીમ દ્વારા દૈનિક 100થી વધુ RT-PCR અને રેપિડ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ચિરાગ પટેલ કોરોનાની પ્રથમ લહેરની પીક સમયમાં અમદાવાદ અને મહેસાણા ખાતે પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવી હતી. તેઓ આ ઉપરાંત કોવિડ કેર સેન્ટરમાં કામગીરી,વિદેશથી આવેલા નાગરિકોને ક્વોરેન્ટાઇન કરી તેમના સર્વેલન્સની કામગીરી સહિત ઊંઝા તાલુકામાં કોવિડ ડેટા રિપોર્ટીંગની કામગીરી કરી રહ્યા છે.



ચિરાગ પટેલે જણાવ્યું હતું કે ઘરે જતાં મારી ચાર વર્ષની દીકરી જીયાનાની સતત ચિંતા સતાવતી રહે છે પરંતુ એ જ સમયે અસંખ્ય નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા મને બળ પૂરું પાડે છે. નોંધનીય છે કે કોરોનાગ્રસ્ત થયા બાદ ચિરાગ પટેલ 5 દિવસમાં કોરોનાને માત આપી પુનઃ ફરજ પર હાજર થઇ ગયા હતા. ચિરાગ પટેલના પરિવારમાં તેમની માતા લતાબહેન અને પત્ની અર્ચનાબહેન શિક્ષકા છે જેઓ પણ સતત કોરોના સંબધિત કામગીરી કરી છે. ●

## રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં

# ૨૯૩૮ શિક્ષણ સહાયકોનું નવનિયુકત માનવબળ જોડાયું




શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે. શિક્ષક થકી સમાજને ઉત્તમ નાગરિક મળે છે.ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સમયસર શિક્ષકોની ભરતી થાય તે આવશ્યક છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નવી નિમણૂક પામેલા ૨૯૩૮ શિક્ષણ સહાયકોને નિયુકિત પત્ર એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ શિક્ષકના વ્યવસાયને નોબેલ પ્રોફેશન ગણાવતાં એમ પણ કહ્યું કે, આ વ્યવસાય મની મેકિંગ નથી પરંતુ સમાજની ઉચ્ચ સંસ્કાર યુકત ચારિત્ર્યવાન ભાવિ પેઢીનું ઘડતર કરવાનું ઉત્તમ સેવાદાયિત્વ આ વ્યવસાય પૂરું પાડે છે.

રાજ્યની શાળાઓમાં કોરોના દરમ્યાન શાળાઓ બંધ હતી પણ શિક્ષણ નહિ, શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓને કોઇ વિષયોના અભ્યાસમાં તકલીફ કે રુકાવટ ન આવે તે હેતુસર રાજ્ય સરકારે કોરોના સંક્રમણના કાળમાં પણ ફેઇસ લેસ પેપર લેસ-ટ્રાન્સપેરન્ટ ભરતી પ્રક્રિયા હાથ ધરી આ નવનિયુકત શિક્ષકોનું ચયન-પસંદગી ગુણવત્તાના ધોરણે કરી છે. શિક્ષણ વિભાગને આ માટે તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

પાછલા એક દસક-૧૦ વર્ષમાં રાજ્યની શાળાઓમાં ૧૪ હજાર જેટલા શિક્ષકોની ભરતી આ સરકારે કરી છે. ઓનલાઇન શિક્ષણનો નવતર અભિગમ અપનાવી રાજ્ય સરકારે કોરોના દરમ્યાન વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તેની પણ કાળજી લીધી છે. શિક્ષક સમુદાય કોરોના સંક્રમણ નિયંત્રણ કામગીરીમાં પણ કોરોના વૉરિયર્સ તરીકે જોડાયો તેની તેમણે પ્રસંશા કરી હતી.





મુખ્યમંત્રીશ્રીએ પ્રતીકરૂપે ગાંધીનગરમાં પાંચ નવનિયુકત શિક્ષકોને નિમણૂકપત્રો એનાયત કર્યા હતા. રાજ્યના જિલ્લા મથકોએ જિલ્લા કલેકટરો દ્વારા આવા નિયુક્તિ પત્રો અર્પણ થયા હતા. આ સમગ્ર કાર્યક્રમ વીડિયો લીન્ક દ્વારા જિલ્લા સ્તરે પણ પ્રસારિત થયો હતો.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્યના પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના હિતમાં રાજ્યવ્યાપી બ્રિજકોર્સ શરૂ કરવાની જાહેરાત કરતાં કહ્યું કે, માસ પ્રમોશન મેળવેલા વિદ્યાર્થીઓને પાછલા ધોરણના મુખ્ય વિષયોના અગત્યનાં પ્રકરણો સમજાવવા માટે આ બ્રીજકોર્સ આવશ્યક છે.

સામાન્ય રીતે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શીખવાની અને શિક્ષકને પ્રત્યક્ષ શિખવાડવાની આદત હોય છે. કોરોનાને કારણે વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણથી વંચિત રહ્યા છે અને માસ પ્રમોશન પણ મેળવ્યું છે ત્યારે શિક્ષકો બ્રિજકોર્સ થકી વિદ્યાર્તીઓને નવા વિષયો ભણવા માટે સજ્જ બનાવે તે જરૂરી છે. આજે જે વિદ્યાર્થી અગિયારમા ધોરણમાં છે તેણે ધોરણ ૯ અને ધોરણ ૧૦ની પરીક્ષા આપી નથી. શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે તે માટે બ્રીજ કોર્સ અતિ ઉપયોગી બની રહેશે

શિક્ષણ સચિવ ડૉ. વિનોદ રાવે જણાવ્યું કે, શિક્ષણ ક્ષેત્રે મેનપાવર મેનેજમેન્ટ અને ઇન્ફ્રાસ્ટ્રકચર ઇમ્પ્રૂવમેન્ટ રાજ્ય સરકારનો સંકલ્પ છે ત્યારે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧૮૦૦ શિક્ષણ સહાયકોને નિમણૂક હુકમ આપી દેવામાં આવ્યા છે અને આજે બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાના ૨૯૩૮ શિક્ષણ સહાયકોને નિમણૂક હુકમ એનાયત થયા છે. આ નિમણૂકને પરિણામે રાજ્યમાં ટીચર સ્ટુડન્ટ રેશિયો ૩૦:૧ થી પણ ઓછો આવશે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર ખાતે પ્રતિનિધિ શિક્ષકોને નિમણૂક હુકમ એનાયત કર્યા હતા. પસંદગી પામેલ શિક્ષકો પૈકી ૨ શિક્ષકોએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રતિભાવો રજૂ કર્યા હતા.

આ પ્રતિભાવોમાં આદિજાતિ ક્ષેત્ર છોટાઉદેપુર જિલ્લામાં નવી નિમણૂક મેળવનારા પૃથ્વીરાજસિંહે આટલી પારદર્શિતા અને ગુણવત્તાના ધોરણે થયેલી ભરતી માટે મુખ્યમંત્રીશ્રી-શિક્ષણ મંત્રીશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ રાજ્ય મંત્રી સુશ્રી વિભાવરીબહેન દવે, સંયુક્ત નિયામક શ્રી એચ. એન. ચાવડા ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ અને નિમણૂક પામેલા શિક્ષણ સહાયકો વર્ચ્યુઅલ માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાયા હતા. ●

# વૃક્ષોના જતનથી ખંભાળિયાને ગ્રીન રાખતાં મહિલા PSI





✎ **એચ. એ. ગોજિયા**

પર્યાવરણએ પંચમહાભૂતનું એટલે કે હવા, પાણી, જમીન, આકાશ અને અગ્નિનું બનેલું છે અને આપણા પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં કરેલા ઉલ્લેખ અનુસાર પંચમહાભૂત એ ઈશ્વરનો જ અંશ છે. પ્રકૃતિ એ એક માત્ર એવો ભગવાન છે જે વૃક્ષો, જમીન, પાણી તથા કુદરતી સુંદરતાના રૂપમાં નરી આંખે જોઈ શકાય છે અને જેના થકી જ આપણું અસ્તિત્વ છે. આપણે પ્રકૃતિનું સન્માન નહીં કરીએ તો પ્રકૃતિ આપણી કદર કરવાનું છોડી દેશે. કોરોનાકાળમાં સર્જાયેલી પરિસ્થિતિએ આપણને પ્રકૃતિનું મહત્ત્વ સમજાવ્યું છે. પ્રકૃતિ પ્રત્યેની આત્મીયતા એ જ પરમ સુઃખ છે આ શબ્દો છે મહિલા પોલીસ સબઈન્સ્પેક્ટર શ્રી આશાબહેન વદરના.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જામ ખંભાળિયા ખાતે રિઝર્વ પોલીસ સ્ટેશનમાં શ્રી આશાબહેન વદર મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યાં છે, અને તેમના પતિ ગિગન ભરતભાઈ ઓડેદરા બ્રિટિશ આર્મી સાથે જોડાયેલા છે. તેમને બાળપણથી જ પ્રકૃતિ પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તેઓ અભ્યાસ બાદ પોલીસ વિભાગમાં અમદાવાદમાં ફરજ બજાવ્યા બાદ છેલ્લાં બેએક વર્ષ પહેલા ખંભાળિયા રિઝર્વ પોલીસ સ્ટેશનમાં જોડાયાં. અહીંની પથ્થર મિશ્રિત વેરાન ભૂમિ જોઈ તેને હરિયાળી બનાવવાનો જાણે સંકલ્પ જ લઈ લીધો.

આશાબહેને પોલીસ સ્ટેશનને એક હરિયાળો બાગ બનાવવા માટે પોલીસ પરિવાર સાથે મળીને પથ્થરોની ભૂમિમાં માટીનું પુરાણ કરાવી વૃક્ષો વાવવાનું શરૂ કર્યું. પરંતુ એક તો આ પથ્થરોની ભૂમિ, એમાંય તે પાણીની અછત ! વૃક્ષોનું જતન કરવું તો કઈ રીતે એ મોટો પ્રશ્ન આશાબહેનની સામે આવી ઊભો થયો. આશાબહેન અને તેમના સ્ટાફે ફરજ બાદના સમયે સતત મહેનત કરી આસપાસના વાડી-વિસ્તાર ધરાવતા ખેડૂતોની મદદ મેળવી પાણી અને ખાતરની સહાય મેળવી વૃક્ષોનું જતન કરવાનું શરૂ કર્યું જેમાં તેમના પતિએ પણ ઉપયોગી સલાહ આપી સહકાર આપ્યો.

આજે પણ પાણીનું તળ ઊંચું લાવવા અને પર્યાવરણને બચાવવા તેમજ ગ્લોબલ વોર્મિંગ ઘટાડવા યોગદાન આપી રહ્યાં છે. તેમણે છેલ્લાં ૨ વર્ષમાં આશરે ૧૫૦૦થી વધુ વૃક્ષોનું જતન કરી મોટા કર્યાં છે. જેમાં ઉમરો, પીપળો, કણજી, વડલા (વડ), રાયણ, વાંસ, આંબળા, ગુલમહોર, સિસમ, ખાટી આંબલી, જાંબુ, લીંમડો, નાળિયેરી સહિતનાં અલગ-અલગ ફુલછોડ અને બાગાયતી વૃક્ષો વાવ્યાં છે.

આશાબહેને જણાવ્યું હતું કે, પર્યાવરણનો મુખ્ય ભાગ વૃક્ષ પર આભારી છે. વૃક્ષ થકી જીવન ઉજિયારા આથી પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો આવશ્યક અને અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ લઈ ઓક્સિજન એટલે કે પ્રાણવાયુ આપે છે, આથી પર્યાવરણનું રક્ષણ કરવું એ દરેક નાગરિકની જવાબદારી છે.

આ બાબતે વાત કરતા તેમના જ સ્ટાફના લોકરક્ષક વિજયસિંહ પરમારે જણાવ્યું હતું કે, અમે છેલ્લા ૯ મહિનાથી આશાબહેન સાથે જોડાયેલા છીએ. તેઓ દરરોજ સવારે અને સાંજે ફરજ સિવાયનાં સમયમાં વૃક્ષોનું જતન કરે છે. તેમની સાથે કામ કરતાં કરતાં અમને પણ પ્રકૃતિનું મહત્ત્વ સમજાયું છે. અમે અહીંયાં આશાબહેનના માર્ગદર્શન હેઠળ ગાય-ભેંસનું ગોબર એટલે કે, દેશી ખાતર એકઠું કરી વૃક્ષોની માવજત કરીએ છીએ. આશાબહેન હંમેશાં પ્રકૃતિનો આદર કરવો અને વૃક્ષોનું જતન કરવું તેમ કહેતાં હોય છે જેનો ખરો અર્થ આજે અમે વાવેલાં વૃક્ષો મોટાં થતાં જોઈ અમને સમજાય છે. જો લોકો પણ આવી જ રીતે વૃક્ષોનું જતન કરશે તો મને નથી લાગતું કે કોઈને એસીની જરૂર પડે. વૃક્ષારોપણ કરવું એ માનવજાતિ માટે ઉમદા કાર્ય બની રહેશે. આવો આજે સૌ સંકલ્પ લઈએ દર વર્ષે એક-એક વૃક્ષનું જતન કરીશું. ●

# જીતશે ગુજરાત, હારશે કોરોના



ગુજરાત ''પર મીલીયન રસીકરણ''માં દેશમાં પ્રથમ ક્રમે

રાજ્યના નાગરિકોને બે કરોડ ડોઝ આપવામાં આવ્યા

દૈનિક ત્રણ લાખ નાગરિકોનું રસીકરણ



માસ્ક પહેરો



હાથને વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો



બે મીટરનું અંતર રાખો

**ગભરાશો નહીં, થોડી સાવધાની, સૌની સલામતી, વેક્સિન અવશ્ય લગાવો**




R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. WPP PMG/HQ/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50. **48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦